ભવિષ્યનું નાણું અને નાણાંનું ભવિષ્ય | પૂર્ણિમા બર્મનઃ સારસને સમર્પિત જીવન | ગોબરમાંથી બનેલી ચિપને પેટન્ટ મળી

૧૭ ડિસેમ્બર, ૨૦૨૨ abhiyaanmagazine.com ₹ ૩૦-૦૦

અભિયાન



ગોવામાં યોજાયો ૫૩મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ

ડેટિંગ વેબઃ લવ, રોમાન્સ અને સપનાંઓનો ધંધો કરતાં દલાલો

VISIT…

21st CENTURY HOSPITALS PVT. LTD.

NIMAAYA
women's centre for health

આશાઓ સાકાર કરો, અમારા અનુભવથી.

www.nadkarniivf.info
www.nimaaya.com
e. hello@nimaaya.com

Making Little Miracles Everyday

Dr. Pooja Nadkarni Singh

21st Century Hospitals & Test Tube Baby Centre
51/b, Dawer Plaza, Nr. Savera Hotel, Station Rd., Surat-395003
e. nadkarnihospital@gmail.com | **t.** 0261-2490190/6729900

Nimaaya - Women's Centre for Health
An initiative by 21st Century Group of Hospitals
3rd Floor, Jash Bryant, Opp. Old RTO,
Ring Road, Surat-395001 | t. +91-261-6119900/2655190
5th Floor, Madhu's Icon, Nr. Yash Complex,
Gotri Road, Vadodara-390021 | t. +91-265-6839900

15 YEARS OF MIRACLES

૧૫૦૦૦+ ટેસ્ટ ટ્યુબ
બેબીસ છેલ્લા ૧૫ વર્ષોમાં

હવે વડોદરા માં

Designed by: www.studiokite.in

SINCE 1984 - SURAT | VALSAD | KILLA PARDI | VAPI | VADODARA

BEST EXCHANGE VALUE

A TATA PRODUCT

TANISHQ PRESENTS RIVAĀH

WEDDING JEWELLERY

Romance of Polki

Tanishq's new Polki collection is an ode to the event called wedding. Timeless at heart and with a contemporary charm, it is designed to flatter, yet appeal to all senses.

GET 100%* EXCHANGE VALUE ON YOUR OLD GOLD. VALID ON 22KT AND ABOVE, BOUGHT FROM ANY JEWELLER.

*T&C apply • Exchange offer is valid on our entire range of hallmarked jewellery with no minimum value • To locate your nearest store and know more on 6366920017 Buy online at tanishq.co.in or Download our App

Showroom: **Gujarat** - K.P. Platina, Opp. Vanijaya Bhavan, Near G E B Circle, Race Course Road, Vadodara. Tel: 2341989, 2981000; 101/201, Opp Bright School , V.I.P Road. Tel: 0265 2991000, 0265 2991400; No. 6 & 7, Silver Link Complex-B, Opp HDFC Bank, Link Road, Bharuch. Tel: 239411 / 12.

Scan QR code

સિદ્ધાંત અને નિયમ એકમેકથી જુદા છે

સામાન્ય માનવીઓ એક યા બીજા પ્રકારના પૂર્વગ્રહોને પોતાની માન્યતાના વાઘા ચઢાવે છે. હકીકતે આવી માન્યતા તેમના અહંકારનો જ ઝરૂખો હોય છે. આ અહંકાર અનેક મોઢે બોલતો હોય છે, રાવણની જેમ અહંકારને ઘણાં માથાં છે. "હું સિનેમા નથી જોતો, હું નાટક નથી જોતો, હું બજારની ચીજો નથી ખાતો, હું તીખું નથી ખાતો, હું ખાંડ નથી ખાતો, હું પાન નથી ખાતો, હું સિગારેટ નથી પીતો, હું તમાકુ ન જ ખાઈ શકું..." આ 'નથી'નો મહિમા અપાર હોય છે. તમારે શું ખાવું કે શું પીવું, શું જોવું કે શું કરવું તે તમારી પોતાની બાબત છે. તમને રુચે તેમ કરો. મુદ્દાની વાત એ છે કે તમે આ બધામાં જ ગુણોનો સાગર સમાઈ જાય છે તેવા ભ્રમમાં પડશો નહીં. આપણે બીજાના કાજી થતાં પહેલાં એટલું સમજવાની જરૂર હોય છે કે જિંદગી બધાને માટે એકસરખી ન્યાયી હોતી નથી, પણ માણસોને જિંદગીએ, સમાજે, સંજોગોએ ઘણો અન્યાય કર્યો હોય છે. કેટલાક માણસોને જિંદગી મનપસંદ વિકલ્પો આપતી હોય છે, બીજા ઘણાને જિંદગી એક જ માર્ગની સાંકડી કેડી ઉપર હાંકતી હોય છે. આવા માણસો પ્રત્યે આપણે ન્યાયના નામે, સત્યના નામે, સિદ્ધાંતના બહાને કઠોર થઈ શકીએ નહીં.

–ભૂપત વડોદરિયા **(આચમન પેજ નં.૫૯)**

ભૂપત વડોદરિયા

only books magazine

પંચામૃત

વ્યક્તિ તરીકે આપણે શું કરીએ છીએ એ આપણો પોતાનો નિર્ણય હોય છે, હોવો જોઈએ! પરંતુ આપણે જે માનીએ છીએ તે જ સત્ય છે અને અન્ય લોકોએ પણ એ મુજબ જ જીવવું - તો જ એ સાચા, એવું માનનારા તમામ લોકો જડ, રૂઢિચુસ્ત છે, સિદ્ધાંતવાદી નથી. સિદ્ધાંત અને જડતામાં ઘણો ફેર છે. સાચું બોલવું, પ્રામાણિક રહેવું, કોઈને દુઃખ ન પહોંચાડવું જેવી બાબતો સૈદ્ધાંતિક હોઈ શકે, પરંતુ કોણે શું ખાવું કે શું પહેરવું, પોતાના જીવનને કે કારકિર્દીને કઈ રીતે દિશા આપવી એ વિશે કોઈ 'સિદ્ધાંત' ન હોઈ શકે. નિયમ હોઈ શકે...

સમાજ નિયમો બનાવે છે, કારણ કે આપણી વ્યવસ્થા અને સામાજિક જીવનની પરંપરા જળવાઈ રહે. આ નિયમો એવા વ્યક્તિઓએ બનાવ્યા છે જેમણે દુનિયા જોઈ છે, જીવનનો અનુભવ અને સંબંધોની આંટીઘૂંટીમાંથી પસાર થયા પછી યોગ્ય અને અયોગ્યને એ બરાબર સમજ્યા છે. નિયમોને સમય-સમયાંતરે અપગ્રેડ કરવાની અને બદલવાની જરૂરિયાત પડતી હોય છે. બદલાતી પેઢીઓ સાથે જીવનશૈલી અને માનસિકતા બદલાય છે. શિક્ષણ, ઉછેર અને જીવનઘોરણની સાથે જો નિયમો બદલવામાં ન આવે તો એ રૂઢિચુસ્તતા તરફ લઈ જાય છે. ધીમે ધીમે આ નિયમો જડ થઈ જાય છે અને નવી પેઢી કે નવી માનસિકતા સાથે સમાજમાં ઉછરતાં સંતાનો એને માનવાની ના પાડે છે. એટલું જ નહીં, એને તોડવા તત્પર થઈ જાય છે.

'નથી' અથવા 'ન જ કરાય'ની જડ માનસિકતા પહેલાં વિરોધ અને પછી વિદ્રોહને જન્મ આપે છે. જે લોકો બીજાનો ન્યાય તોળવા ન્યાયાધીશ બને છે એ જ્યારે પોતાની ભૂલ થાય ત્યારે વકીલ બનીને સુફિયાણી દલીલો પેશ કરતા જોવા મળે છે. અહંકાર માણસ પાસે બિનજરૂરી દલીલ કરાવે છે. અહંકાર માત્ર 'તમસ' જ છે એવું માનવાની જરૂર નથી. સત્ત્વનો પણ અહંકાર હોય છે. પોતે કેટલા સારા અને સાચા છે, એ દેખાડવા માટે જે લોકો પોતાના 'સિદ્ધાંત'નો પ્રચાર કરે છે એ પણ અહંકારી જ છે. અન્ય વિશે નિર્ણય કરતાં પહેલાં એના સંજોગો, એની પરિસ્થિતિ અને એણે જીવેલા સંઘર્ષનાં વર્ષો સમજવા જરૂરી છે. આપણે જો સારી રીતે જીવી શક્યા તો એ માટે માત્ર આપણા સિદ્ધાંત નહીં, સંજોગો પણ અનુકૂળ હતા એ વાતને નમ્રતાથી સ્વીકારવી જોઈએ. સતત પોતાના 'સત્ત્વ' કે 'સારાઈ'નો પ્રચાર કરીને અન્યને નાના કે ખોટા સાબિત કરવાનો પ્રયાસ કરનાર દરેક વ્યક્તિ અહંકારમાં અંધ છે.

જે ખરેખર સિદ્ધાંતવાદી છે, એ તો જીવી બતાવે છે - એણે કહી બતાવવાની કે વારંવાર પોતાના 'સિદ્ધાંત'નો પ્રચાર કરવાની જરૂર જ નથી. સિદ્ધાંત અને નિયમ એકમેકથી જુદા છે. સિદ્ધાંતો સદીઓ સુધી ટકે છે - નિયમો સમય-સમયાંતરે બદલવા પડે છે.

કાજલ ઓઝા વૈદ્ય

only books magazine

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૧૭ ડિસેમ્બર **૨૦૨૨**
વર્ષ: ૩૮ અંક: ૨૭ સળંગ અંક: ૧૯૧૪

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : ઇમરાન દલ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૬૦૦/-
Foreign Subscription : Rs. 7250 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં ઈસ્યુ તારીખ** પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્કયુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૭૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ



૧૪ ડેટિંગ વેબઃ લવ, રોમાન્સ અને સપનાંઓનો ધંધો કરતાં દલાલો

જ્યારે ડેટિંગ એપ કે વેબની શરૂઆત થઈ ત્યારે પ્રારંભમાં તેના વિષે લોકોને શંકા રહેતી હતી, પરંતુ હવે તો લોકો જેના વિષે કશું જાણતા ન હોય તેની સાથે રાત ગાળવા તૈયાર થઈ જાય છે. ઓનલાઇન ડેટિંગ પ્લેટફોર્મ્સનો ઉપયોગ પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ કરે છે. 'સ્ટેટિસ્ટિક બ્રેઇન' સંસ્થાના રિપોર્ટ પ્રમાણે ડેટિંગ એપ કે વેબના યુઝરોમાં પુરુષોનું પ્રમાણ પચાસ ટકાથી વધુ અને સ્ત્રીઓનું પચાસ ટકાથી ઓછું છે.

૨૫ પૂર્ણિમાદેવીઃ પંખીનું અસ્તિત્વ બચાવવા જીવન સમર્પિત

૨૮ જ્યારે ગાયના ગોબરમાંથી બનેલી ચિપને પેટન્ટ મળી..

૩૦ ૫૩મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ

૧૦ કાયમ વિરોધ, સદૈવ આસુરીવેડા?

૨૩ ભવિષ્યનું નાણું અને નાણાંનું ભવિષ્ય

ફેમિલી ઝોન

૩૬ કવેળા પ્યુબર્ટી પીરિયડ ચિંતાનો વિષય

નિયમિત કોલમ

૦૪ પંચામૃત
૦૮ રાજકાજ
૩૮ લાફ્ટર વાઇરસ
૪૧ વિઝા વિમર્શ
૪૨ નવલિકા

only books magazine



સુરતી ઉંધિયુ

કાઠિયાવાડી ઉંધિયુ

રસોઇ માટે તૈયાર...

શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

ઉંધિયા મસાલા

માત્ર શાકભાજી, પેકેટનો મસાલો અને સીંગતેલ વાપરી બનાવો સ્વાદિષ્ટ ઉંધિયુ...

ઉંધિયાના બે અનોખા સ્વાદ...

સુરતી ઉંધિયાનો મસાલો (ગ્રીન)
(અસલ સુરતી સ્વાદ)
સુરતી રવૈયાના શાક માટે પણ ઉપયોગી

સ્પેશીયલ ઉંધિયાનો મસાલો (રેડ)
(અસલ કાઠિયાવાડી સ્વાદ)

NO onion garlic | NO tuber-roots | 100% natural product

IMAGE MAKER-09327020557

હવે ઑનલાઈન શૉપિંગ કરો... www.shriharimasala.com

CUSTOMER CARE : 94092 00015 / 90235 48349

Mfg. by: **SHRI HARI MASALA**, Guj., INDIA. AN ISO 22000 CERTIFIED CO. E-mail: shriharimasalahalol@gmail.com / E-mail: mktg@shriharimasala.com

પાક.ના નવા લશ્કરી વડાએ પોત પ્રકાશ્યું

પાકિસ્તાનના નવા લશ્કરી વડા જનરલ આસિમ મુનીરે પોતાનું પદ ગ્રહણ કરતાની સાથે જ ભારતને જડબાતોડ જવાબ આપવાની વાત કરી છે. હોદ્દો સંભાળ્યા પછી તેમની સૌ પ્રથમ મુલાકાત પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરની હતી અને ત્યાં તેમણે એવું કહ્યું કે, જો તેમના દેશ પર હુમલો થશે તો પાકિસ્તાની સેના તેની જમીનની એકેએક ઈંચનું રક્ષણ કરશે. એટલું જ નહીં તો સેના યુદ્ધ માટે પણ તૈયાર છે.

તાજેતરમાં ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે એવું કહ્યું હતું કે, ગિલગિટ અને બાલ્ટિસ્તાન ભારતના ભાગ છે. એ જ રીતે, આર્મી કમાન્ડર લેફ. જનરલ ભૂપેન્દ્ર દ્વિવેદીએ પણ તાજેતરમાં એવું નિવેદન કર્યું હતું કે, પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરને ભારતમાં ભેળવવા માટે સૈન્યને સરકારના આદેશનો ઇન્તેજાર છે.

ભારતના આવા નિવેદનોના જવાબમાં પાકિસ્તાનના લશ્કરી વડાએ આવી પ્રતિક્રિયા આપી છે. જનરલ મુનીરે ભારતને આપેલી ધમકી પાકિસ્તાનની આંતરિક સમસ્યાઓથી ત્યાંના લોકોનું ધ્યાન બીજે વાળવાના પ્રયાસરૂપ છે.

વાસ્તવમાં, હાલના સમયે પાકિસ્તાન પર વિઘટનકારી સંગઠનોનો ખતરો તોળાઈ રહ્યો છે. પાકિસ્તાન તેના પર અંકુશ રાખી શકતું નથી. પાકિસ્તાનના કાર્યરત્ આ આતંકી સંગઠનોમાં તહેરિક-એ-તાલિબાન (ટીટીપી)નો સમાવેશ થાય છે.

પાકિસ્તાને ગત જૂન માસમાં આ સંગઠન સાથે યુદ્ધવિરામની સમજૂતી કરી હતી. પાકિસ્તાનમાં મુજાહિદ્દીનો વિરુદ્ધ સૈન્યના અભિયાનથી નારાજ ટીટીપીએ જનરલ મુનીર હોદ્દો સંભાળે તેના એક દિવસ પહેલાં આ સમજૂતીનો ભંગ કરીને પાકિસ્તાનમાં આતંકી હુમલા શરૂ કરવાનું ફરમાન જાહેર કર્યું છે.

બીજી બાજુ, અફઘાનિસ્તાનનું આતંકી સંગઠન આઈએસકેપી પણ પાકિસ્તાન માટે શિરદર્દ સમાન બની રહ્યું છે. આ સંગઠને ગયા શુક્રવારે કાબુલમાં પાકિસ્તાનના દૂતાવાસ પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી. પોતાની ધરતી પર ત્રાસવાદી સંગઠનોને ઉછેરનાર પાકિસ્તાન સમક્ષ હવે ટીટીપી અને આઈએસકેપી જેવા ત્રાસવાદી સંગઠનોનો પડકાર ઊભો થયો છે, ત્યારે પાકિસ્તાનના લશ્કરી વડાએ ભારત વિરુદ્ધ નિવેદનો કરવાને બદલે પાકિસ્તાનના આંતરિક મોરચે સર્જાયેલા પડકારો માટે સજ્જ થવું જોઈએ.

મુનીર ૨૦૧૮ના પુલવામા એટેકના માસ્ટર માઇન્ડ છે એ ભારત જાણે છે. પુલવામાના હુમલાનો ભારતે કેવો જવાબ આપ્યો હતો એ પણ તેઓ જાણતા હશે

પાકિસ્તાનની આર્થિક હાલત યુદ્ધ લડી શકે એવી નથી એ સમગ્ર દુનિયા જાણે છે. આર્થિક રીતે બરબાદ થઈ ગયેલા અને વિશ્વ બિરાદરીમાં દેવાળિયા દેશ તરીકે સ્થાપિત થયેલા પાકિસ્તાનને તેના આર્થિક વ્યવહારો માટે બહારથી આર્થિક મદદ મેળવવા માટે દર દર ભટકવું પડે છે.

પાકિસ્તાનની આવી હાલતથી મુનીર અજાણ નહીં જ હોય. આવી સ્થિતિમાં કોઈ દેશ અને તેના લશ્કરી વડા યુદ્ધના બણગા ફૂંકવાની લક્ઝરી ભોગવી શકે નહીં. મુનીર સ્વભાવગત રીતે જ કટ્ટર ભારત વિરોધી છે. એ તો ભારત પણ જાણે છે.

ભારત સાથે યુદ્ધ કરવાથી પાકિસ્તાનની હાલત શું થાય, તેની કલ્પના પણ મુનીરે કરી લેવી જોઈએ. મુનીર ૨૦૧૮ના પુલવામા એટેકના માસ્ટર માઇન્ડ છે એ ભારત જાણે છે. પુલવામાના હુમલાનો ભારતે કેવો જવાબ આપ્યો હતો એ પણ તેઓ જાણતા હશે. એથી પાકિસ્તાનના લશ્કરી વડા બન્યા પછી તેઓ એવું કોઈ નવું દુઃસાહસ નહીં કરે એટલી જ અપેક્ષા રહે છે. મુનીરના તાજેતરનાં વિધાનો અને તેમના ભૂતકાળને લક્ષમાં રાખીને ભારતે પાક. સૈન્યની હિલચાલ પ્રત્યે વધુ સાવધ રહેવું પડશે. જ્યાં સુધી ભારતના સંરક્ષણ પ્રધાનના નિવેદનનો પ્રશ્ન છે ત્યાં સુધી રાજનાથસિંહે ભારતની પરંપરાગત નીતિનું જ બયાન કર્યું છે અને જે હકીકત છે તેને ઉજાગર કરી છે, આવું નિવેદન એ કાંઈ નવી વાત નથી. ભારત સતત એ વાતને દોહરાવતું રહ્યું છે કે, પાકિસ્તાનના કબજામાં રહેલું કાશ્મીર તેમ જ ગિલગિટ અને બાલ્ટિસ્તાન એ ભારતના જ પ્રદેશો છે, જે પાકિસ્તાને ગેરકાયદેસર રીતે કબજે કરેલા છે અને એ પ્રદેશ ભારત ગમે ત્યારે પાછા મેળવીને રહેશે.

આ વાત પાકિસ્તાને યાદ રાખવી પડશે. ■

only books magazine

હરિયાણામાં નેતૃત્વ પરિવર્તનનો સમય પાકી ગયો છે?



હરિયાણાના મુખ્યપ્રધાન મનોહરલાલ ખટ્ટરે તાજેતરમાં આરએસએસના કેટલાક હોદ્દેદારો અને પ્રચારકોને તેમના નિવાસસ્થાને ચા-નાસ્તા માટે આમંત્રિત કર્યા હતા.

મનોહરલાલ ખટ્ટર પોતે એક સમયે આરએસએસના પ્રચારક હતા. સંઘના પ્રચારક અધિકારીઓએ ખટ્ટરની પ્રશંસા કરી. એટલું જ નહીં, પરંતુ હરિયાણામાં લાંબા સમય સુધી એટલે કે લગભગ આઠેક વર્ષ સુધી સફળતાપૂર્વક શાસનતંત્ર સંભાળવા બદલ ખટ્ટરને અભિનંદન આપ્યા. તેમાંના એક પ્રચારકે એવો ઉલ્લેખ કર્યો કે, શાસનના આઠ વર્ષ પૂરા કરનાર ખટ્ટર હવે આગામી સમયમાં હરિયાણાના ત્રણ પુરોગામી મુખ્યપ્રધાનો, જેમને ત્રણ લાલ તરીકે ઓળખવામાં આવે છે. તેમનો પણ રેકોર્ડ તોડવા જઈ રહ્યા છે. હરિયાણાના આ ત્રણ લાલ પૂર્વ મુખ્યમંત્રીઓમાં દેવીલાલ, બંસીલાલ અને ભજનલાલનો સમાવેશ થાય છે. પ્રચારકોના મુખે પોતાની આવી પ્રશંસા સાંભળી રહેલા ખટ્ટરે તેઓને પ્રતિભાવ આપતા કહ્યું કે, તેમની યોજના કોઈ રેકોર્ડ તોડવાની નથી અને તેઓ કોઈ રેકોર્ડ તોડવા જઈ રહ્યા નથી. વાસ્તવમાં, ખટ્ટરને એવી દહેશત છે કે, આગામી થોડા સમયમાં રાજ્યમાં નેતાગીરી બદલવામાં આવશે અને તેઓને મુખ્યપ્રધાન પદ છોડવું પડશે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને પૂછ્યું હતું કે, તેઓ ખુશ છે કે નહીં? ખટ્ટર એક સમયે જ્યારે નરેન્દ્ર મોદી હરિયાણાના પ્રભારી હતા ત્યારે તેમની સાથે એક જ મકાનમાં રહ્યા હતા એટલે તેઓ મોદીના સ્વાભાવને અને તેમની કાર્યપદ્ધતિને સારી રીતે જાણે છે. મોદીએ જ્યારે તેમને તેઓ ખુશ છે કે કેમ? એવું પૂછ્યું ત્યારે ખટ્ટરે જવાબમાં એવું કહેલું કે, 'હરિયાણાના મુખ્યપ્રધાનપદે તેમની પસંદગી કરીને તેઓએ રાજ્યના લોકોની સેવા કરવાની એક ઉમદા તક તેમને આપી, તે બદલ તેઓ તેમના ખૂબ ખૂબ આભારી છે.'

ખટ્ટર જાણે છે કે મોદી જ્યારે આ રીતે ખબરઅંતર પૂછે, ત્યારે તેનો સંકેત શું હોય છે? રાજ્યમાં નેતૃત્વ બદલવાનો સમય પાકી ગયો છે, એવો મોદીનો ઈશારો તેમાં નિહિત છે, એવું સમજતાં ખટ્ટરને વાર લાગી નહીં અને એટલે ખટ્ટર હવે ગમે ત્યારે મુખ્યપ્રધાન પદ છોડવાની માનસિક તૈયારી કરીને બેઠા છે.

ગત સપ્તાહે રાજ્યની જિલ્લા પરિષદોની ચૂંટણીનાં પરિણામો નિરાશાજનક આવ્યાં છે. તેનાથી મોદી સમજી ગયા છે કે, ભાજપશાસિત આ રાજ્યમાં હવે બધું બરાબર ચાલતું નથી અને હવે પરિવર્તનનો સમય પાકી ગયો છે.

આમ, હરિયાણામાં ગમે ત્યારે નેતૃત્વ પરિવર્તન થાય તો તે આશ્ચર્યજનક નહીં ગણાય. ■

રાજસ્થાન કોંગ્રેસના આંતરિક રાજકારણમાં હંગામી શાંતિ

રાજસ્થાનમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પહોંચી ગઈ છે. યાત્રા પહેલાં રાજ્યમાં કોંગ્રેસના આંતરિક રાજકારણમાં જે ઘમસાણ જોવા મળ્યું હતું, તે અત્યારે શાંત દેખાય છે. તેનું કારણ એ છે કે, કોંગ્રેસની નેતાગીરીએ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી વેણુગોપાલને દૂત બનાવીને રાજસ્થાન મોકલી દીધા હતા. જયપુર પહોંચેલા વેણુગોપાલે પ્રદેશ કોંગ્રેસના તમામ નેતાઓને ખાનગીમાં સારી રીતે સમજાવી દીધા હતા કે, રાજ્યમાં રાહુલ ગાંધીની યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય કે અજુગતી ઘટના પક્ષમાં બનવી જોઈએ નહીં અને યાત્રા હેમખેમ પાર પડવી જોઈએ. તે પછી, પક્ષના કેટલાક વરિષ્ઠ નેતાઓને રાજસ્થાનના નેતાઓ સાથે સતત સંપર્ક જાળવી રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

મુખ્યપ્રધાન અશોક ગેહલોતે નવી ચાલાકી અજમાવી અને કોંગ્રેસ રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન ન કરે અને પોતાને હટાવે નહીં, એ માટે જુદા પ્રકારે કામ કરવાનું ચાલુ રાખ્યું.

તેમણે રાજ્યની વાર્ષિક મહેસૂલી આવકમાં વધારો થાય એવા પગલાં લીધા. એટલું જ નહીં તો તેમણે જૂની અધૂરી રહેલી યોજનાઓના ઉદ્ઘાટન શરૂ કર્યા છે. આવી એક યોજના માનસરોવર પાર્કની છે, જેનું તેમણે ઉદ્ઘાટન કર્યું.

અશોક ગેહલોતને બીજા બધાં કરતાં સૌથી વધુ ઓળખનાર રાજસ્થાનના પ્રભારી રહેલા મહામંત્રી અજય માકને રાજ્યના પ્રભારી પદેથી રાજીનામું આપીને સાવચેતીપૂર્વક રાજસ્થાનની જવાબદારીમાંથી છુટકારો મેળવી લીધો છે અને હવે રાજસ્થાનમાં સંગઠનાત્મક સ્તરે કોઈ પણ પગલાં લેવાની જવાબદારી રાષ્ટ્રીય પ્રમખુપદે ચૂંટાયેલા મલ્લિકાર્જુન ખડગેની બની ગઈ છે.

ગેહલોત અને સચિન પાયલટ વચ્ચેના સંઘર્ષમાં કોંગ્રેસ નેતૃત્વ તત્કાલ નિર્ણાયક રીતે પગલાં લેવાનું મુનાસિબ માને એવું લાગતું નથી. અશોક ગેહલોત ગત સપ્તાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચાર ઝુંબેશમાં વ્યસ્ત દેખાયા હતા.

રાજસ્થાનમાં ગત સપ્તાહે કોંગ્રેસના આંતરિક રાજકારણમાં ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે સધાયેલી ખાનગી સમજૂતી અથવા તો સમાધાન માટેની ફોર્મ્યુલા કેટલો સમય ટકી રહેશે? તે જોકે સવાલ છે. હકીકતમાં આ સમાધાન શિસ્તભંગનાં પગલાં ટાળવા માટેનો વ્યૂહ હોવાનું સ્થાનિક સ્તરે કોંગ્રેસના લોકો માની રહ્યા છે.

યાત્રા રાજસ્થાનમાંથી વિદાય લે એ પછી શું થાય છે એ જોવાનું રહેશે...! ■

કાયમ વિરોધ, સતત નકારાત્મકતા, સદૈવ આસુરીવેડા?

જગતમાં કોઈ કોઈનું 'ને કોઈનું કશું નથી, કુલ બધાં 'ને પૂર્ણ બધું સૌનું સાથે છે
જીવનમાં તમસના અંધકારનું રાક્ષસી મિશન બીજું નહીં, બીજાનું નહીં કરવાનું છે

ચૂંટણીની આસપાસ તેમ જ ચૂંટણીની તારીખ જાહેર થઈ એ પહેલાંનાં પાંચ વર્ષ દરમિયાન અમુક નેતાઓ 'ને પ્રજાના અમુક ભાગની માનસિકતામાં જે ખાસ અભ્યાસ કરવા જેવો મુદ્દો છે તે છે કટ્ટર વિરોધવૃત્તિ કે નિષેધવાદ. અમેરિકાની જેમ આપણી લોકશાહીમાં ચૂંટણી કેવળ બે જ પક્ષ વચ્ચેની બાબત નથી. આ વખતે ગુજરાતમાં ત્રીજો પક્ષ આવ્યો છે એવું ઘણા માને છે. જાણનારા જાણે છે કે અગાઉ પણ બે કરતાં વધુ પક્ષ ગુજરાતમાં ચૂંટણી લડી ચૂક્યા છે. હજુ ભવિષ્યમાં કેટલીય ચૂંટણી આવશે, પણ જીવનમાં તો વર્ષોથી રોજ ચૂંટણી ચાલે છે. સાચા 'ને ખોટા વચ્ચે. સારા 'ને ખરાબ વચ્ચે. કામનું 'ને નકામું વચ્ચે. ધર્મ એવમ આધ્યાત્મમાં બે વિપરીત ધ્રુવ વચ્ચેની અવઢવ સાથે જોડાયેલો શબ્દ છે દ્વૈત. પોઝિટિવ 'ને નેગેટિવ સામાન્ય રીતે જીવનમાં મોટા ભાગના મન માટે સ્પષ્ટ હોય છે, પણ જીવનમાં ઘણી વાર અસમંજસની સ્થિતિ થાય છે કે કઈ દિશા હકારાત્મક 'ને કઈ દિશા નકારાત્મક. જોકે ઘણા મનુષ્યોને સહેજ પણ કનફ્યુઝન નથી થતું કે કઈ બાજુ જોવું 'ને કઈ બાજુ ના જવું. એ જીવો એક કે બીજી રીતે કટ્ટર નકારાત્મકતા ધારણ કરી બેઠાં હોય છે, કે પછી કટ્ટર નિષેધાત્મકતાએ એમના પર ડેરો નાખ્યો હોય છે.

નેગેટિવિટી અર્થાત્ નકારાત્મકતાનો અર્થ સિમ્પલ 'ને સ્ટ્રેટ છે કે જે છે અથવા જે લાગે છે તેની જોડે અસંમત થવું કે પછી એથી આગળ વધી વિરોધ કરવો. એવું સતત કરવું કે મોટા ભાગે કરવું. જી, સામાન્ય ભાષામાં આ માનસિક રોગ કે સમસ્યા કહેવાય. આવી માનસિક સ્થિતિને જે કશું પણ સારું હોય તે જો "મારું" 'ને 'મારા' લાગતાં હોય એમનું હોય તો એ જે સારું લાગતું હોય તેની તકલીફ નથી હોતી. આમાં સારું હોય તેનો અર્થ સારું લાગતું હોય તેવો થતો હોય છે. ના, બધાંને સારું હોય એ સારું લાગે એવું નથી જ હોતું. મારું તેમ જ અમારું વિરુદ્ધ બીજાનું 'ને બીજા બધાંનું જ્યાં નાની-મોટી દરેક બાબતમાં અખંડ હોય ત્યાં ખરેખર સારું કોને કહેવું એ પ્રશ્ન થઈ શકતો હોય છે. વ્યક્તિગત મત પે પસંદગીની અવઢવ આખી અલગ જ બાબત છે. કોઈને તીખું ભાવે કે કોઈને ઠંડી ગમે એ લાઈકિંગ 'ને ડિસલાઈકિંગની મેટર જુદી જ

હોય છે. પોતાના માટે ખરેખર સારું શું 'ને ખરાબ શું એ સમજવા સાચું શું 'ને ખોટું શું એ જાણવું 'ને સમજવું જ પડે. તંદુરસ્તી માટે તીખું ગેરલાભકર્તા હોય કે ઠંડી નુકસાનજનક હોય તો સમજ બદલવી જ જોઈએ.

ભારતની બહાર જન્મેલા ધર્મમાં ગોડની સામે પ્રતિ ધ્રુવ પર લગભગ ગોડ જેવો તાકાતવર 'ને સમકક્ષ ડેવિલ છે જે શેતાન તરીકે પણ ઓળખાય છે. એવિલ કે ઈવિલ અલગ. આપણે સાધારણ ભાષામાં જેને અસુર કહીએ એ ભિન્ન. એ બધા ધર્મ મુજબ જેમ ઈશ્વર એક છે તેમ શેતાન કે ડેવિલ કુલ એક છે. આપણે ત્યાં ભારતીય પૃષ્ઠભૂમિમાં પાંગરેલા સનાતનત્વ અનુસાર ઈશ્વર એક છે 'ને તેના અવતાર કે સ્વરૂપ ઘણાં બધાં છે. ઈશ્વરની પેરેલલ પાવરફુલ કોઈ નથી. ઈશ્વર નાયક છે તો તેમની સામે પડેલા ખલનાયક કોઈ નથી. ઈશ્વરના અવતારના દુશ્મન જેવા ખરા. આપણે ત્યાં ડિમોનિક કે આસુરી શક્તિ જે પણ છે તે દેવો જેને અંગ્રેજીમાં ડેમિગોડ કહે છે તેમની ઓપોઝિટ 'ને તેમના લેવલ પર છે. ઈશ્વર તો ગુડ એટલે કે દેવ 'ને બેડ એટલે કે દેવોના શત્રુઓની ઉપર છે, એ બંનેથી પર છે.

અત્રે મુદ્દો છે ઇન્સાનમાં જીવતા અસુરોનો. કે પછી ઇન્સાનમાં સક્રિય હોય છે તે અસુરત્વનો. આસુરીપણું સ્થિતિ છે. જીવનના ભાગની અથવા સમયના ભાગની અથવા વ્યક્તિત્વના ભાગની. દરેક જીવ એવમ મનુષ્યમાં આસુરીતા હોય જ છે. સવાલ એ છે કે એ આસુરીતા સામે દેવત્વ કે દિવ્યતા કેટલી સક્રિય છે? ત્રાજવાનું પલ્લું કઈ તરફ ઢળે છે એટલે કે દેવ તરફી વજન વધુ છે કે દેવોના વિરુદ્ધમાં વજન વધારે છે. દેવતા અવસ્થા કન્ફર્મ સ્ટેજ છે. દેવોની વિરુદ્ધમાં જે કશું કે જે કોઈ હોય છે તે તરલ 'ને વાયુમય હોય છે. બેશક એમનામાં અસામાન્ય જડતા ભરેલી હોય છે. એમની ભીતર પરિવર્તન ના પામવાનો નિર્ણય પાયામાં અત્યંત મજબૂતાઈથી ઠોકાયેલો હોય છે. દેવત્વ વધુ હોય એમનામાં પણ ક્યાંક કે ક્યારેક બદલાવું નથી એ વૃત્તિ હોય જ છે, પરંતુ ફરક એ કે

એમની એ વૃત્તિ પરિવર્તનશીલ હોય છે કેમ કે નથી જ બદલાવું એ નિર્ણય લઈને બેઠાં નથી હોતાં. એ બીજાને અથવા સમય યા સ્થિતિને બદલવા એવા ધમપછાડા નથી કરતાં કે જેનાથી એમનું બદલવું કે ના બદલવું અંગેનું મૂળ જ માર્યું જાય. દેવ સાઈડ એવી છે જે જાણે છે કે શું બદલવું ના જોઈએ 'ને જે કશું બદલવું ફરજિયાત હશે એ ઈશ્વર કે સમય બદલશે.

સમાજ, ધંધા 'ને રાજકારણમાં આ માપદંડથી જુઓ તો ઘણું સ્પષ્ટ પિક્ચર દેખાશે. વેપાર આગળ વધારવા અમુક નાના કહેવાતા 'ને આપણી નજીકના હોય એવી વ્યક્તિઓ કોઈ પણ કક્ષાએ ઊતરી જાય. સમાજ વિષે વધુ કહેવા જેવું નથી, ફક્ત એટલું જ કે અમુક સમાજના લોકો જે મુદ્દે અન્ય તમુક સમાજને ગાળ દેતા હોય છે એ મુદ્દે પોતાના ધારાધોરણ અલગ રાખે છે, પરંતુ આ બધાંથી વિશેષ 'ને વિકૃત રીતે સૌના જીવનને અસર કરે છે રાજકારણીઓ 'ને એમને સક્રિય ટેકો આપનારા માણસો 'ને માનસો. શું આપણને જે રાજકારણી પસંદ પડ્યા છે તેમનામાં કેટલી નકારાત્મકતા ભરી છે એ આપણે ચેક કર્યું છે? કેટલી નેગેટિવિટી? એ ક્યારે પોઝિટિવ થાય છે 'ને એ પોઝિટિવિટીથી કેટલાં પર્સન્ટેજ ઓફ પીપલને લાભ થાય એમ છે? એ નકારાત્મકતા ઓકે છે ત્યારે વી ધ પીપલના સારા માટે 'ને વી ધ પીપલ તરફથી બોલે છે કે કેવળ એવું શો કરે છે? પાસ્ટ ટ્રેક શું કહે છે? આપણે આપણા વ્યક્તિગત ફાયદા-નુકસાન 'ને ગમા-અણગમા બાજુમાં મૂકીને અભ્યાસ કરી શકીએ તો જ ખરો વિવેક જાગૃત થાય 'ને કોનામાં વિવેક ઓછો છે એ ક્લિયર થાય, બાકી નહીં.

આપણે આપણા વ્યક્તિગત ફાયદા-નુકસાન 'ને ગમા-અણગમા બાજુમાં મૂકીને અભ્યાસ કરી શકીએ તો જ ખરો વિવેક જાગૃત થાય 'ને કોનામાં વિવેક ઓછો છે એ ક્લિયર થાય, બાકી નહીં

તટસ્થતા, વાસ્તવિકતા 'ને વ્યવહારુતા જોવી પડે. બાકી આદર્શના અસ્તર હેઠળ દે ઠોક મોટી વાતો કરવી એ ખરેખર મોટી વાત નથી. એવી વાતો કરો જે કદી આકાર જ ના પામી શકે તો ક્યારેય પોતાનો વાંક આવે જ નહીં કે તમે આમ ના કર્યું. કેમ કે એ કરવું શક્ય હોતું જ નથી. ઈમ્પ્રેક્ટિકલ 'ને અનરિઅલિસ્ટિક હોય એવી વાતો નિષ્પક્ષ યાને ન્યૂટ્રલ ના કહેવાય કેમ કે ન્યૂટ્રલ જે હાલમાં ધન 'ને ઋણ છે તેની મધ્યની દશા છે. એવી શેખચલ્લીની ગુલબાંગ વાતોને પોઝિટિવ વાતો ના કહેવાય. તમે તમારા કર્મના ફળ સ્વરૂપ બે ટંકનું ભોજન 'ને બે વખતનો ચા-નાસ્તો ગ્રહણ કરતાં હો 'ને તમને કોઈ આદર્શવાદી સમજાવ્યા જ કરે કે તમારે અઠવાડિયામાં બે વારનું ભોજન ના લેવું જોઈએ 'ને બીજાને આપવું જોઈએ તો? ગાંધીજીને આઠ સો ચોરાણું વાર વંદન, પણ જો ભાગલા પછી નક્કી કર્યાથી વધારે પૈસા ભાગલા પછીના ભારતે પાકિસ્તાનને આપ્યા હોત તો પાકિસ્તાને આતંકવાદને ઉછેર્યો ના હોત? એ આપણા તરફથી પાકિસ્તાનને છેલ્લું દાન હોત? એમાં પણ પછી અવાસ્તવિક ગણતરી જ કરવાની? ઊંચા અર્થશાસ્ત્રીઓ આદર્શવાદી ગણતરીમાં માને કે જે હકીકત હોય તે જુએ? દુકાન પરથી નમક ખરીદો એ પછી ભવિષ્યનો લીલોછમ આદર્શ આપી શકશો?

શ્રીલંકા ખુવાર થઈ ગયું. બ્રિટન અડીઘડી પ્રાઇમ મિનિસ્ટર બદલતું થઈ ગયું. અમેરિકામાં ભાવ ધારો જાણ્યો? શું અમેરિકામાં જીવે છે એ બધાં ડેવિલનાં સંતાનો છે? એ પણ માનવીઓ જ છે, પણ ખોટા દેખાડાના ધતિંગ પાછળ પાશવી રાજકારણ રમવા 'ને પોતાના તેમ જ પોતાના જે કોઈ છે તેમના હિત માટે યુક્રેનને કેટલા બિલ્યન્સ ડૉલર્સની 'મદદ' કરી. યુક્રેન કેટલો ભ્રષ્ટાચારી દેશ છે તેનો ઇતિહાસ જુઓ. ક્યાં ગયા એ માનવતાની 'હેલ્પ' કહેવાતા ડૉલર્સ? એ પ્રકારના ટેસ્ટી જેન્ટલમેનોએ ઇરાક 'ને અફઘાનિસ્તાનમાં હકીકત એમની

રિયાલિટી એટલે કે નેગેટિવિટી જ વરસાવી હતી. ભારત પર બહારથી આવીને રાજ કરનારા ભારતનું કોઈ રીતે ભલું કરવા આવ્યા હતા કે પોતાનું ભલું કરવા? આ ઉદાહરણ હતાં. આદર્શની સુગંધીદાર પુષ્પોથી લચેલું મધુ ભરેલું કામદેવનું બાણ બીજાના ખભે રાખી ત્રીજા પર ચલાવવું સુંદર ભાસે. હશે. આપણી વાતનો મેઈન ફોકસ નોખો છે.

જે હાર્ડકોર એવમ એક્સ્ટ્રિમ નેગેટિવ માણસ 'ને માનસ છે એમને ઈમ્પોસિબલ 'ને ઈમ્પ્રોબેબલ સિદ્ધાંતોની વાર્તાઓ હાંકવાની બહુ ગમે. નશો. બંધાણ. એમને એવું કર્યા વિના છૂટકો જ નથી. આત્મઘાતી હુમલાખોરોને એ મરી જાય પછી જે મળશે એ માટે કેવાં કેવાં રોઝી ડ્રીમ એમના ભેજામાં વાવવામાં આવે છે? નકારાત્મકતાની અંતિમતા હોય 'ને પોસવી હોય એટલે એને બેલેન્સ કરવા રિયલમાં એટલી જ તીવ્રતાની સારાઈ અપનાવી શકાય? એ બેલેન્સ કેવળ કમ્પ્લીટ સાઇકોટિક ઇમેજિનેશન વડે જ બેલેન્સ થાય. બેકાબૂ નકારાત્મક અભિગમવાળા તત્ત્વની સામેના ધ્રુવ પર બિરાજમાન નોટો પણ નોંધનીય છે. કોઈની વ્યક્તિગત વાત નથી, પણ શહેરોમાં અવારનવાર કાને પડતી વાતનું ઉદાહરણ લઈએ તો વર્ષોથી પાતળો બાંધો હોય એવા કહેશે કે હું ઘી નથી ખાતો કેમ કે ડાયેટ કરવું પડે. એ દોઢ ડહાપણમાં ઉમેરો કરનારા સળંગ ડાહ્યા કોલસ્ટેરોલનું કહેશે. એમને ભાન નથી કે અમુક કોલસ્ટેરોલ શરીર માટે સારું 'ને ફરજિયાત છે. વધુ શું કહેવું? ખુદ કો બહેલાને કે લીયે યે ખ્યાલ અચ્છા હૈ ગબાભાઈ.

એવો પોઝિટિવ કે આદર્શવાદ પણ તદ્દન નકામો કે જેમાં વધુ સુધરવાની, મહેનત ના કરવાની જીદ હોય. ટેક્સ ઓછા કરી 'ને ડેવલપમેન્ટ કે પ્રોગ્રેસ કમ કરવાનું લોજિક જેણે પોતે પૈસા બચાવવા છે એમને સ્વાદિષ્ટ તેમ જ સાત્ત્વિક લાગે, પણ લાંબા ગાળે શું થાય? કોઈ સ્થિતિ એની એ ના રહે. પરિવર્તન સંસારનો અફર નિયમ છે. હસવું 'ને લોટ ફાકવું સાથે ના જ બને. એટલે એક તરફ શેખાઈઓ હાંકી પોતાની નકારાત્મકતાને નિરંતર પંપાળ્યા કરનારા લોકો 'ને તેમની જ પીઠ પર પોતાની પીઠ લગાડી આરામ કરતાં નિરુપદ્રવી ભાસતા 'ને બિચારા ટાઇટલના શોખીન એવા જીવો જે હકીકતમાં ભવિષ્ય તરફ કડક નકારાત્મકતા રાખી જે છે તે સારું છે તેવી કલ્પનાની હકારાત્મકતામાં જીવનારા લોકો, એ બંને પ્રકારના જીવો પોતાનામાં આસુરીપણું પ્રયત્નપૂર્વક સાચવી રહ્યા છે.

સુકરાત યાને સોક્રેટિસનું જીવન કોમન વ્યાખ્યા મુજબ સુખી ના હતું. તેમ છતાં તેઓ ભવિષ્યમાં અન્ય અમુક લોકો જેને સુખ કહે છે એ હું મેળવીશ જ 'ને એ મને મળશે જ એ રીતે ના જીવ્યા. એમના જીવનના સહભાગી એવાં એમનાં પત્ની ઝેન્થેપી એકદમ ઊલટા દિમાગના. એમનું હૃદય ધબ ધબ કરે એ સાથે એમનું મન 'ને આખું તન ટનબંધી કચકચ બહાર ફેંક્યા જ કરે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કકળાટ 'ને કેઓસ ઈન્વાઈટ કરે છે કે વેલકમ કરે છે એવા નકારાત્મક સ્વભાવના જીવોમાં અમુક ખાસિયત હોય છે. પોતે ડાઉન રહે એટલે એ બીજાને ડાઉન કરવા મથ્યા જ કરે. બીજા ડાઉન હોય ત્યારે એવા જીવને રાહત લાગે 'ને ઉત્સાહનું બળ મેળવી ચાલો હવે બાકીનાને નીચે ઉતારીએ એમ કરીને મચે. કોઈને નોર્મલ જુએ તો તેમને એ અપ થયેલો લાગે એવામાં જે ખરેખર અપ હોય એ એમનાથી એક ટકો સહન ના થાય. હું દુ:ખી છું તો બીજું કોઈ સુખી કેમ હોઈ શકે? એમને દુ:ખનો અહેસાસ અપાવીને જ હું શાંતિ પામીશ.

રાજકારણમાં આવા વ્યક્તિત્વ જ્યારે નેતા બને તો? જો એમની પાસે સત્તા હોય તો એ કદી વાસ્તવિક ના બને અથવા કદી સાચું સુખ ના આપી શકે એવા ગમે તેને ગોથાં ખવડાવી દે એવા ગોળગોળ 'ને ગોળ ગોળ કરી નાખે એવા તર્ક 'ને સિદ્ધાંતનાં મહોરાં પહેરાવ્યા જ કરે. જો સત્તા ના હોય તો એવી વ્યક્તિ મોટી સંખ્યામાં માણસોનો અથવા બહુમતીનો આંધળો વિરોધ કરે 'ને કરાવે. પૂર્વગ્રંથિ સજ્જડ રીતે પકડી રાખે 'ને રખાવે. એવાં લોકો એક ફકરો લખે કે ભાષણ આપે તો શરૂઆતમાં જ એક જૂઠાણું પ્લાન્ટ કરી 'ને એમને જે હવાઈ ગોળા ફેંકવા હોય એ એ અસત્યના પાયા પર ફેંકે. પોતીકા લાગતાં ગાંધીની દુકાનદારી કરતાં વેપારી કેવી સાદગી 'ને મીઠાશથી એમનો માલ વેચે છે? એમ ઝેર પધરાવે. એ કોઈ સમસ્યાનો ઉકેલ બતાવવામાં સમય 'ને શક્તિ વેસ્ટ ના કરે, એ સમસ્યાઓ પર સમસ્યાઓ બતાવવામાં જ સમય 'ને શક્તિ ઈન્વેસ્ટ કરે જાય.

કોઈ પણ મુદ્દો હોય તેનો ઉકેલ નહીં લાવવાનો, એ મુદ્દાનું વિસ્તરણ 'ને વર્ગીકરણ કરવાનું 'ને એ પણ એ રીતે જેથી જવાબદારી કે દોષ બીજા પર ઢોળી શકાય. સૌથી વિશેષ, મોટા ભાગની બાબત કે વાતનો વિરોધ જ કર્યા કરવાનો. એ અંગે નફરતનો ભાવ રાખવાનો, જગાડવાનો 'ને વધારવાનો. ત્રીજો ખરાબ છે એટલે આપણે બે ભેગા રહીને

ટેક્સ ઓછા કરી 'ને ડેવલપમેન્ટ કે પ્રોગ્રેસ કમ કરવાનું લોજિક જેણે પોતે પૈસા બચાવવા છે એમને સ્વાદિષ્ટ તેમ જ સાત્ત્વિક લાગે, પણ લાંબા ગાળે શું થાય? કોઈ સ્થિતિ એની એ ના રહે

ત્રીજાને પાડી દેવાનો બસ, એ પછી શું? કંઈ નહીં. અંગ્રેજો કાઢો એટલે બધું સારું જ થઈ જશે એવું. ફ્રાન્સમાં પ્રજાએ કીધું અમને બ્રેડ જોઈએ છે, કૉંસમાં કીધું કે તમારે રાજ કરવું હોય તો ભલે કરો. આ જીવોને બસ અન્યનું દુઃખ વાપરી તેનામાં નફરત જગાવતા આવડે, અન્યમાં જે સારું હોય તેનો ઉપયોગ કરીને સુખ શાંતિ સંતોષનો યોગ સાધી આપવાની એમનામાં કોઈ ફાવટ કે દાનત ના મળે. જસ્ટ ડિમાન્ડ એન્ડ કમ્પ્લેઇન. સારા દેખાવાનું, પણ બનવાનું નહીં, કેમ કે સારું કશું હોતું જ નથી એવું આ પ્રજાતિ માને છે.

દંભ, છળ 'ને કપટ જ વાપર્યા કરવાનો. સત્તા નથી એટલે અમારે કશું કામ કરવાનું ના હોય એટલે અમારે બોલ બોલ કરવાનું એ એમની ગુણવત્તા. કોઈને કોઈને કોઈની કોઈ રીતે બીજાને દુઃખ આપ્યા વગર આ જાતકો રહી ના શકે. પીઠ પાછળ ઘા કરવામાં પ્રવૃત્ત. આ માનસ ગુપ્ત સત્કાર્ય કે સાધના ના કરી શકે, સિવાય બીજાને નુકસાન કરવાનું હોય. તમે કશું પણ કહો એ ના પાડે અથવા 'પણ...' કહી પોતાનું ઝૂડે જ જાય. આ બધા આસુરી લક્ષણ. નેતામાં હોય કે પ્રજામાં હોય કે પોતાના કુટુંબીમાં હોય. આ અમુક સમય માટેની સ્થિતિ પણ હોઈ શકે, પરંતુ કરપીણ ઘટના એ થતી હોય છે કે એ સમય અડીઘડી પ્રગટ થઈ શકતો હોય છે. નિઃસંદેહ, આ હિંસક લક્ષણો સાથે એમનામાં સારા લક્ષણ કે ગુણ કયા 'ને કેટલા એ જોવું જોઈએ. એક્ચુલી પોઝિટિવ પાર્ટ કેટલી ઈન્ટેન્સિટીથી કેટલો સમય એક્ટિવ રહે છે? બંને ધ્રુવની સક્રિયતાનું સંતુલન જળવાય છે? આસુરી સાઈડ વધે છે? એ અવલોકન કરતાં રહી અભ્યાસ 'ને અન્વેષણ કરવું પડે. ઉતાવળથી તારણ કાઢવામાં ભૂલ થાય. એ પછી ખબર પડે કે સમુદ્ર-મંથનનું પરિણામ આવે છે કે નહીં. સમુદ્ર મંથનમાં દેવો 'ને ઍન્ટિ-દેવો સમકક્ષ રીતે મથ્યા એટલે હળાહળ 'ને અંતે અમૃત મળ્યું.

જો આસુરી તાકાત વધે તો કચકચ 'ને કેઓસ જ મળે. વિપક્ષ તરફી જે નોર્મલ કે કોમન આદમીઓ છે એમણે વિચારવું જોઈએ



કે જો એમના તરફી નેતાઓ 'ને પત્રકારો સાચા 'ને અક્કલવાળા જ છે તો આટલાં બધાં વર્ષોમાં એમણે એવું તો શું કર્યું કે કોંગ્રેસના મત ઘટતા જ ગયા ઘટતા જ ગયા? રાષ્ટ્રના લેવલ પર ધ્યાન ધરી વિપક્ષે જાતને પૂછવું જોઈએ કે બહુમતી તેમ જ કરોડો લોકો ખોટા 'ને ગધેડા કોને લાગે? અસુરત્વ પ્રબળ હોય તેને. એમને ગમે જ ના કોઈ બીજું સત્તા પર હોય એ. કોઈ કાળે ના ચાલે. ગુજરાતમાં આવું સારું નથી 'ને ગુજરાતમાં તેવું ખોટું છે? કેમ આવા જ ઈમોશનલ 'ને ઈન્ટિલેક્ટ્યુઅલ ક્વેશ્ચન પશ્ચિમ બંગાળ માટે નથી થતાં? ઉપરથી મમતાબેન કશું બોલે એટલે કે કશું પણ ઝેર કાઢે ત્યારે નેગેટિવિટી જેમનામાં પ્રમુખ છે એમને એ સાકર જેવું લાગે છે.

જીવનો વિષાદ સાથે યોગ થાય એ ઘણી સામાન્ય ઘટના છે, પણ એ પછી જીવ શું કરે છે? એ મહત્ત્વનું છે. ટર્નિંગ પોઇન્ટ કોને કહેવાય? સત્તા પર બેસવાનો મારો ટર્ન આવે તેને? સાચો 'ને સારો ટર્નિંગ પોઇન્ટ આવ્યો હોય તો તેને વધાવવો છે? ધૃતરાષ્ટ્ર, દુર્યોધન 'ને શકુનિએ ધન, સત્તા 'ને સુખ મળવા છતાં વિષાદ પછી પાતાળ તરફી જ ગમન કરતું કર્મ કર્યું. જેમને પોતાનાં દુઃખ હતાં એવા કેટલાય જીવોએ એમને ટેકો આપ્યો હતો. શું આપણે દુઃખમાં જ રહેવું છે જેથી ડિમાન્ડ 'ને કમ્પ્લેઇન કરવાની મદહોશી માણી શકાય? બીજાને પોતાની ચોપાટ પર રમાડવાની બ્લેમ-ગેમ રમવામાં જ મોજ કરવી છે? સેડિસ્ટિક-પ્લેઝરને જ ઍન્ટર્ટેઇનમેન્ટ માનવું છે? ફેનેટિક નેગેટિવ પ્રાણીઓને બીજાને પ્રશ્નો પૂછવાનો ગજબનો લગાવ હોય છે. તડકો હોય તો છત્રી, ટોપી કે કાપડ હોય તોય નહીં વાપરવાનું. ગોગલ્સને ચશ્મા કહીને ઉતારી પાડવાના. દુઃખી દેખાવાનું કેમ કે દુઃખી દેખાઈએ તો લાગણી મળે 'ને લાગણીશીલ કહેવાવ. લાગણીશીલ દેખાય એ સારા દેખાય. સારા હોય એ સાચા હોય. ટૂંકમાં, દુઃખ દુઃખ કરો એ ગોડનો ગુડ હ્યુમન કહેવાય. આ ખોટી 'ને ખરાબ દૃષ્ટિ છે. અમૃત એકલા દેવોથી ના જ નીકળે, પણ અસુરત્વ પર કડક કાબૂ ના રાખો તો ક્યાં તો અમૃત નીકળે જ ના ક્યાં તો નીકળે તો અસુરો ફરી વળે. હંમેશાં યાદ રાખવું કે સમુદ્ર-મંથન કરવું જોઈએ 'ને એ માટે નેગેટિવ ધ્રુવને સાથે લઈએ એ બંને વિચાર દેવોને જ આવેલા. અલબત્ત, અસુરોને ધરાર અમૃત ના આપ્યું તો એક સ્ટેજ પર દેવોએ ખરાબ પરિણામ ભોગવવા જ પડ્યા હતા.

બુઝારો

મહાદેવ કદી દેવોનો એક તરફી રીતે પક્ષ નથી લેતાં 'ને કદી પણ જે દેવો નથી તેમનો ભેદભાવ રાખીને વિરોધ નથી કરતાં, છતાં એ મહાદાનવ કે મહાદૈત્ય નથી કહેવાતાં, કારણ કે મહાદેવ કોઈ રીતે અન્યને પારકા નથી ગણતાં 'ને અન્ય પ્રત્યે નકારાત્મકતા નથી રાખતાં. ■

અમૃત એકલા દેવોથી ના જ નીકળે, પણ અસુરત્વ પર કડક કાબૂ ના રાખો તો ક્યાં તો અમૃત નીકળે જ ના ક્યાં તો નીકળે તો અસુરો ફરી વળે

ડેટિંગ વેબઃ લવ, રોમાન્સ અને સપનાંઓનો ધંધો કરતાં દલાલો



જ્યારે ડેટિંગ ઍપ કે વેબની શરૂઆત થઈ ત્યારે પ્રારંભમાં તેના વિષે લોકોને શંકા રહેતી હતી, પરંતુ હવે તો લોકો જેના વિષે કશું જાણતા ન હોય તેની સાથે રાત ગાળવા તૈયાર થઈ જાય છે. ઓનલાઇન ડેટિંગ પ્લેટફૉર્મ્સનો ઉપયોગ સ્ત્રીઓ કરતાં પુરુષો વધુ કરે છે. 'સ્ટેટિસ્ટિક બ્રેઇન' સંસ્થાના રિપોર્ટ પ્રમાણે ડેટિંગ ઍપ કે વેબના યુઝરોમાં પુરુષોનું પ્રમાણ પચાસ ટકાથી વધુ અને સ્ત્રીઓનું પચાસ ટકાથી ઓછું છે. જાણીતી સંશોધન અને નિરીક્ષક સંસ્થા પ્યુ રિસર્ચ સેન્ટરના આંકડા કહે છે, દુનિયામાં ડેટિંગ ઍપના યુઝરોમાં ૬૨ ટકા પુરુષો હોય છે. ગ્લોબલ વેબ ઇન્ડેક્સના આંકડા પણ પ્યુ રિસર્ચના આંકડાને સમર્થન આપે છે. અમેરિકાની કુલ વસતિમાં ટકાવારીની રીતે જોઈએ તો ૧૩ ટકા પુરુષો અને ૯ ટકા સ્ત્રીઓએ ડેટિંગ ઍપનો લાભ લઈ જોયો છે. ઘણી ડેટિંગ વેબસાઇટો કે ઍપ એક સ્ત્રી કે પુરુષને મિલાપ કરાવી આપવા માટે કોઈ ફી લેતી નથી, પણ વેબસાઇટના સભ્ય થવા અને બની રહેવા માટે સાઇટની પ્રોફાઇલ પ્રમાણે લવાજમ ફી ભરવી પડે છે. ગે અને એલજિબિટીક્યુ પ્લસ લોકોની પોતાની વૃત્તિ અનુસાર સાઇટો છે એ તમામ સભ્ય લવાજમ માટે અલગ-અલગ રકમ ચાર્જ કરે છે. સભ્ય બન્યા પછી ગમે એટલા સભ્યો સાથે સંપર્ક સાધી શકાય. તેઓનો પ્રોફાઇલ જોઈ શકાય. જે વિવાન્ત કોહલીના પ્રોફાઇલની માફક ખોટો પણ હોઈ શકે. છતાં સાઇટો પર કેટલાક જેન્યુઇન, સાચા લોકો પણ હોય છે. દુનિયામાં સરેરાશ ડેટિંગ કસ્ટમર વરસના સરેરાશ ૨૪૩ ડૉલર (અર્થાત્ લગભગ વીસ હજાર રૂપિયા) વાપરે છે. મેચ નામની ડેટિંગ સાઇટ મહિનાના એકવીસ ડૉલર ચાર્જ કરે, પણ લવાજમ એક વરસનું લેવું પડે. ઝૂસ્ક નામની સાઇટ મહિનાના સાડા બાર ડૉલર ફી લે, પણ લવાજમ છ મહિનાનું ખરીદવું પડે. વધારે ખરીદી શકાય, ઓછું નહીં. ઇહાર્મની એક પ્રખ્યાત ડેટિંગ સાઇટ છે તે બાવીસ ડૉલર પ્રતિ માસની ગણતરી સાથે મિનિમમ એક વરસનું લવાજમ વસૂલ કરે છે.

બમ્બલ નામની વેબસાઇટ અને ઍપ્લિકેશન દ્વારા આફતાબ અમીન પૂનાવાલાએ વસઈ (મુંબઈ)ની શ્રદ્ધા વાલકર જોડે પરિચય કર્યો અને બે વરસ શ્રદ્ધાને ભોગવી, સંતાપી, રંજાડીને મારી નાખી એ કોઈ એકલદોકલ કિસ્સો નથી, પરંતુ જે રીતે શ્રદ્ધાને મારીને શરીરનો નિકાલ કર્યો તેને ભાગ્યે જ ઘટતી ઘટના ગણી શકાય. આફતાબે લાયક સ્ત્રી-પુરુષો વચ્ચે પરિચય કરાવી આપતી વેબસાઇટો દ્વારા લગભગ ૮૦ જેટલી સ્ત્રીઓ સાથે પરિચય અને સમાગમ કર્યો હતો એવું એણે પોલીસ સમક્ષ કબૂલ કર્યું છે એમ પોલીસ કહે છે. એ ઘટના આપણે ગયા અંકમાં વાંચી ગયા.

આજથી લગભગ ચાર વરસ અગાઉ બ્રિટનની એકવીસ વર્ષની નિર્દોષ યુવતી ગ્રેસ મિલાની ગ્રેજ્યુએશન પૂરું કરીને, પોતાની રીતે, ખભે થેલો નાખીને લેટિન અમેરિકા તેમ જ ન્યૂઝીલેન્ડના પ્રવાસે નીકળી હતી. ૨૦ નવેમ્બર, ૨૦૧૮ના રોજ એ બે સપ્તાહના પ્રવાસ માટે ન્યૂઝીલેન્ડ પહોંચી હતી. પાટનગર ઓકલેન્ડ ખાતે ૩૦ નવેમ્બરે પહોંચી. પ્રથમ ડિસેમ્બરે શહેરની મહત્ત્વની વિક્ટોરિયા સ્ટ્રીટમાં એ જોવા મળી હતી. પ્રવાસ દરમિયાન ટિન્ડર ઍપ્લિકેશન પર ગ્રેસની મુલાકાત અથવા પરિચય જેસી કેમ્પસન નામના એક ઓસ્ટ્રેલિયન યુવક સાથે થયો હતો. બીજી ડિસેમ્બરે ગ્રેસનો જન્મદિવસ હતો. તેથી પ્રથમ ડિસેમ્બરની સાંજે બંને અગાઉથી નક્કી કરીને ક્વીન સ્ટ્રીટ ખાતે આવેલી સિટીલાઇફ હોટેલમાં મળ્યાં હતાં. બીજી ડિસેમ્બરના રોજ ગ્રેસનાં માતાપિતાએ યુકેથી ગ્રેસને જન્મદિવસની વધામણી આપતાં સંદેશાઓ મોકલ્યા હતા, પણ ગ્રેસ તરફથી કોઈ પ્રત્યુત્તર આવ્યો ન હતો. પરિણામે તેઓ ગ્રેસ બાબતે ચિંતાતુર બની ગયાં. ગ્રેસનાં મા-બાપે ન્યૂઝીલેન્ડ પોલીસને ફરિયાદ કરી. પોલીસને શરૂઆતમાં કંઈ શંકાસ્પદ જણાયું નહીં, કારણ કે ગ્રેસ પોતાની રીતે ભ્રમણ કરી રહેલી યુવતી હતી અને ન્યૂઝીલેન્ડમાં કોઈ જગ્યાએ પહોંચી હશે એમ પોલીસ માનતી હતી. પોલીસને પ્રારંભમાં કોઈ સગડ પણ મળ્યા ન હતા, પરંતુ છેક નવમી ડિસેમ્બરે સાંજે ચાર વાગ્યે ઓકલેન્ડ શહેરથી પશ્ચિમમાં ઓગણીસ કિલોમીટર દૂર જંગલમાંથી ગ્રેસનું શબ મળી આવ્યું હતું. પોલીસે સિટીલાઇફ હોટેલના સીસીટીવી કૅમેરાની તપાસ કરી ત્યારે પહેલી ડિસેમ્બરે પોણા દસ વાગ્યે જેસી કેમ્પસન અને ગ્રેસ મિલાની હોટેલની લિફ્ટમાં રૂમમાં જતાં જોવા મળ્યાં હતાં.

પોલીસે આઠ ડિસેમ્બરે જેસીની ધરપકડ કરી અને એણે કબૂલ કર્યા મુજબ ગ્રેસની લાશ જંગલમાંથી મળી. તત્કાળ કેસ ચાલ્યો. જેસીને સત્તર વર્ષની એક સજા થઈ અને અન્ય બે કેસમાં ૧૧ - ૧૧ વર્ષની બે સજા થઈ. જેસીએ એ જ રાત્રે હોટેલના રૂમમાં ગ્રેસની હત્યા કરીને, ડેડબૉડીને એક સૂટકેસમાં ગોઠવી, સૂટકેસ સાથે એ હોટેલની બહાર નીકળી ગયો હતો. તેથી કોઈને શંકા પણ ગઈ ન હતી. એ જ સાંજે જેસી એક બીજી યુવતીને એક બારમાં મળ્યો હતો. ગ્રેસની હત્યા અગાઉ પણ મળ્યો હતો. એને યુવતીઓ સાથે સેક્સ કરી, તેઓને મારી નાખવાની એક માનસિક વિકૃતિ વળગી હતી. શું કોઈનો રૂપાળો ચહેરો જોઈને કે પ્રથમ મુલાકાતમાં એની સોફિસ્ટિકેટેડ રીતભાત જોઈને કહી શકાય કે એ વ્યક્તિ ઘેટાના ચામડામાં છૂપાયેલું વરુ છે? કોઈ સાવ અજાણી વ્યક્તિ સાથે હાથ મિલાવવાનો ડર લાગે ત્યારે કોઈ અજાણ્યા માણસને ઓળખ્યા કારવ્યા વગર, અજાણી ભૂમિમાં હોટેલની રૂમમાં શરીર સોંપી દેવું એ તો મોતને રીતસર આમંત્રણ આપવા સમાન ગણાય. કોઈ અજાણ્યા તો ઠીક, થોડી ઘણી જાણીતી વ્યક્તિ સાથે લોકો આર્થિક વ્યવહાર પણ નથી કરતાં. ત્યારે શરીર, હૃદય અને મનની ભૂખ સંતોષવા લોકો આંધળા બની અંધારિયા કૂવામાં કૂદી પડે છે.

હકીકતમાં પૈસા કરતાં શરીરને વધુ માન-મહત્ત્વ આપવા જોઈએ. ખાસ તો એટલા માટે કે ભલે ટકાવારીમાં નગણ્ય હોય તો પણ

ગ્રેસ મિલાની અને તેનો હત્યારો

વિકૃત લોકોની એક મોટી જમાત સર્જનહારે પેદા કરી છે. હવે પ્રવાસ અને સંદેશાવ્યવહારની અનુકૂળતા તેમ જ કાચી બુદ્ધિની સ્વચ્છંદતાએ આવા લોકો માટે આખું જગત શિકારસ્થળ બની ગયું છે. તેઓની વિકૃતિઓને બહેલાવવા માટે આખું વિશ્વ એક મોકળું મેદાન બની ગયું છે. યુકે, અમેરિકાની લોકપ્રિય આઇટીવી ચેનલે સોશિયલ મીડિયા દ્વારા પરિચયમાં આવ્યા બાદ હત્યાનો શિકાર બનેલા લોકોની ઘટનાઓની એક સિરીઝ 'સોશિયલ મીડિયા મર્ડર્સ' શીર્ષક સાથે એક વરસ અગાઉ વહેતી મૂકી છે અને તેમાં પ્રથમ એપિસોડ ગ્રેસ મિલાનીનો હતો. આ પ્રકારની હત્યાઓમાં મુખ્યત્વે સ્ત્રીઓ જ અને વધુ પ્રમાણમાં નિર્દોષ ઉંમરની કન્યાઓ વધુ શિકાર બને છે, કારણ કે લોહી સાથે સેક્સ માણવાની વિકૃતિ પુરુષોમાં વધારે હોય છે. વિકૃત લોકો અગાઉ ન હતા તેવું નથી. મોસ્કોમાં ચિકાટીલો નામનો નરાધમ પચ્ચીસ વરસ અગાઉ થઈ ગયો. એ મોસ્કોની આસપાસના વિસ્તારમાં સાંજે કે રાત્રે એકલી જતી યુવતીને ઉઠાવીને ઝાડીમાં લઈ જતો. એની સાથે બળાત્કાર કરતો અને સ્ત્રીના સ્તનમાં પોતે પહેરેલા લોખંડના નખ ઘૂસાડી દેતો. સ્તન કાપી નાખતો. એ લાંબા સમય બાદ પકડાયો ત્યારે એણે આઠથી દસ યુવતીઓને શિકાર બનાવી હતી, કારણ કે ત્યારે આજની માફક સોશિયલ મીડિયા ન હતું. અન્યથા થોડા સમયમાં જ ઘણી યુવતીઓને ફસાવી હોત. આપણે ત્યાં દેખાવમાં સોફિસ્ટિકેટેડ પણ સેક્સ સિરિયલ કિલર ચાર્લ્સ શોભરાજ જાણીતો છે. એવા લોકો માટે હવે ડેટિંગ વેબ હાથવગી બની ગઈ છે. અનેક યુવતીઓ તેમાં ફસાવા માટે આતુર ઊભી છે અને સામે ચાલીને જવા તૈયાર છે? આ પણ એક મનોવિકૃતિ હોઈ શકે. અમુક સ્ત્રીઓને પ્રેમી તરીકે ક્રિમિનલ્સ, અમુકને સાધુ સંતો અને અમુકને અન્ય વેરાઇટીના લોકો પસંદ પડે છે, પણ મોટા ભાગની સાવ નિર્દોષપણામાં ફસાઈ જાય છે. માત્ર સ્ત્રીઓ જ શિકાર બને છે એવું નથી.

વરસ ૨૦૧૮ની ઘટના છે, જેમાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ચાર વરસથી અભ્યાસ કરી રહેલા મૂળ ભારતીય વિદ્યાર્થી મૌલીન રાઠોડને એક ઓગણીસ વરસની છોકરીએ મેલબોર્નમાં સનબરી ખાતે પોતાના ઘરે બોલાવ્યો હતો. છોકરી ટીનેજર હતી છતાં એકલી રહેતી હતી. બંનેનો પરિચય એક ડેટિંગ સાઇટ પર થયો હતો. ૨૪ જુલાઈ, ૨૦૧૮ના રોજ મૌલીન એ ટીનેજર કન્યાને ત્યાં ગયો પછી ગંભીર ઈજાઓ સાથે મળી આવ્યો હતો. ઇમરજન્સી સર્વિસને કોઈએ ફોન કર્યો હતો. મૌલીનને હૉસ્પિટલમાં દાખલ કરાયો જ્યાં એનું મૃત્યુ નીપજ્યું હતું. મૌલીનના મિત્રો કહે છે કે એ ખૂબ મિલનસાર સ્વભાવનો, હસમુખો યુવાન હતો અને એકાઉન્ટન્સીનો અભ્યાસ ચાર વરસથી મન લગાવીને કરી રહ્યો હતો. મેલબોર્નની અદાલતમાં પેલી યુવતી પર હત્યાના આરોપનો કેસ ચાલી રહ્યો છે.

ઘણી જાણીતી અભિનેત્રીઓ સાથે અભિનેતાઓએ અમુક-અમુક વરસના સંબંધો નિભાવ્યા, પણ પરણ્યા નહીં. આજકાલ ડેટિંગ શબ્દને અને પ્રવૃત્તિને માન્યતા મળવા લાગી છે

હજી બે વરસ અગાઉ ૨૦૨૦ના કોરોના સંકટમાં લૉકડાઉન સમયમાં કેનેડાની ૧૯ વરસની યુવતી એશલી વર્ડ્સવર્થની ઓળખાણ એક ડેટિંગ ઍપ મારફતે યુકેના ૨૩ વરસના જેક સેપલ સાથે થઈ હતી. ગયા વરસના સપ્ટેમ્બરમાં લૉકડાઉન ખતમ થયું હતું ત્યારે એશલી એના નવા ઓનલાઇન બોયફ્રેન્ડને પ્રથમ વખત રૂબરૂ મળવા યુકે પહોંચી હતી. લગભગ ચાર મહિના મસ્તીમાં સાથે ગાળ્યા બાદ એશલી પોતાના વતન કેનેડા પાછા ફરવાની તૈયારીમાં હતી અને કેનેડા જઈને એણે કાયદાનો અભ્યાસ શરૂ કરવાનો હતો, પરંતુ યુકેના પ્રવાસમાં નવા મિત્ર સાથે બધું બરાબર ચાલી રહ્યું ન હતું એવો અણસાર એશલીએ મિત્રો અને મા-બાપને આપ્યો હતો અને તેના અનુસંધાને પાછા ફરવા માટે ૩૬ કલાકની મુદતની એર ટિકિટ પણ એશલીનાં માબાપે ખરીદી આપી હતી, પરંતુ એશલી રવાના થાય તેની પહેલાં જ જેક સેપલે એશલીની છાતીમાં ચપ્પુના અનેક ઘા મારી દીધા અને એશલી સ્થળ પર જ મરણ પામી. અગાઉ એશલીએ લંડનની સાઇટસિઇંગના ફોટોગ્રાફ્સ પણ કેનેડા મોકલ્યા હતા જેમાં એની સાથે એનો ભવિષ્યનો હત્યારો અને હત્યારાના કુટુંબના સભ્યો પણ હતા. અદાલતમાં આફતાબ પૂનાવાલાની માફક જેક સેપલે સ્વસ્થપણે ઊભા રહીને કબૂલ કર્યું કે, 'હું ગુનેગાર છું.' જેકે પોતાના મોં પર છૂંદણાં (ટેટૂ) ચિતરાવ્યાં હતાં. જ્યારે લૉકડાઉન ચાલતું હતું ત્યારે એશલીએ અજાણ્યા જેક સાથે ઓનલાઇન રોમાન્સ ખૂબ કર્યો હતો. વાસ્તવમાં એશલી જેક સાથે કાયમ રહેવાના અરમાનો સાથે ગઈ હતી અને પ્રથમ ટ્રિપમાં જ છ મહિના રહેવાની હતી. તેથી એશલીના કેનેડા ખાતે રહેતાં માસીએ એશલીને એ ટ્રિપને 'ટ્રિપ ઑફ લાઇફટાઇમ' ગણાવી હતી, જે હકીકતમાં 'ટ્રિપ ઑફ શોર્ટ

લાઇફલાઇન' બનીને રહી ગઈ. બધું બરાબર ચાલતું ન હતું તેથી એશલી છ મહિના પૂરા કરવાને બદલે માત્ર ચાર મહિનામાં પરત થવા માગતી હતી જે કદાચ જેકને પસંદ પડ્યું ન હોય. નિભાવવાનું પહેલેથી જ અઘરું હતું, પણ આજકાલ વધુ અઘરું બની ગયું છે. થોડો ઘણો ભાવ મળે અથવા ભાવ મળી રહ્યો છે એવી ભ્રમણામાં યુવાનો એટલા પાગલ બની જાય છે કે મારવા અને મરવા પર ઉતારુ થઈ આવે છે. અગાઉ કોઈક કોઈક કિસ્સા બનતા. આજે સર્વ સામાન્યપણે આવી ઘટનાઓ ઘટે છે. રિવેન્જ પૉર્ન, એટલે કે પ્રેમના ભોળપણમાં પ્રેમી સાથે પડાવેલી નગ્ન તસવીરો, વીડિયો કૉલિંગ વખતે કપડાં ઉતારવા વગેરે બ્લેકમેઇલ થવાનું અને કરવાનું માધ્યમ બની જાય છે. જિંદગીનો અનુભવ નહીં ધરાવતાં યુવાનોને એ જ્ઞાન હોતું નથી કે લોકોને ઓળખવા માટે પાંચ કે દસ વરસના સહવાસની જરૂર પડે. ઘણાંને વરસોનાં વરસ સાથે રહ્યાં પછી પણ ન ઓળખાય, પરંતુ પ્રેમમાં પડેલાંઓને, ખાસ કરીને યુવતીઓને એ નાલાયકમાં રબ દેખાવા માંડે. એ કહે, બોલે એ બધું સાચું. એની મમ્મી અને એના પપ્પા આ લિવ-ઇનવાળીનાં પણ મમ્મી-પપ્પા બની જાય. સાચા મા-બાપમાં દુશ્મનો દેખાય. સોશિયલ મીડિયા મર્ડરના આવા સેંકડો કિસ્સા બને છે જેમાં કોમન બાબત ડેટિંગ ઍપ હોય છે. નેપાળમાં, ઉત્તર પ્રદેશ, બિહારમાં તો છોકરાઓ કન્યાઓને પ્રેમજાળમાં ફસાવીને મુંબઈના અડ્ડાઓ પર વેચી આવે છે. સવાલ એ થાય કે ગરોળી અને વાંદો જોઈને ચીસાચીસ કરી મૂકે એ યુવતીઓને આવા અજાણ્યા નરાધમોનો ડર કેમ લાગતો નથી? યુવતીઓએ સલામત રહેવા માટે એક બીજું લોજિક વાપરવું જોઈએ. તે એ કે ભણેલ ગણેલ, રૂપાળી યુવતીઓ જો પૈસા ખંખેરવાના આશયથી કોઈ પુરુષને હની ટ્રેપ કરી શકતી હોય, પ્રથમ ડેટિંગ ઍપ દ્વારા દોસ્તી કરીને ફસાવતી હોય તો પુરુષો શા માટે નિર્દોષ હોઈ શકે?

બોટમલાઇન એ કે જેમ-જેમ ડેટિંગ ઍપના વ્યાપ અને વપરાશ વધ્યા છે ત્યારથી

એશલી વર્ડ્સવર્થ

આવા ગુનાઓમાં ખૂબ મોટો ઉછાળો આવ્યો છે, પણ આ ડેટિંગ ઍપ શી બલા છે? તેઓનો શો ધંધો છે? તેઓ સેવા કરવા નીકળ્યા છે કે કમાણી કરવા? એ બધું વિગતે જાણીએ તો પણ આવી જાનલેવા છેતરપિંડીઓથી બચી શકાય.

ડેટિંગ શબ્દનો જૂનો અર્થ એ હતો કે તારીખ નક્કી કરીને મળવું. અમેરિકા - યુરોપમાં ભણેલી કે અર્ધભણેલી સ્ત્રીઓ કામકાજની તલાશમાં મોટાં શહેરોમાં જઈને વસવા માંડી. ત્યાં સ્ત્રીઓ ઠરીઠામ થવા માટે પુરુષમિત્રોને પસંદ કરી તેઓની સાથે જીવન ગાળવાના ઉમંગો સેવતી થઈ. શહેરોમાં નાણાકીય આવક મળવા લાગી એટલે અગાઉ ખાનગીમાં પુરુષમિત્રને મળતી સ્ત્રીઓ જાહેરમાં મળવા લાગી. ડેટિંગનો કોન્સેપ્ટ શરૂ થયો તે પ્રારંભના દિવસોના એકમેકના ઇરાદાઓ મંગળ રહેતા. છતાં ડેટિંગ કરનારાઓને માનથી જોવાતાં ન હતાં. તેની પાછળ અમુક સ્ત્રીઓના ખરાબ ઇરાદાઓ કારણભૂત હતા. સ્ત્રીઓ અપેક્ષા રાખતી કે પુરુષમિત્ર મળે ત્યારે કોઈક ગિફ્ટ લઈ આવે, દુકાનોમાંથી કંઈક ખરીદી આપે, રેસ્ટોરાં-બારનું બિલ ચૂકવે, ફિલ્મ જોવા લઈ જાય, પરંતુ એ દિવસોમાં, અર્થાત્ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પ્રારંભના બે-ચાર દશકમાં સેક્સ-વર્કરો પણ ડેટિંગની આડશમાં આર્થિક લાભો મેળવવા માંડી. તેઓનો ખરો ઇરાદો લગ્ન કરીને સાથે રહેવાનો ન હોય. આ કારણથી દરેક ડેટિંગ કરનારી વ્યક્તિને માનથી જોવાતી નહીં. એ દિવસોમાં એકલી રહેતી સ્ત્રીઓને પણ સન્માનજનક ગણવામાં આવતી નહીં.

છતાં વીસમી સદીમાં લગ્ન પૂર્વે એકમેકને મળતાં રહીને, એકબીજાને બરાબર ઓળખ્યા બાદ લગ્ન કરવાનું યુવાન યુવતીઓને જરૂરી જણાવા માંડ્યું. પ્રથમ તો તેમાં શરીર સંબંધ બાંધવાથી દૂર રહેવાની વાત હતી, પણ પચાસના દાયકા બાદ અમેરિકામાં શારીરિક સંબંધો બાબતમાં પણ લોકોના વિચારોમાં મોટું પરિવર્તન આવ્યું. સમાગમ માટે યુવાન કે યુવતી સક્ષમ છે કે નહીં તે જાણવા માટે પણ તેઓ લગ્નપૂર્વે શરીર સંબંધો બાંધવા માંડ્યા અને હવે તે કોઈ ટેબુ નથી રહ્યું. અમેરિકન યુરોપિયન મા-બાપ પણ જાણતાં હોય છે કે એમનાં સંતાનો ડેટિંગ માટે મળે છે તો સક્ષમ હશે તો સમાગમ જરૂર માણતાં હશે. યુવા પેઢીનું પણ કહેવું છે કે લગ્ન કર્યા પછી ખબર પડે કે પતિ કે પત્નીને સમાગમમાં રસ પડતો નથી, અમુક શારીરિક ખામીઓ ધરાવે છે તો પછી છૂટા પડવાની તકલીફ પેદા થાય. ભાવનાત્મક સમસ્યાઓ અને સવાલો પેદા થાય. ભારતમાં ઘણી યુવતીઓ ગે પુરુષોને અને ઘણા પુરુષોને લેસ્બિયન યુવતીઓ સાથે તેઓની ઇચ્છા જાણ્યા વગર પરણાવી દેવાય છે. ડેટિંગ અને લિવ-ઇનને કારણે આ સમસ્યાનું નિવારણ થાય. છતાં બીજી ઘણી નવી તકલીફો પેદા થાય છે. કેટલાક ફાયદા પણ છે, પણ સાવધાની ના રખાય તો મોટાં જોખમો છે. સાવધાની આપણા પોતાની બાબતમાં રાખી શકાય, પણ સામેના નવા-નવા પાર્ટનર બાબતે કેવી રીતે રાખી શકાય? એના મનમાં હત્યા માટેની વિકૃતિ ઘૂસી હોય તો શું કરી શકાય? છતાં અમેરિકા વગેરેમાં છૂટાછેડાનું પ્રમાણ વધવા માંડ્યું ત્યારે ડેટિંગના બહાનાને પણ ગતિ મળી. વાસ્તવમાં ડિમ્પલ કાપડિયા અને રાજેશ ખન્નાએ ડેટિંગ કર્યા બાદ લગ્ન કર્યા તો પણ છૂટાછેડા લીધા. અંજુ મહેન્દ્રુ સાથે ખન્નાએ લાંબો સમય ડેટિંગ કર્યું તો પણ લગ્ન ન કર્યા. બીજી ઘણી જાણીતી અભિનેત્રીઓ સાથે અભિનેતાઓએ અમુક-અમુક વરસના સંબંધો નિભાવ્યા, પણ પરણ્યા નહીં.

વ્યક્તિને પ્રેમની, સહવાસની ઝંખના તો ખૂબ મોટી ઉંમર સુધી રહે છે. ડેટિંગ ઍપ તેનો ફાયદો ઉઠાવે છે, પણ આ પ્રથમ પ્લેટફૉર્મ નથી જે લોકોની ઝંખનાઓ સાકાર કરવાના નામે કમાણી કરે છે

રાજસ્થાન હત્યા કેશમાં પ્રિયા શેઠ સહિતના આરોપીઓ

આજકાલ ડેટિંગ શબ્દને અને પ્રવૃત્તિને માન્યતા મળવા લાગી છે અને બહેનો કે ભાઈઓ સામાન્ય વાતચીતમાં ફલાણાની દીકરી, ફલાણાના દીકરાને ડેટ કરે છે એવું બોલે છે તે સહજ ગણાય છે. વીસ-ત્રીસ વરસ અગાઉ તે કૂથલી અને બદબોઈ ગણાતું. ડેટિંગ જેટલું કોમન બની ગયું છે એટલું 'બ્રેક-અપ' પણ સામાન્ય ગણાતું ચાલ્યું છે. હૃદય છે એટલે દુઃખ તો થાય જ. કોઈક જીવ પણ આપી દે છે છતાં એક સલાહ અને શિક્ષણ ખાસ અપાઈ રહ્યાં છે કે કોઈના જવાથી જિંદગી અટકી જતી નથી. કોઈ બેવફા વ્યક્તિ માટે આપણા પ્રાણ આપી દેવાની જરૂર નથી. જોકે એ સમયમાં સલાહ આપનારી પીઢ વ્યક્તિ અને પ્રેમભગ્ન વ્યક્તિના શરીરમાં અલગ-અલગ પ્રકારનાં હૉર્મોન્સ વહેતા હોય છે એટલે એકમેકની વાત સમજી શકતા નથી. એ પ્રેમભગ્ન પ્રૌઢ બને ત્યારે જ એને પોતાના પાગલ પ્રેમ પર હસવું આવે. જોકે એક વાત ચોક્કસ છે કે વ્યક્તિને પ્રેમની, સહવાસની, સમાગમની ઝંખના તો ખૂબ મોટી ઉંમર સુધી રહે છે. આ ડેટિંગ ઍપ તેનો ફાયદો ઉઠાવે છે, પણ આ કોઈ પ્રથમ પ્લૅટફૉર્મ નથી જે લોકોની ઝંખનાઓ સાકાર કરવાના નામે કમાણી કરે છે.

હમણાં સુધી અખબારોમાં લગ્નવિષયક (મેટ્રિમોનિયલ) જાહેરખબરો છપાતી. અમુક સંસ્થાઓ અને ખાનગી લોકોએ મૅરેજ બ્યુરો શરૂ કર્યા હતા. શરૂશરૂમાં મૅરેજ બ્યુરો અને મેટ્રિમોનિયલ્સને એક સારી વ્યવસ્થા તરીકે જોવામાં આવતાં. ઘણા લોકો મેટ્રિમોનિયલ અને મૅરેજ બ્યુરોના માધ્યમથી પરણ્યાં છે અને હજી જ્ઞાતિ આધારિત બ્યુરો તેમ જ સર્વજ્ઞાતિ બ્યુરો ચાલી રહ્યાં છે, પણ મેટ્રિમોનિયલો પર કાળક્રમે ખાનગી મૅરેજ બ્યુરોએ પકડ જમાવવા માંડી. કાલ્પનિક પાત્રો ઊભા કરી, ફોન નંબરો આપી જાહેરખબરો આપવા માંડ્યા. બધા નહીં તો પણ અમુક લોકોએ તે આધારે પ્રોસ્ટિટ્યુશન રૅકેટ ચલાવ્યા. મુંબઈમાં અને મોટાં શહેરોમાં ઘણી વખત ઘણાં લોકોને પકડવામાં આવ્યા. આજે અખબારોની મેટ્રિમોનિયલ્સ અને જાહેર મૅરેજ બ્યુરોની વ્યવસ્થાઓ સાવ નબળી પડી ગઈ છે. તેનું કારણ છે આંગળીના ટેરવે હાજર રહેતું ઇલેક્ટ્રોનિક્સ મીડિયા અને યુવાનો - યુવતીઓને શિક્ષણ અને ધંધા વ્યવસાયમાં સાથે રહેવા માટે મળેલી અભૂતપૂર્વ છૂટ.

આજે એટલા પ્રમાણમાં લગ્ન-બાહ્ય સંબંધો ચાલી રહ્યા છે જેટલા જાણીતા ઇતિહાસમાં અગાઉ ક્યારેય ન હતા. ઘણાના મલ્ટિપલ એકસ્ટ્રા અફેર્સ ચાલતાં હોય છે, તેમાં વળી જગતની વસતિ અસાધારણ વધી છે જેમાં પહેલા પહેલા પ્યારવાળા અબજોની સંખ્યામાં છે. આ બધાં એક મોટું બજાર છે જેમને ડિજિટલ યુગમાં નવા પ્રકારની સેવાઓ પૂરી પાડનારા વેપારીઓ પણ સ્વાભાવિકપણે જ અસ્તિત્વમાં આવ્યા છે અને રૂઢિચુસ્ત સમાજ સુધી પહોંચી ગઈ છે. રાજસ્થાનના ફાલના શહેરના પ્રિન્સિપાલની અત્યંત સ્વરૂપવાન પુત્રી પ્રિયા શેઠ સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહેતી હતી. જે લોકો રાત્રિના સમયે ઊંઘ બગાડીને ખૂબસૂરત અથવા હેતુસમ ચહેરાઓની તલાશમાં હોય તેવા લોકો સાથે એ ઓનલાઇન પરિચય બાંધતી. સામેની વ્યક્તિ શ્રીમંત છે તે જાણી લીધા બાદ પેલાને દિલમાં અને શરીરમાં ગલગલિયા થાય એવી વાતો શરૂ કરી દેતી. સામે છેડેથી પુરુષ ફરમાઇશ આવતી કે તારાં અંગો વીડિયો ચેટમાં ખુલ્લાં કરાવીને બતાવ. યુવતી કહેતી કે તે માટે પૈસા મોકલવા પડશે. એ જાણીતું છે કે કામાતુરાણામ્ ન ભયમ્ ન લજ્જા. એ ઓનલાઇન પૈસા ચૂકવીને પણ આનંદ મેળવે. આ રીતે પ્રિયાએ લગભગ પોણા બેથી બે કરોડ રૂપિયાની કમાણી કરી લીધી હતી.

જયપુર શહેરના દુષ્યંત શર્મા નામના યુવકે સોશિયલ મીડિયા પર વિવાન્ત કોહલી નામથી ખોટી આઈડી બનાવી પોતાને તવંગર ઈસમ તરીકે પેશ કરતો રહેતો હતો. એણે શહેરની સુંદર ઇમારત અને કોઈની મોંઘી મોટરકાર નજીક ઊભા રહીને એ ઇમારતને પોતાની ઑફિસ અને કારને પોતાની કાર ગણાવ્યાં હતાં, જે વાસ્તવમાં એનાં ન હતાં. વિવાન્ત ઉર્ફ દુષ્યંત જયપુરના એક સામાન્ય પરિવારનો નોકરિયાત પુત્ર હતો. પરણેલો હતો અને એક બાળકનો પિતા હતો.

એક સાંજે એ નોકરીએથી પાછો ફરીને ઘરે જઈ રહ્યો હતો ત્યારે એના મોબાઇલ પર મેસેજ આવ્યો કે, 'તેં મને ઘણીવાર જોઈ છે, વાત કરી છે, તું મારી સાથે આજની રાત ગાળવા માગતો હો અને મારી ઇચ્છા પડે તે કરવા માગતો હોય તો આ સરનામા પર આવી જજે. આજે મારા ઘરમાં કોઈ નથી.' પેલો ઘરે ગયો. જલ્દી જલ્દી જમી કારવીને પિતાની અલ્ટો કારની ચાવી માગીને જયપુરના ગાંધીનગરમાં આવેલા પ્રિયાના ઘરે પહોંચી ગયો. પ્રિયા સોળે શણગાર સજીને દરવાજો ખોલવા માટે ઊભી હતી, કારણ કે એક શ્રીમંત ઘરે આવી રહ્યો હતો. પ્રિયા અને દુષ્યંત મળ્યાં. એક બે કલાક સહવાસમાં ગાળ્યાં અને તમામ પ્રવૃત્તિઓ પૂરી

આજે એટલા પ્રમાણમાં લગ્ન-બાહ્ય સંબંધો ચાલી રહ્યા છે જેટલા જાણીતા ઇતિહાસમાં અગાઉ ક્યારેય ન હતા. ઘણાના મલ્ટિપલ એકસ્ટ્રા અફેર્સ ચાલતાં હોય છે

કરી. બાદમાં વિવાન્તે કહ્યું કે એ પોતે વિવાન્ત નથી, પણ દુષ્યંત શર્મા છે અને શ્રીમંત નથી, પણ સામાન્ય માનવી છે. આ સાંભળીને પ્રિયાને ખૂબ ગુસ્સો આવ્યો. દરમિયાન દિક્ષાંત કામરા નામનો યુવાન એ રૂમમાં આવી ચડ્યો અને એ બે ઘટના દરમિયાનની મહત્ત્વની પળોનો વીડિયો ઉતારી રાખ્યો હતો તે દુષ્યંતને બતાવ્યો. દરમિયાન લક્ષ વાલિયા નામનો બીજો એક યુવાન પણ આવી ગયો. એ બધાએ મળીને દુષ્યંતને બાંધીને માર માર્યો અને દુષ્યંત પાસે એના પપ્પાને ફોન કરાવી દસ લાખ રૂપિયાની માગણી કરી. દુષ્યંતના પપ્પાએ રાતોરાત તજવીજ કરી ઓનલાઈન પૈસા ભરી આપ્યા, પણ પ્રિયા એન્ડ પાર્ટીને થયું કે દુષ્યંત બધું જાણી ગયો છે એટલે એને જીવતો છોડીશું તો એ પોલીસને બધું જણાવી દેશે અને આપણે પકડાઈ જઈશું. તેઓએ ખંજરના સત્તર ઘા કરી દુષ્યંતને ખતમ કરી નાખ્યો. સૂટકેસમાં લાશ ગોઠવીને આમેર કિલ્લાની ઝાડીમાં ફેંકી આવ્યા.

પણ દુષ્યંતના કૉલ રેકોર્ડ ડિટેઇલ્સના આધારે ગુનેગારો પકડાઈ ગયા. પ્રિયા શેઠના દાદા ફાલનાની એક કૉલેજમાં પ્રિન્સિપાલ હતા. પિતા લેક્ચરર હતા અને માતા શિક્ષિકા હતી. બીજા કુટુંબીજનો પણ પ્રોફેસર, લેક્ચરર વગેરે હતા. ફાલનામાં પ્રિયા ડિસ્ટિન્ક્શન સાથે હાયર સેકન્ડરી પાસ થઈ હતી, પણ યેનકેન પ્રકારેણ પૈસા કમાવાની ગજબની ધૂન એના પર સવાર થઈ હતી. એને જયપુર વધુ અભ્યાસ માટે મોકલી હતી, જેથી એ પ્રોફેસર બની શકે, પણ જયપુરમાં અખબારમાં એણે નોકરી માટેની એક જાહેરખબર જોઈ. એ ત્યાં ઇન્ટરવ્યૂ આપવા ગઈ ત્યારે રૂમમાં અનેક છોકરીઓને હરતી-ફરતી જોઈ. પ્રિયાને સમજાવવામાં આવ્યું કે સૌંદર્ય વડે અમીરોને શિકાર બનાવવાનું કામ કરવું પડશે અને તેમાં અઢળક કમાણી છે. આટલા શિક્ષિત ખાનદાનની બીજી કોઈ સ્ત્રી ઇન્કાર કરીને ચાલી નીકળી હોત, પણ પ્રિયાને ભાવતું હતું અને મળ્યું. એ કહેતી કે, એ એટલી શ્રીમંત થવા માગે છે કે દુનિયાની કોઈ પણ ચીજ એને

મોંઘી ન લાગે, પણ સસ્તી લાગે.

પ્રિયા એન્ડ પાર્ટી પકડાઈ ગઈ ત્યારે પોલીસને જાણ થઈ કે લગભગ બેથી અઢી વરસમાં પ્રિયાએ એક હજારથી વધુ પુરુષો સાથે ઠગાઈ કરી હતી. ચાલીસ હજારની એક જોડી હોય એવા શૂઝ પહેરતી. લોકોને ફસાવવાનું કામ એ એના મિત્ર દિક્ષાંત કામરા સાથે મળીને કરતી હતી જે એનો લિવ-ઇન પાર્ટનર હતો અને મુંબઈથી ખાસ આ ધંધો કરવા જયપુર આવીને વસ્યો હતો. લક્ષ વાલિયા પણ મુંબઈથી જ સહાય માટે આવ્યો હતો. હાઈકોર્ટે પ્રિયા શેઠને જામીન આપવાનો ઇન્કાર કર્યો અને પત્રકાર ઉમર સૈફીના કહેવા પ્રમાણે જજ સાહેબે લખ્યું કે, 'બહારની દુનિયા ખૂબસૂરત છે. પ્રિયા જેવીને જામીન પર મુક્ત કરીને એ દુનિયા બગાડવાની છૂટ આપી શકાય નહીં.'

પણ સોશિયલ મીડિયા, મિલનની વેબસાઇટો, પૅમેન્ટની સરળતા, કોઈ પણના હાથમાં કોઈ પણ સમયે મોબાઇલ કૅમેરાની હાજરીએ આ ધંધાને અપાર ખીલવા દીધો છે અને એ જ ટૅક્નોલોજીના ફંદાથી તેઓ પકડાઈ પણ જાય છે. આવી ઘટનાઓની વરસો સુધી ચાલે એવી એક સિરીઝ બનાવી શકાય, પણ આ ઘટનામાં એવાં તમામ તત્ત્વો છે જે આજથી વીસ-ત્રીસ વરસ અગાઉ માત્ર સિનેમાની વાર્તાઓમાં જોવા મળતાં. એક શિક્ષિત ખાનદાનની મા-બાપથી દૂર રહેતી એકલી, સ્વરૂપવાન યુવતી છે, લિવ ઇન રિલેશન છે, જાળમાં ફસામણી (હની ટ્રેપ) છે, એક વિલન જેવો સાથીદાર અને મિત્ર છે, મર્ડર છે, મર્ડર મિસ્ટ્રી છે, પૅમેન્ટ છે. (પણ સૂટકેસ લઈને કોઈ અવાવરું જગ્યાએ જવાનું રહેતું નથી) અને સરળ ગુપ્ત પૅમેન્ટ છે. હવે જો આવો જ સમાજ વિકાસ પામી રહ્યો હોય તો પશ્ચિમની દરેક બાબતનું અનુકરણ કરવા જેવું નથી તે સમાજને સમજાઈ જવું જોઈએ? મા-બાપ પણ શું કરે? જો સ્માર્ટફોન ન લઈ આપે તો દીકરા-દીકરીઓ આત્મહત્યાની ધમકી આપે છે. છતાં બાળપણથી સાચી અને સારી સમજણ આપવી જરૂરી છે.

પ્રિયા શેઠ ટિન્ડર ઍપ્લિકેશન પર જઈને ધનિક લોકોને શોધ્યા કરતી હતી. દુષ્યંતે ધનિકનો સ્વાંગ રચ્યો તેમાં જાન ગુમાવી બેઠો. દુષ્યંતના પિતાએ દુષ્યંતને હંમેશાં સાચું બોલવાની શિખામણ જ આપી હતી, પણ ભાવનાઓ પર એ કાબૂ ન રાખી શક્યો. વડોદરાના પોલીસ અધિકારી અજય દેસાઈ, કરજણ ગામની ૩૭ વરસની સુંદર સ્વિટી પટેલ સાથે પરિચયમાં આવ્યા. સાથે લિવ ઇનમાં રહેવા લાગ્યાં. એક બાળક થયું. દરમિયાન સ્વિટીની જાણ વગર અમદાવાદમાં બીજી એક સ્ત્રી સાથે ધામધૂમથી સત્તાવાર લગ્ન કરી આવ્યા. સ્વિટીને જાણ થઈ ત્યારે એણે જીદ પકડી કે અજય દેસાઈ એની સાથે જ રહે, પણ દેસાઈને સાથે રહેવું ન હતું. એક પોલીસ અધિકારી હતા અને પરિણામો

નેવુંના દશકમાં ઇન્ટરનેટના વ્યાપ સાથે ઓનલાઇન ડેટિંગનો પ્રારંભ થયો. એ દિવસોમાં મેચ, જેડેઇટ, ઇહાર્મની જેવી મેચ મેકિંગ સાઇટો શરૂ થઈ હતી. ભારતમાં ભારત મેટ્રિમોની અને બીજી છે

જાણતાં હતાં, છતાં સ્વિટીનું તકિયાથી ગળું દબાવી ખૂન કરી નાખ્યું. સોશિયલ મીડિયાએ વિદેશી કલ્ચરની આયાત પણ આપણા કલ્ચર પર એક સાથે થોપી દીધી છે. ૪૯ દિવસની લપ્પન છપ્પન પછી અજય દેસાઈ પકડાઈ ગયા છે. જો એક પોલીસ અધિકારી છટકી ન શકતા હોય તો સામાન્ય ગુનેગારો છટકીને ક્યાં જવાના? પ્રિયા શેઠે દુષ્યંતની હત્યા ન કરી હોત તો બે-ત્રણ વરસની સજા થઈ હોત, પણ બ્લેકમેઈલનો ગુનો છૂપાવવા મર્ડર કર્યું અને હવે આજીવન જેલમાં સબડશે. નવી જિંદગી શરૂ કરવાની તક નહીં મળે. જ્યાં જશે ત્યાં લોકો એનાથી દૂર ભાગશે, પણ જો આવી સામાન્ય ગણતરી આવડતી હોત તો એણે ગુનો મૂળમાંથી જ આચર્યો ન હોત.

નેવુંના દશકમાં ઈન્ટરનેટના વ્યાપ સાથે ઓનલાઈન ડેટિંગનો પ્રારંભ થયો. એ દિવસોમાં મેચ, જેડેઈટ, ઈહાર્મની જેવી મેચ મેકિંગ સાઈટો શરૂ થઈ હતી. ભારતમાં ભારત મેટ્રિમોની અને બીજી છે. અમેરિકાની સાઈટો પર પ્રારંભમાં લોકો સાથીદાર અથવા વર/વધૂ પાહીજે (જોઈએ છે)ના રૂપમાં જાહેરખબરો આપવા માંડ્યા, જે અગાઉ અખબારોમાં જ છપાતી હતી. ત્યાર બાદ જગતમાં સેંકડો અને હજારો સાઈટ ખૂલી ગઈ. ઓનલાઈન ડેટિંગમાં પ્રારંભમાં તો મિલન કે મિલન બાદની જુદાઈ બંને ઓનલાઈન જ થતાં હતાં. ઓનલાઈન મુલાકાતો બાદ વધુ મળવાનો, સગાઈ કે લગ્નનો નિર્ણય લેવામાં આવતો. એ પછી તો આજ સુધીમાં ધરખમ ફેરફારો આવ્યા તે આપણે જોયા. આવી સાઈટો પર આજ સુધીમાં પુષ્કળ માત્રામાં ડેટા (વિગતો) એકઠા થયો છે. તેનો નિષ્કર્ષ જોઈએ.

પ્રસિદ્ધ મૅગેઝિન ફોર્બ્સના જણાવ્યા મુજબ આજે વિશ્વભરમાં આઠ હજાર જેટલી ડેટિંગ સાઈટ્સ ઉપલબ્ધ છે અથવા ચાલી રહી છે. એકલા અમેરિકામાં જ અઢી હજાર જેટલી છે. દર વરસે નવી એક હજાર સાઈટ્સ લૉન્ચ થાય છે. જેમ કિડની, ત્વચા, હૃદય, મગજ વગેરેના અલગ-અલગ નિષ્ણાતો હોય છે તેમ આ ડેટિંગ સાઈટોએ પણ પોતાની અમુક

રશિયન હત્યારો આન્દ્રે ચિકાટિલો

ખાસિયતો, સ્પેશિયાલિટીઓ વિકસાવી છે. જેમ કે, જેમને દાઢીવાળો વર જોઈએ એમના માટે 'બ્રિસ્ટિર' સાઈટ છે. વાંકડિયા વાળ, સોનેરી (બ્લોન્ડ) કે કાળા વાળ (બ્રનેર) વગેરે માટે સ્પેશિયલ સાઈટો છે. કુંવારાઓ કે ડિવૉર્સીઓ પાસે આજે પસંદગીના અનેક ઑપ્શનો છે. લગ્ન કરવા ફરજિયાત નથી. બ્રનેટ સાથેનો મોહ પૂરો થાય ત્યારે છૂટા પડીને વળી બ્લોન્ડને લઈ આવે. જોકે સાઈટો પર એટલી વિશાળ સંખ્યામાં ઑપ્શન ઉપલબ્ધ હોય છે કે કોને પસંદ કરવી કે કરવો તે એક સમસ્યા થઈ પડે છે.

ડેટા જણાવે છે કે અમેરિકામાં કોઈ પણ સમયે લગભગ સરેરાશ પાંચ કરોડ ચુંમાળીસ લાખ લોકો કુંવારા હોય છે. અમેરિકાની વસતિ લગભગ સ્થિર રહે છે, તેથી આ આંકડા પણ સ્થિર રહે છે. આ લગભગ સાડા પાંચ કરોડ લોકોમાંથી લગભગ પાંચ કરોડ (ચાર કરોડ ૯૭ લાખ) લોકોએ ડેટિંગ સાઈટનો ફાયદો લીધો છે અથવા તેના સભ્ય બન્યા છે. બિઝનેસ રિસર્ચ પોર્ટલ 'સ્ટેટિસ્ટા'ના અહેવાલ પ્રમાણે ચોવીસ ટકા લોકો પરસ્પર સમજૂતી સાથે શરીર સંબંધો બાંધવાના ઈરાદા સાથે ડેટિંગ ઍપ કે સાઈટનો ઉપયોગ કરે છે. તેઓ અન્ય કોઈ કૌટુંબિક કે ભાવનાત્મક સંબંધો બાંધવા માગવા તૈયાર હોતાં નથી. તેઓ એ સમજણ સાથે જ શરીરની ઈચ્છા પૂરી કરે છે. રાત ગઈ બાત ગઈ. ઘણાં લોકો બાળકો, કુટુંબો, મકાનની ઝંઝટમાં પડવા માગતા નથી અને ખાસ કરીને એક જ ખીલે (સાથીદાર) સાથે બંધાઈ રહેવા માગતા નથી, પણ વેરાઈટી પસંદ કરતા હોય છે, તેઓ એ પ્રકારની સાઈટોનો ઉપયોગ કરે છે. તમે આ પ્રકારને પ્રોસ્ટિટ્યુશન પણ ન કહી શકો, કારણ કે તેમાં બે વ્યક્તિ શારીરિક જરૂરત પૂરી કરવા મળે છે અને પૈસાની કોઈ લેવડદેવડ હોતી નથી.

ઓનલાઈન સાથીદાર શોધતા લોકોમાંથી ૪૩ ટકા એવા હોય છે જે મિત્રતા અને હૂંફ ઈચ્છતાં હોય છે. ઓનલાઈન ડેટિંગ કરનારાઓમાં ત્રીસ ટકા અઢારથી ઓગણત્રીસની વયજૂથમાં આવે છે. તેમાંના ઓનલાઈન ડેઈટરોમાંથી સોળ ટકા એવા હોય છે જે વરસની ત્રીસ હજાર અમેરિકી ડૉલરથી માંડીને પંચોતેર હજાર ડૉલર સુધીની કમાણી કરતા હોય છે.

જ્યારે ડેટિંગ ઍપ કે વેબની શરૂઆત થઈ ત્યારે પ્રારંભમાં તેના વિષે લોકોને શંકા રહેતી હતી, પરંતુ હવે તો લોકો જેના વિષે કશું જાણતા ન હોય તેની સાથે રાત ગાળવા તૈયાર થઈ જાય છે. જોકે અગાઉ અને આજે પણ પ્રોસ્ટિટ્યુશનમાં એવું જ થાય છે. શક્ય છે કે પ્રોસ્ટિટ્યુશનનું સામાજીકરણ થઈ ગયું હોય. આમેય ઘણા દેશોમાં પ્રોસ્ટિટ્યુશન પર પ્રતિબંધ છે. ત્યાં તેઓ આ રીતે આયોજન કરે તો અનેક કાનૂની ઝંઝટમાંથી બચી શકાય, કારણ કે બે જણ રાજીખુશીથી મળે તો તેને પ્રોસ્ટિટ્યુશન ગણાવી શકાતું નથી. છતાં દુનિયામાં અમુક એવા દેશો પણ છે જ્યાં ડેટિંગ ઍપ મારફતે મળતાં લોકો, મિલનની આડમાં સેક્સની ખરીદી વેચાણનું કામ કરતાં હોય તેઓને પકડી પાડવા સાદા વસ્ત્રોમાં પોલીસ બાર, રેસ્ટોરાં, હોટેલ, પાર્ક વગેરેમાં જાસૂસી કરતી હોય છે.

ઓનલાઈન ડેટિંગ પ્લેટફૉર્મ્સનો ઉપયોગ સ્ત્રીઓ કરતાં પુરુષો વધુ કરે છે. 'સ્ટેટિસ્ટિક બ્રેઈન' સંસ્થાના રિપોર્ટ પ્રમાણે ડેટિંગ ઍપ કે વેબના યુઝરોમાં પુરુષોનું પ્રમાણ પચાસ ટકાથી વધુ અને સ્ત્રીઓનું પચાસ ટકાથી ઓછું છે. જાણીતી સંશોધન અને નિરીક્ષક સંસ્થા પ્યુ રિસર્ચ સેન્ટરના આંકડા કહે છે, દુનિયામાં ડેટિંગ ઍપના યુઝરોમાં ૬૨ ટકા પુરુષો હોય છે. ગ્લોબલ વેબ ઈન્ડેક્સના આંકડા પણ પ્યુ રિસર્ચના આંકડાને સમર્થન આપે

ડેટા જણાવે છે કે અમેરિકામાં કોઈ પણ સમયે લગભગ સરેરાશ પાંચ કરોડ ચુંમાળીસ લાખ લોકો કુંવારા હોય છે. આમાંથી લગભગ પાંચ કરોડ લોકોએ ડેટિંગ સાઇટનો ફાયદો લીધો છે

છે. અમેરિકાની કુલ વસતિમાં ટકાવારીની રીતે જોઈએ તો ૧૩ ટકા પુરુષો અને ૯ ટકા સ્ત્રીઓએ ડેટિંગ ઍપનો લાભ લઈ જોયો છે.

પશ્ચિમના અથવા ગોરા જગતના પુરુષો કહે છે કે, નારી સ્વતંત્રતા વધતી ચાલી તેમ-તેમ પુરુષો માટે પણ ડેટિંગ આસાન અને આનંદદાયક બની ગયું છે, પણ આનંદદાયક ત્યારે બને જ્યારે બંને પક્ષ એકનિષ્ઠ અને સમવિચારો ધરાવતા હોય. બાકી જાન ગુમાવવાનો વખત આવે છે. ગોરાઓનો આ ચેપ ભારતના લોકોને વળગ્યો છે. પશ્ચિમમાં મહિલાઓ ડેટિંગ માટે અજાણ્યા પુરુષને બાર કે હોટેલમાં મળે તેમાંની પંચોતેર ટકા સ્ત્રીઓ ઇચ્છતી હોય છે કે કુલ ખર્ચમાંથી પોતે પણ અરધો ભોગવે.

ઘણી ડેટિંગ વેબસાઇટો કે ઍપ એક સ્ત્રી કે પુરુષને મિલાપ કરાવી આપવા માટે કોઈ ફી લેતી નથી, પણ વેબસાઇટના સભ્ય થવા અને બની રહેવા માટે સાઇટની પ્રોફાઇલ પ્રમાણે લવાજમ ફી ભરવી પડે છે. ગે અને એલજિબિટીક્યુ પ્લસ લોકોની પોતાની વૃત્તિ અનુસાર સાઇટો છે એ તમામ સભ્ય લવાજમ માટે અલગ-અલગ રકમ ચાર્જ કરે છે. સભ્ય બન્યા પછી ગમે એટલા સભ્યો સાથે સંપર્ક સાધી શકાય. તેઓનો પ્રોફાઇલ જોઈ શકાય. જે વિવાન્ત કોહલીના પ્રોફાઇલની માફક ખોટો પણ હોઈ શકે. છતાં સાઇટો પર કેટલાક જેન્યુઇન, સાચા લોકો પણ હોય છે. દુનિયામાં સરેરાશ ડેટિંગ કસ્ટમર વરસના સરેરાશ ૨૪૩ ડૉલર (અર્થાત્ લગભગ વીસ હજાર રૂપિયા) વાપરે છે. મેચ નામની ડેટિંગ સાઇટ મહિનાના એકવીસ ડૉલર ચાર્જ કરે, પણ લવાજમ એક વરસનું લેવું પડે. ઝૂસ્ક નામની સાઇટ મહિનાના સાડા બાર ડૉલર ફી લે, પણ લવાજમ છ મહિનાનું ખરીદવું પડે. વધારે ખરીદી શકાય, ઓછું નહીં. ઈહાર્મની એક પ્રખ્યાત ડેટિંગ સાઇટ છે તે બાવીસ ડૉલર પ્રતિ માસની ગણતરી સાથે મિનિમમ એક વરસનું લવાજમ વસૂલ કરે છે. ટિન્ડર પ્લસ મહિને દસ ડૉલર ચાર્જ કરે. સભ્ય બન્યા પછી સભ્ય ગમે તેની સાથે વાત કરી શકે.



ક્રૅન્ય સિરિયલ કિલર ચાર્લ્સ શોભરાજ

અમુક સભ્યો સામેની વ્યક્તિને આંખ મારતી વર્ચ્યુઅલ તસવીર મોકલી અસભ્ય વર્તન કરી શકે, જે ત્યાં અસભ્ય ગણાતું નથી. ભારતની નવી પેઢીમાં પણ નહીં. સભ્ય વ્યક્તિ પોતાનો પ્રોફાઇલ ફાંકાબાજી, તસવીરો ફાવે તેમ અપલોડ કરી શકે, પોતાનું જોડકું ગોઠવી શકે, ઑફર મોકલી કે મેળવી શકે. વળી કોઈ પાત્રને આશાન્વિત થઈને રેસ્ટોરાં, હોટેલ કે છેક વિદેશમાં જવાનું હોય તો પ્રવાસ, કપડાં, હોટેલનું ભાડું વગેરેનો ખર્ચ થાય અને સમય બગડે. વળી ફિયાસ્કો પણ થાય. ઍપ દ્વારા પ્રથમ વખત તો પોતપોતાનાં ઘરે બેસીને મળી શકાય. ખાસ તૈયાર થયા ન હોય તો ચાલે. ઓછા સમયમાં અનેકને મળી શકાય કે તપાસી શકાય. તત્કાળ પ્રત્યુત્તર જાણી શકાય. આવાં કારણોસર ડેટિંગ સાઇટોનું લવાજમ પ્રમાણમાં સસ્તું પડે છે.

અહીં આપણે ૨૦૧૮ના આંકડાઓ જોઈ રહ્યા છીએ. ત્યાર બાદ કોરોના કાળ લાગુ પડ્યો એટલે પ્રવૃત્તિઓ લગભગ ઠપ અથવા ઓછી થઈ ગઈ હતી. ૨૦૧૮માં આ ઉદ્યોગોનો વ્યાપ અથવા વાર્ષિક વકરો ૧૯૦ કરોડ ડૉલરનો હતો. અમુક આકલનોના કહેવા પ્રમાણે હાલમાં લગભગ ત્રણસો કરોડ ડૉલરનો છે. વરસ ૨૦૧૦થી ૨૦૧૫ સુધીમાં વરસે બિઝનેસમાં પાંચ પાંચ ટકાનો વધારો થયો છે. 'મેચ' નામનું ડેટિંગ વેબસાઇટ ગ્રૂપ 'એકેક્યુપિડ' (કામદેવ ઓકે), 'ટિન્ડર' (જાદુઈ પેટી) અને 'પ્લેન્ટી ઓફ ફિશ' (તળાવમાં પુષ્કળ માછલીઓ છે) નામની અલગ-અલગ પ્રોફાઇલની ડેટિંગ વેબો અને ઍપ્સની માલિકી ધરાવે છે. આ કંપનીની ૨૦૧૮માં માર્કેટ કેપિટલ વેલ્યુ બે અબજ ત્રીસ કરોડ ડૉલરની હતી. હજી દુનિયામાં જેમ જેમ નેટવર્ક, ટૅક્નિકલ શિક્ષણ, નાણાંનો અને નવા વિચારોનો વ્યાપ વધતો જશે તેમ તેમ સુંવાળો સંગાથ, સપનાંઓ, રોમાન્સ અને વિકૃત આનંદના ધંધાની દલાલીનો ધંધો વધતો જશે. અમેરિકામાં, પશ્ચિમમાં હંમેશાં નવા વિચારો જ છવાયેલા રહે છે. પ્યુ રિસર્ચનાં સંશોધનો પ્રમાણે પચાસ ટકાથી વધુ અમેરિકનો એક લાયક પાર્ટનરને મળવા માટે ઓનલાઇન ડેટિંગ એક વધુ સારો વિકલ્પ અને માધ્યમ છે. સાઠ ટકાથી વધુ અમેરિકનો હવે તેને સહજતાથી લેવા માંડ્યા છે છતાં ૨૩ ટકા અમેરિકનો માને છે કે આ એક છેવટનો અને હવાતિયા મારવા સમાન વિકલ્પ છે. જોકે ૨૦૦૫માં આવું માનનારા લોકોની સંખ્યા ૨૯ ટકા હતી તે હવે ઘટીને ૨૩ ટકા થઈ છે.

સ્ટેટિસ્ટિક બ્રેઇનના આંકડાઓ મુજબ લવાજમ ભરનારાઓમાંથી દસ ટકા લોકો સરેરાશ લગભગ ત્રણેક મહિના સુધી વેબ કે ઍપ્સનો ઉપયોગ કરે છે અને પછી છોડી દે છે. શક્ય છે કે એમને કોઈ પાર્ટનર મળી ગયો હોય અથવા પોતે ક્યાંક ભેરવાઈ ગયા હોય, પરંતુ જલ્દી છોડી જવા માટે મોટું કારણ તે અપાય છે કે તેઓ દુનિયાના વાસ્તવિક જીવનથી અળગા પડી ગયા હોય તેવું અનુભવવા માંડે છે. ઘણાને મોનોટોની, એકરૂપતા જણાય. મોટા ભાગના પ્રોફાઇલો અને લખાણો મળતાં આવે. જૂની સિનેમા અને કાઇમ પેટ્રોલ સિરીઝમાં બન્યું છે તેમ લોકો ડેટિંગ ઍપના પ્રોફાઇલ વાંચીને કંટાળી જાય છે. અનેક વખત અનેક લોકોના વિચારો, પ્રોફાઇલ અનેકને છીછરા અને હલકા જણાય છે. તેઓ માત્ર સેક્સની વાતોની આસપાસ ઘૂમતા હોય છે. ઘણા શાલીન લોકોને આ પસંદ પડતું નથી અને તેથી છોડીને જતાં રહે છે. ઘણાને મિલાપની જૂની રીતભાતો ફરીથી પસંદ પડવા માંડી છે. તમે કોઈ ચૂંટણીના રોડ શોમાં કોઈને મળો અને ગુફ્તેગો કરો અને એકાંત બાગમાં મળો અને સંવાદ કરો તેમાં જેટલો ફરક છે એટલો ઓનલાઇન ટ્રાફિક અને એક શાંત રેસ્ટોરાંની

ઘણી ડેટિંગ વેબસાઇટો કે ઍપ એક સ્ત્રી કે પુરુષને મિલાપ કરાવી આપવા માટે કોઈ ફી લેતી નથી, પણ વેબસાઇટના સભ્ય બની રહેવા માટે સાઇટની પ્રોફાઇલ પ્રમાણે લવાજમ ફી ભરવી પડે છે

સીટો વચ્ચે છે. મુંબઈમાં એક શ્રીમંતને ત્યાં આ લખનાર ગયા હતા. ભવ્ય ભોજન સમારંભમાં ચાર હજાર વાનગીઓ ખાવાની કોઈ મજા ન આવી. શું ખાવું અને શું ન ખાવું? જે લગ્નમાં પાંચથી સાત આઇટમ હોય ત્યાં ખરેખર મજા આવે. 'બિઝનેસ ઇનસાઇડર'ના એક સરવે પ્રમાણે ટિન્ડરના એંસી ટકા ગ્રાહકોએ કબૂલ કર્યું હતું કે, તેઓ સંબંધોમાં ગંભીરતા ઇચ્છે છે. અછકલાઈ નથી ખપતી. લાંબા ગાળાના સંબંધો બાંધવા ઇચ્છે છે, પણ જ્યાં સુધી પ્રિયા શેઠ જેવા લોકો ટિન્ડરનો ગેરફાયદો ઉઠાવે ત્યાં સુધી આ ઍપ પર લોકોનો વિશ્વાસ બંધાવાનું મુશ્કેલ છે. ટિન્ડર અને તેના જેવી ઍપ્સ સમાન જણાતા સભ્યો વચ્ચે ઝડપથી ઓળખાણ કરાવી આપે છે અને જેટલી બને એટલી ત્વરાથી મિલાપ પણ ગોઠવી આપે.

લોકો સરવેમાં ઘણી વખત સાચા જવાબો આપતાં હોતાં નથી. સર્વત્ર એ વાત ઍપના સભ્યો અને સામાન્ય લોકો વારંવાર દોહરાવતાં હોય છે કે રૂપનું મહત્ત્વ નથી, સદ્‌ગુણો અને કૌશલ્યનું છે. સ્ટેટિસ્ટિક બ્રેઇનના સરવેમાં ૬૪ ટકા લોકોએ એવું ગાણું ગાયું હતું કે દેખાવ કરતાં પણ મહત્ત્વનું છે કે વિચારો મળતા આવે. વાત સાચી છે, પણ લોકો વેબ પર એ વ્યક્તિ પર વધુ રોકાય છે જે રૂપાળી કે રૂપાળો હોય છે. બીજા એક સરવેમાં ૪૯ ટકા લોકોએ કબૂલ કર્યું કે ભાવિ પાર્ટનરનો દેખાવ ખૂબ મહત્ત્વનો છે. ડેટિંગ ઍપ પર લોકો વધુ વિઝિટ કરતા થયા તેનું કારણ એ પણ છે કે ત્યાં મનગમતા ચહેરા અને રૂપ ધરાવતી વ્યક્તિ મળી આવશે. સરવે તો એમ પણ કહે છે કે, પચાસ ટકા કરતાં વધુ અમેરિકનો પોતાના પ્રોફાઇલ બાબતે ઠિંગો અને જૂઠાણાં ચલાવે છે. તેઓ પોતાનાં વજન, ઉંમર, ઊંચાઈ, અભ્યાસ, હોદ્દો, નોકરી, આવક બૅકગ્રાઉન્ડ વિશેની નબળી વાતો છૂપાવે છે અને જૂઠી રજૂઆતો કરે છે. અમેરિકનો એ શ્રદ્ધા સાથે જ હવે બીજાના પ્રોફાઇલો વાંચતા થાય છે કે સામેની વ્યક્તિ જૂઠ બોલી રહી છે. જૂઠાણાંઓમાં પણ પુરુષો આવક અને સંપત્તિ, નાણાંની માલિકી બાબતમાં વધુ જૂઠાણાં વાપરે છે, જ્યારે સ્ત્રીઓ પોતાની ઉંમર વિષે જૂઠાણાં ચલાવે છે. આપણે ત્યાં તો જૂની કહેવત છે કે સ્ત્રીને એની ઉંમર અને પુરુષને એનો પગાર નહીં પૂછવો, કારણ કે પૂછશો તો પણ સાચો જવાબ નહીં મળે. પ્રોફાઇલમાં વીસ ટકા સ્ત્રીઓ પોતાની યુવાની વખતની તસવીરો જ વાપરે છે. ચાલીસ ટકા પુરુષો પોતાના હોદ્દા અને કામ વિષયમાં જૂઠાણાં લખે છે. આ જૂઠાણાંનો પર્દાફાશ થાય જ, જો કાયમ સંબંધ બંધાય તો. ત્યારે સામેના પાત્ર માટે એટલું માન ન રહે. છતાં એનાથી મોટું જૂઠાણું એ હોય છે કે ઓનલાઇન ડેઇટરો (ક્સ્ટમર)માંથી બાસઠ ટકાનું બીજા કોઈ પાત્ર સાથે ઑલરેડી અફૅર ચાલતું હોય છે અથવા તો પરણેલાં હોય છે. તેમાં પણ ૫૧ (એકાવન) ટકાને અફૅર ચાલતું હોય અને અગિયાર ટકા ઑલરેડી પરણેલાં હોય. ટિન્ડર પરના ૪૨ ટકા ગ્રાહકોમાંથી ત્રીસ ટકા પરણેલાં હોય છે અને બાર ટકાને ઑલરેડી કોઈ પાર્ટનર હોય છે.

'બિઝનેસ ઇનસાઇડર'ના એક સરવે પ્રમાણે ટિન્ડરના એંસી ટકા ગ્રાહકોએ કબૂલ કર્યું હતું કે, તેઓ સંબંધોમાં ગંભીરતા ઇચ્છે છે. અછકલાઈ નથી ખપતી. લાંબા ગાળાના સંબંધો બાંધવા ઇચ્છે છે

ડેટામાંથી મળતી વિગતો ચોંકાવનારી છે. અમેરિકામાં સૌ પ્રથમ મળી રહેલાં સ્ત્રી-પુરુષોમાંથી ત્રીજા ભાગનાં સ્ત્રી-પુરુષો પ્રથમ મુલાકાતમાં શરીર સંબંધ માણે છે. તેમાં પણ પ્રત્યેક પાંચમાંથી ચાર સ્ત્રીઓ સલામત સેક્સની ખેવના રાખતી નથી. કોઈ પ્રોટેક્શન વાપરતી નથી. સાઠ ટકા લોકો ઓનલાઇન મળ્યાં બાદ સાથે મળીને બહાર ફરવા ગયા છે. પછી ભલે સમાગમ ન માણ્યો હોય. દર પાંચમાંથી એક કપલ સાથે રહેવા તૈયાર થાય છે. ઘણાંનાં સફળ લગ્નજીવનો શરૂ થયાં છે, પરંતુ અગાઉ જેઓ સેક્સને લગતાં, બળાત્કાર જેવા ગુનાઓ આચરી ચૂક્યા હોય છે તે પ્રત્યેક દસમાંથી એક ડેટિંગ સાઇટનો સભ્ય બન્યો હોય છે. ડેટિંગ ઍપ કંપનીઓ ફિલ્ટરો વાપરે, સભ્યપદનાં ધારાધોરણ, ઓળખના નિયમો કડક બનાવે તો ઓનલાઇન પરિચય સાર્થક પણ બની શકે, પરંતુ જે-તે સભ્ય બનીને ગુનાઓ આચરે તેમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે. ખાસ કરીને મોટી ઉંમરની સ્ત્રીઓ અને અન્ય સ્ત્રીઓએ પાંચ કરોડ ડૉલર (રૂપિયા ચારસો કરોડથી વધુ) ડેટિંગ સાઇટ પર થતાં ફ્રોડમાં ગુમાવ્યા છે. પ્રત્યેક દસમાંથી એક પ્રોફાઇલ સાવ ખોટો હોય છે. ડેટિંગ સાઇટની મદદ વડે આજ સુધીમાં સોળ હજાર અપહરણો, હજારો બળાત્કાર અને સેંકડો હત્યાઓની ઘટનાઓ ઘટી છે. છતાં આપણે આશા રાખીએ કે ડેટિંગ ઍપ નિર્દોષ અને સ્વીકાર્ય વિકલ્પ બને. પ્રસિદ્ધ અભિનેત્રી સુહાસિની મૂલેની મુલાકાત ૨૦૧૧માં મુંબઈની ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચમાં કામ કરતા ભૌતિક વિજ્ઞાની અતુલ ગુર્તુ સાથે ફેસબુક પર થઈ હતી. અતુલની ઉંમર ત્યારે ૬૮ વરસની હતી અને સુહાસિની ત્યારે ૬૨ વરસનાં હતાં. બંને પરણી ગયાં અને સુખી છે, પણ ફેસબુક એ ડેટિંગ ઍપ નથી અને બંને જણ એકમેકથી સારી રીતે વાકેફ થાય તો ઘણા અનિષ્ટો આપોઆપ દૂર થઈ જાય. ■

ભવિષ્યનું નાણું અને નાણાંનું ભવિષ્ય

વિશ્વમાં પહેલુંવહેલું કાગજી નાણું છાપનારી અને હાલમાં કાર્યરત હોય એવી સૌથી જૂની સેન્ટ્રલ બેંકોમાં જેની ગણના થાય છે એ સ્વિડનની સેન્ટ્રલ બેંકમાં ઉચ્ચ પદે બિરાજતી અર્થશાસ્ત્રી નામે સેસેલિયા કિંગ્સલે ભાવિ ભાખતી હોય એમ ૨૦૧૮માં ઉવાચે છે, 'હાલનો રુખ જોતાં અનુમાન લગાવીએ તો ૨૦૩૦ સુધીમાં સ્વિડિશ સેન્ટ્રલ બેંક પાસે એની છેલ્લી ચલણી નોટ પાછી આવી જશે.' ત્યાં સતત ઘટી રહેલા કાગળ સ્વરૂપનાં નાણાંનો વપરાશ એમને આવું કહેવા પ્રેરે છે, જે વિશ્વવ્યાપી ટ્રેન્ડ છે અને જેના સાક્ષી અહીં ભારતમાં આપણે પણ બન્યા જ છીએ. અહીં જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહેલી એ ડિજિટલ સ્વરૂપના રૂપિયાને વ્યાવહારિક રીતે કામમાં લેવાનું પહેલું પ્રાયોગિક પગલું સરકાર દ્વારા વિવિધ બેન્કોના સહકારથી, હોલસેલ પેમેન્ટ સિસ્ટમ માટે એક મહિના પહેલાં અને રિટેલ પેમેન્ટ સિસ્ટમ માટે ગણતરીનાં શહેરો પૂરતું પહેલી ડિસેમ્બરે ભરાઈ ચૂક્યું છે.

વિશ્વમાં જ્યારે કોઈ મજબૂત નિયંત્રણ હેઠળ ના ચાલતી ક્રિપ્ટોકરન્સીનું ચલણ વધતું દેખાય ત્યારે દાયકાઓથી અર્થતંત્રની નસોમાં દોડતા, પરંપરાગત સરકારી નાણાચિઠ્ઠીઓ સ્વરૂપમાં જીવતા પૈસાને પોતાના 'ચલણ' સામે ખતરો ઊભો થયેલો દેખાઈ જાય. ચલણના ઘણા અર્થોમાંથી અમુક અર્થ થાય - વગ, અંકુશ, વર્ચસ, અમલ કે સત્તા. એટલે કોઈ પણ દેશની સરકાર એવું જ ઇચ્છે કે ચલણમાં હોય એ પૈસા પોતાના હોય, પોતાના અંકુશમાં રહે અને અર્થતંત્ર, પ્રજાતંત્ર વગેરે પર એમનું એકંદરે નિયંત્રણ જળવાઈ રહે. વધારામાં, ફાઇનાન્સ જગતમાં ખાનગી ક્ષેત્રનાં લોકો દ્વારા આવી રહેલાં પરિવર્તનો સાથે તાલ મિલાવવા માટે પણ સરકારોએ ડિજિટલ દરિયામાં પોતાનું નવું વહાણ ઉતારવું જરૂરી થઈ પડે. વિશ્વની મહત્તમ કરન્સીઓ ડૉલરના પડછાયામાં જીવતી હોય છે કે એનાથી દબાયેલી હોય છે. અમેરિકા કે એની સાથે જેમના હિતો સઘન રીતે જોડાયેલા છે એવા દેશો સિવાયના દેશો પણ ડૉલરના આધિપત્યને પડકારી શકે એવા કોઈ નવા ફોર્મેટના પૈસાને પોતાના લાભ માટે વાપરવા ઉત્સુક હોય એ સમજી શકાય.

પાછલા એકાદ-બે દાયકામાં ડિજિટલ ક્રાંતિની અસર નાણાં અને અર્થવ્યવસ્થા પર સ્પષ્ટપણે પડેલી દેખાઈ આવે છે તથા ફાઇનાન્સ ક્ષેત્રે ટેક્નોલૉજીનો પ્રભાવ જે હદે વધ્યો છે એના પરિણામે ફાઇનાન્સિયલ ટેક્નોલૉજીનો ટૂંકાક્ષર 'ફિનટેક' શબ્દ એક વિશાળ વર્ગની બોલચાલનો હિસ્સો બની ગયો છે. આ હકીકત પર નજર રાખતાં તજજ્ઞો અર્થવ્યવસ્થાની રૂઢિગત કાર્યપ્રણાલીમાં વિક્ષેપ પડી રહ્યો હોવાની સંભવિત ભીતિ તરફ ઇશારો કરે છે અને નાણાવ્યવસ્થાનું નિયંત્રણ કરતી વિવિધ સેન્ટ્રલ બેંકોને એટલે જ પોતાની અલાયદી સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) બજારમાં લાવવાની ફરજ પડી રહી છે. આ સીબીડીસી ક્રિપ્ટોકરન્સી કરતાં અલગ છે, કારણ કે ક્રિપ્ટોકરન્સી ડિસેન્ટ્રલાઇઝ છે, એનું નિયંત્રણ કરનાર કોઈ સંસ્થા કે સત્તાનું સ્પષ્ટ અસ્તિત્વ દેખાતું નથી. જ્યારે સીબીડીસીને સરકારી તંત્રનું દેખીતું પીઠબળ મળે છે અને એ ફિઝિકલ ફૉર્મમાં અસ્તિત્વ ધરાવતા મુદ્રિત પૈસાનું નવું અને ડિજિટલ સ્વરૂપ છે. પ્રથમ ચરણમાં પ્રાયોગિક સ્તરે સીબીડીસીને બેંક-બેંક વચ્ચે અથવા બેંક અને કોઈ મોટી આર્થિક સંસ્થા વચ્ચેની હોલસેલ પેમેન્ટ સિસ્ટમ તરીકે ઉપયોગમાં લેવાય છે. રોજબરોજના પરચૂરણ કે થોડા મોટા આર્થિક વ્યવહારો કરતાં સામાન્ય નાગરિકો માટે વ્યાપક રીતે સીબીડીસી હજુ નથી વપરાતી, સિવાય કે કોઈ નાના દેશ કે ઓછી જનસંખ્યા ધરાવતાં ક્ષેત્રમાં મર્યાદિત રીતે પ્રયોગ હાથ ધરાયો હોય. જેમ કે આપણી રિઝર્વ બેંક સામાન્ય નાગરિકો રોજિંદા કામકાજમાં વાપરી શકે એવું ડિજિટલ નાણું લાવી છે અને એનો વ્યાપ વધે એવી સંભાવના પણ સબળ છે. ઉરુગ્વે જેવા ચોત્રીસ લાખની જનસંખ્યા ધરાવતા દેશે પણ ત્યાંનાં લોકો એમના પૈસાને મોબાઇલમાં રહેલી એક ઍપમાં ડિજિટલ સ્વરૂપે જમા કરાવીને રોજિંદા ખર્ચ માટે વાપરી શકે એવી વ્યવસ્થા ઊભી કરેલી. આજે યુપીઆઈ વડે પરચૂરણ ખર્ચ કરવાની જેને ટેવ પડી ગઈ છે એવા ઘણા ભારતીયોને એમાં કોઈ નવાઈ ન લાગે. તેમ છતાં યુપીઆઈ વડે જે પૈસાની લેવડદેવડ થાય છે, એ પૈસા ખરેખર ક્યાંક બેંકમાં પડ્યા કે બજારમાં ફરતા હોવાથી અસ્તિત્વ ધરાવે છે. જ્યારે સીબીડીસી રૂપે જન્મેલા પૈસા ફક્ત ડિજિટલ દેહમાં જ વિદ્યમાન રહે છે, એની સાથે એનું કોઈ ભૌતિક સ્વરૂપ નથી જોડાયેલું હોતું. આનાથી નોટો છાપવાનો અને એનું દેશભરમાં વિતરણ



કરવાનો ખર્ચ બચી જાય છે. ચીને ગયા વર્ષે જ ત્યાંની પ્રજા વચ્ચે ટ્રાયલ માટે ડિજિટલ નાણું વહેતું કરેલું. બહામાસ, ડોમિનિકા, ગ્રેનાડા જેવા નાનકડા કેરેબિયન ટાપુઓ અને નાઇજીરિયા જેવા આફ્રિકન દેશમાં સીબીડીસી ઇશ્યૂ થઈને વપરાઈ હોવાના સમાચાર છે તથા ભારત, ઓસ્ટ્રેલિયા, ઈરાન, કેનેડા, બ્રાઝિલ, જમૈકા, સ્વિડન જેવા દેશોમાં પાઇલોટ પ્રોજેક્ટ લૉન્ચ થઈ ગયા છે કે થઈ રહ્યા છે અને હજુ તો ઘણા દેશો આ યાદીમાં પોતાનું નામ નોંધાવવા મથી રહ્યા છે.

સીબીડીસી વિવિધ દેશના સરકારી તંત્રને આકર્ષે છે એનું એક અગત્યનું કારણ એ કે સીબીડીસીને ટ્રેસ કરી શકાય છે. સેન્ટ્રલ બેંક દ્વારા ઇશ્યૂ કરાયા પછી સીબીડીસી સ્વરૂપે નાણું ક્યાં-ક્યાં ફરી રહ્યું છે એનું પગેરું ડિજિટલ વ્યવસ્થામાં સરળતાથી મળી જાય. જ્યારે કાગળ કે ધાતુ સ્વરૂપે નાણું ક્યાં જાય છે, કોના પાસેથી કોને પહોંચે છે એનું ટ્રેસિંગ કરવું મુશ્કેલ કે લગભગ અશક્ય. કોઈની પાસે જમા થયેલું બેનામી અને કાળું નાણું પકડી શકાય, જેની કોઈ નોંધ ના હોય એવી આવકનો સોર્સ જાણી શકાય. સરકાર દ્વારા સહાયરૂપે મળતા પૈસા અને વિવિધ પ્રકારની ગ્રાન્ટ ખરેખર યોગ્ય માણસો કે સંસ્થાઓને મળે છે, મળ્યા પછી એમના દ્વારા એ જ કામ પાછળ ખર્ચાય છે કે નહીં, એ પણ જાણવું સરળ થઈ જાય. અલબત્ત, આ બધા ફાયદા છતાં હકીકત તો એ જ રહે છે કે સરકાર એકેએક પૈસો અર્થતંત્રની નસમાં ક્યાં-ક્યાં ફરી આવ્યો છે 'ને ફરી રહ્યો છે એનો હિસાબ રાખવા માગે છે, જે ખરેખર વિજ્ઞાનકથાઓમાં આવતી ભવિષ્યની એવી સરકારોનું ચિત્ર મનમાં ઊભું કરે છે, જે નાગરિકોની પ્રત્યેક હિલચાલ પર કડક નિગરાની રાખતી હોય. ખેર, આ પણ એ પ્રકારનું પરિવર્તન છે જેને લાંબા સમય સુધી લોકો ટાળી નહીં શકે અને અંતે એને સૌ વ્યવસ્થાનો એક ભાગ ગણી સ્વીકારી લેશે.

ટૅક્નોલૉજી નવી હોય અને એમાં પણ ઘણાં લોકો જેઓ લોહી-પરસેવો એક કરી એકઠો કરતા હોય એ પૈસાનો મામલો હોય ત્યારે વિશ્વાસ એક અગત્યનું પાસું બની રહે છે. કાગળ પર મુદ્રિત નાણું પણ આખરે તો સરકાર એ કાગળને એના પર લખેલા આંકડા જેટલી કિંમત ધરાવતો હોવાની ખાતરી આપે છે એવું માનીને જ નાગરિકો ઉપયોગમાં લે છે. એટલે નાણાંનો ડિજિટલ અવતાર ટૅક્નોલૉજીના દરિયામાં તરતો મૂકવામાં આવે ત્યારે ચાંચિયાઓથી સુરક્ષિત રહે એ જોવું પણ સરકાર માટે પડકાર બની રહેશે. ઉપરાંત સ્માર્ટફોન બરાબર વાપરતા ના ફાવે એને ભરમાવીને કોઈ રીતે ઓનલાઇન ટ્રાન્ઝેક્શન દ્વારા પૈસા પડાવી લેવાની છેતરપિંડીના સમાચારોની હવે નવાઈ નથી રહી. એટલે હજુ પણ એક વિશાળ વર્ગ પૈસાના ડિજિટલ વ્યવહારોથી ટૅક્નોલૉજી પરના અવિશ્વાસ અને આવડતના અભાવને કારણે દૂર જ રહે છે.

ફાઇનાન્સ જગતમાં ખાનગી ક્ષેત્રનાં લોકો દ્વારા આવી રહેલાં પરિવર્તનો સાથે તાલ મિલાવવા માટે પણ સરકારોએ ડિજિટલ દરિયામાં પોતાનું નવું વહાણ ઉતારવું જરૂરી થઈ પડે

અગાઉનાં વર્ષો કરતાં હાલમાં જનસંખ્યા અને આર્થિક વ્યવહારો વધવાથી ચલણી નોટો પહેલાં કરતાં વધુ સંખ્યામાં છપાઈને વહી રહી છે. એકથી બીજા અને બીજાથી ત્રીજા હાથમાં એમ સતત ફરતું રહેતું, મેલ અને સૂક્ષ્મ જીવાણુઓનું નિવાસ તથા વહનનું પણ માધ્યમ બનતું પૈસાનું કાગજી શરીર નશ્વર હોય છે. એની સામે વીજ કે ઊર્જાના સંકેતો સ્વરૂપે પલકારામાં વહન પામતાં ડિજિટલ મનીના ફાયદા ઘણા છે. એની આયુ સૈદ્ધાંતિક રીતે અનંત છે અને મૉડર્ન હ્યુમનના મનને એ જ આગળ જતાં વધુ માફક આવશે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનની માત્રા વધવાથી એવી વાતો વહેતી થઈ છે કે પેપર મની અર્થાત્ નાણાચિઠ્ઠીઓ વહેલીમોડી લુપ્ત થઈ જશે, જે પ્રથમ રેડિયો-ટીવી અને દ્વિતીય ઇન્ટરનેટ આવવાથી અખબારો બંધ થઈ જશે એવું ગાણું ઘણું ગવાયું હોવાની વાત યાદ કરાવે, પણ હજુ સુધી એવું નથી થયું. માટે જ્યાં સુધી મનુષ્યના દિમાગમાં પૈસાને સૉલિડ ફોર્મમાં જોઈને સંતોષ થતો રહેશે કે એ કંઈક સંપત્તિ ધરાવે છે, ત્યાં સુધી નાણાચિઠ્ઠીઓ ચાલશે. હાલની નવી અને ભવિષ્યમાં આવનારી પેઢીઓનાં મનમાં, જેને હાથમાં લઈને અનુભવી શકાય, જેનો દળદાર જથ્થો ધનવાન હોવાની અનુભૂતિ કરાવે એ ફિઝિકલ ફૉર્મના પૈસાની સમજ ધીમે-ધીમે ઓછી થશે અને પૈસાને તેઓ જ્યારે સ્ક્રીન પર ઝબકતા આંકડાઓ સાથે જોડીને એના ડિજિટલ સ્વરૂપને સમર્પિત થઈ ગયા હશે, છેક ત્યારે નોટો અને સિક્કાઓ લુપ્ત થશે.

કૉફી-સ્કિપ્ટ :

અતિશયોક્તિ વગર કહી જ શકાય કે પૈસાનો મહાન આંતરિક ગુણ છે - તમારા સમય પર તમારું નિયંત્રણ આપવાની એની ક્ષમતા. ('ધી સાઇકોલૉજી ઑફ મની', મૉર્ગન હાઉઝલ) ■

પૂર્ણિમાદેવી : પંખીનું અસ્તિત્વ બચાવવા જીવન સમર્પિત

એક દિવસ મને અચાનક ફોન આવ્યો, ‘તમે જલ્દી અહીં આવી જાઓ. એક મોટું વૃક્ષ કાપવામાં આવી રહ્યું છે અને હર્ગિલાનાં બધા માળાઓ અને બચ્ચાંઓ ખતમ થઈ ગયા છે.’ મેં ત્યાં પહોંચીને જોયું કે કેટલાંય બચ્ચાંઓ અધમૂઆ થઈ ચૂક્યાં હતાં અને કેટલાંકે દમ તોડી દીધો હતો. જેમણે આ વૃક્ષ કાપ્યું તેમની સાથે વાત કરવા હું ગઈ તો તેમણે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો કે, આ અમારા ઘરનું વૃક્ષ છે. અમે કાપીએ કે રાખીએ તમારે શું મતલબ? આસપાસના લોકો મારી મજાક ઉડાવવા લાગ્યા. મેં જ્યારે તેમને કહ્યું કે હું આના પર અભ્યાસ કરી રહી છું તો તેમણે કહ્યું કે આ પંખી તો બધે ગંદકી ફેલાવે છે અને તમારે તેને બચાવવું છે?

latika.suman@sambhaav.com

ભૂમિ એટલે કે પૃથ્વી, ધરતી જેને આપણે માતા તરીકે ઓળખીએ છીએ. આ માતાના સંપૂર્ણ શરીર સાથે જોડાયેલી ઊર્જાને સ્ત્રીના રૂપમાં જોવામાં આવે છે. મા પોતાના દરેક બાળકને પ્રેમ કરે છે, કોઈની સાથે વહાલાં-દવલાં જેવો વ્યવહાર રાખતી નથી. મા પોતાના બાળકની ભાવનાઓને સમજી શકે છે, કારણ કે તેનું હૃદય તેના બાળક સાથે જોડાયેલું હોય છે. પછી એ કોઈ પણ જીવ હોય, કીડા-મકોડા, સાપ, વાઘ, સિંહ, હરણ, પંખીઓ - બધાં માટે મા એ મા જ હોય છે. આવી જ રીતે ધરતી માતા પણ પૃથ્વી પરના પોતાના દરેક બાળક સાથે જોડાયેલી છે. પોતાનાં બાળકોમાં જો કોઈ અશક્ત હોય, દિવ્યાંગ હોય તો સમાજ ભલે તેને તરછોડે પણ મા તેનું વધુમાં વધુ ધ્યાન રાખે છે. આપણે જોઈએ તો ડૉક્ટર પૂર્ણિમાદેવી બર્મનની પરિસ્થિતિ પણ આવી જ છે.

પૂર્ણિમાદેવી જ્યારે બે જોડિયાં દીકરીઓની માતા બન્યાં ત્યારે એ પીએચડી કરી રહ્યાં હતાં. તેઓ એક મોટા સારસ હર્ગિલા -જેને અંગ્રેજીમાં Greater Adjutant કહેવાય છે તેના પર સંશોધન કરીને પોતાની ડિગ્રી મેળવવા માગતાં હતાં. સૌની જેમ એમણે પણ જીવનમાં પોતાના માટે અનેક પ્લાન બનાવ્યાં હતાં, ભવિષ્યમાં તેમને પણ કંઈક મોટું કાર્ય કરીને બતાવવું હતું. જે પંખી ઉપર તેઓ અભ્યાસ કરી રહ્યાં હતાં તેને જ થઈ રહેલા અન્યાયને જોઈને તે પંખીઓ સુધી તેમનું હૃદય ખેંચાવા લાગ્યું હતું. તેમને એવું લાગતું હતું કે આ પંખીઓની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. દુનિયા માટે આ પંખીઓની કિંમત શૂન્ય છે.

લોકોની એ ધારણા છે કે સારસ કુળનું આ પંખી કે જેને બિહારમાં ગરુડ મહારાજ તરીકે પણ ઓળખવામાં આવે છે એ નકારાત્મક અને ગંદું છે. એટલે લોકો તેનાથી દૂર ભાગે છે. જે જોવું નથી ગમતું તેનાથી દૂર ભાગવું એ માણસનો સ્વભાવ છે. પૂર્ણિમાદેવી એક એવું ઉદાહરણ છે જેમણે આ સ્વભાવને છોડ્યો. તેમણે આ પંખીને બચાવવાનું નક્કી કર્યું અને આગળ ડગ માંડ્યા. જે પંખીથી લોકો દૂર

ભાગતા હતા તે પંખીને બચાવવા માટે જ તેમણે કરેલા સ્નેહભર્યા વર્તનને કારણે તેમને ચેમ્પિયન્સ ઓફ ધી અર્થ- ૨૦૨૨ના એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં. પૂર્ણિમાદેવીની આ ગૌરવશાળી સફરને સમજવા માટે 'અભિયાને' તેમનો આસામમાં સંપર્ક કર્યો. વ્યસ્તતા વચ્ચેથી સમય કાઢીને પૂર્ણિમાદેવીએ પોતાના બાળપણથી લઈને આજ સુધીના જીવન વિશે 'અભિયાન' સાથે વાત કરી.

'હું પાંચ વર્ષની હતી. એ સમયે મારાં માતાપિતા મને મારાં દાદીમા પાસે મજરી ગામમાં છોડીને જતાં રહ્યાં. મારા પિતાજી આર્મીમાં હતા અને તેઓ નાસિક ગયા. તેથી મારી મા પણ તેમની સાથે ત્યાં ગઈ. અમે ત્રણ ભાઈ-બહેન છીએ. મા મને દાદીમા પાસે છોડીને જઈ રહી હતી અને હું ખૂબ જોરથી રડી રહી હતી. આજે પણ મને એ દૃશ્ય યાદ છે. મને એ સમજાતું નહોતું કે તેઓ મારી સાથે આવું શા માટે કરી રહ્યા છે? હું નાની હતી એટલે કામને લીધે તેમને થઈ રહેલી અડચણને હું સમજી નહોતી શકતી. મને ખૂબ એકલું એકલું લાગતું હતું. એ સમયે તો આજની જેમ ફોન પણ ન હતા. આજે પણ એ દિવસો યાદ કરું છું તો મને રડવું આવી જાય છે.' પૂર્ણિમાદેવીનો અવાજ સાંભળતા જ લાગતું હતું કે તેમને ગળે ડૂમો ભરાઈ આવ્યો છે.

પોતાની વાતને આગળ વધારતાં તેમણે કહ્યું કે, 'મારાં દાદીમા જ્યારે આ પરિસ્થિતિને જોતાં ત્યારે એ મને પોતાની સાથે ખેતર પર લઈ જતાં. મારી પાસે નાના-નાના રોપાઓનું વાવેતર કરાવતાં અને માટી સાથે રમવા દેતાં. મને પંખીઓનો કલબલાટ સાંભળવા પ્રેરતા અને મને કહેતાં કે, તું પણ ગીત ગા. હું પક્ષીઓને જોઈને કેટલાંય ગીતો ગાતી. એક દિવસ હું ત્યાંથી જતી હતી ત્યારે મને એક મોટું પંખી દેખાયું. તેની લાંબી ગરદન અને ઊંચાઈ જોઈને હું ખુશ થઈ ગઈ, પણ તેનું નામ મને ખબર ન હતી. અહીં તેને બોર્ટૂકોલા કહીને બોલાવવામાં આવે છે. મને એ પ્રકારના પંખીઓ સાથે લગાવ થઈ ગયો હતો. તેમને આખો દિવસ જોયા કરવા એ જાણે કે મારો શોખ બની ગયો હતો.'

'મારું ભણવાનું શરૂ થયું. થોડા સમય પછી તો મારાં માતાપિતા પણ સાથે રહેવા આવી ગયાં હતાં. મેં માસ્ટર ડિગ્રી કરી અને પછી પીએચડી પણ કરવું હતું. એ સમયે અમારા પ્રોફેસર પૌર્ણિમાચંદ્ર ભટારચી અને ટી.કે. સેકિયા પંખીઓ વિશે જાણકારી આપતા હતા. એ કહેતા હતા કે, તમે લોકો ફિલ્ડમાં જઈને કોઈ નક્કર કામ કરો. પંખીઓ પર કામ કરવા માટે હું અરણ્યક સંસ્થા સાથે જોડાઈ ગઈ. મેં ફિલ્ડમાં હર્ગિલા પંખીને જોયું અને મને લાગ્યું કે મારે તેના પર જ પીએચડી કરવું જોઈએ. તેમની સંખ્યા પણ સાવ ઓછી થઈ ગઈ છે. પણ મારાં માતાપિતાની ઇચ્છા એવી હતી કે હવે મારે લગ્ન કરી લેવા જોઈએ. તેમણે કહ્યું કે જો સાસરીવાળા ઇચ્છે તો તું આગળ અભ્યાસ કરજે. મારા પ્રોફેસરે મને કહ્યું કે, તું અભ્યાસ ચાલુ રાખ અને હું તારા માટે તારા જ ફિલ્ડને અનુકૂળ છોકરો શોધી આપીશ. રથીન બર્મન કે જે હવે મારા પતિ છે તેઓ પણ પર્યાવરણ પર કામ કરી રહ્યા હતા. મારાં લગ્ન થઈ ગયાં, પણ હું પીએચડી પૂરું કરવા માગતી હતી, પણ લગ્નના એક વર્ષમાં જ હું બે જોડિયાં સંતાનો- બે દીકરીઓની મા બની ગઈ.'

વાતચીત આગળ ધપાવતાં પૂર્ણિમાદેવી કહે છે કે, "મેં મારો અભ્યાસ ચાલુ રાખ્યો હતો, પણ હું ફિલ્ડ પર નહોતી જતી, કારણ કે મારે મારાં બાળકોથી પણ દૂર જવું ન હતું અને વધુમાં વધુ સમય તેમની સાથે પસાર કરવો હતો. એક દિવસ મને અચાનક ફોન આવ્યો, 'તમે જલ્દી અહીં આવી જાઓ. એક મોટું વૃક્ષ કાપવામાં આવી રહ્યું છે અને હર્ગિલાનાં બધા માળાઓ અને બચ્ચાંઓ ખતમ થઈ ગયા છે.' મેં ત્યાં પહોંચીને જોયું કે કેટલાંય બચ્ચાંઓ અધમૂઆ થઈ ચૂક્યાં હતાં અને કેટલાંકે દમ તોડી દીધો હતો. જેમણે આ વૃક્ષ કાપ્યું તેમની સાથે વાત કરવા હું ગઈ તો તેમણે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો કે, આ અમારા ઘરનું વૃક્ષ છે. અમે કાપીએ કે રાખીએ તમારે શું મતલબ? આસપાસના લોકો મારી મજાક ઉડાવવા

લાગ્યા અને કહ્યું કે આ તો હર્ગિલાનું માંસ ખાવા આવી છે. મેં જ્યારે તેમને કહ્યું કે હું આના પર અભ્યાસ કરી રહી છું તો તેમણે કહ્યું કે આ પંખી તો બધે ગંદકી ફેલાવે છે અને તમારે તેને બચાવવું છે? ત્યાં કોઈ લોકો માનવા તૈયાર ન હતા અને તેમણે બીજું વૃક્ષ પણ કાપવાનો નિર્ધાર કરી લીધો હતો.''

પૂર્ણિમાદેવી ઘરે આવ્યાં, પણ એ પ્રસંગે તેમના પર ખૂબ અસર કરી હતી. એ રાત્રે તેઓ ઊંઘી શક્યા નહીં. એ વિચારવા લાગ્યા કે હું તો પીએચડી કરી લઈશ કે ડૉક્ટર બની જઈશ, પણ આ પંખીઓને કોણ બચાવશે? હું તો તેમને ન બચાવી શકી અને વૃક્ષ પણ ન બચાવી શકી. પૂર્ણિમાદેવી કહે છે કે, 'એક વાત મારા મનમાં ઘર કરી ગઈ હતી કે જો તેમને બચાવવા હશે તો પંખીઓ જે ગંદકી ફેલાવી રહ્યાં છે તેમને રોકવી પડશે. હું બીજા દિવસે એ દાદાના ઘરે ગઈ. મેં કહ્યું કે તમે આ વૃક્ષ ન કાપો. હું તમને બધી સાફસફાઈ કરી આપીશ. મેં સાફસફાઈ કરી આપી. તેઓ ખુશ થયા. મારા વિશે જાણ્યું, મારી દીકરીઓને પણ ઘરે બોલાવી અને ખૂબ વાતો કરી. એ દિવસથી મારું એક મિશન શરૂ થયું કે હર્ગિલા પંખી સાથે પ્રેમ અને સ્નેહ વધારવાના પ્રયત્નો કરવા. મેં મારી સમજાવટની પદ્ધતિ બદલી અને જોયું કે હવે લોકો સમજી રહ્યા છે અને સાથ પણ આપી રહ્યા છે. ધીમે-ધીમે લોકો આ પંખી માટે ગર્વ અનુભવતા થયા, પણ રસ્તો જરાય સરળ ન હતો.'

'હું શરૂઆતમાં જ્યારે લોકોને મળવા જતી હતી ત્યારે એ લોકો વિચારતા કે આ કેમ અહીં રોજ રોજ આવે છે? કારણ કે લોકો માટે આ

પંખી કોઈ મોટી વાત ન હતી, પણ હું તેની સામે માના પરિપ્રેક્ષ્યથી જોઈ રહી હતી. હું રવિવારે પણ લોકોના ઘરે જતી હતી. આ કામમાં મેં મહિલાઓને એકત્રિત કરવાનું નક્કી કર્યું. હું તેમને આ પંખી વિશે સમજાવતી અને કહેતી હતી કે કેમ એ આપણા જીવનમાં અગત્યનું છે અને કઈ રીતે તે પર્યાવરણનું મિત્ર છે. જ્યારે કોઈ માળામાં હર્ગિલાનો જન્મ થવાનો હોય ત્યારે અમે તેના સીમંતનું પણ આયોજન કરતાં. મંદિરમાં જઈને અમે તેના જન્મ નિમિત્તે પૂજાનું પણ આયોજન કરતાં. પંખીઓના નામ પર અમે પ્રસાદ ચઢાવતા, પણ આ કામ માટે એક મજબૂત સંગઠનની આવશ્યકતા મને લાગતી હતી અને તેથી જ અમે હર્ગિલા આર્મીની સ્થાપના કરી. આ આર્મીમાં ઘણા લોકોને જોડવામાં આવ્યા. સ્કૂલ અને કૉલેજોમાં જઈને અમે તેના પર વાત કરી. આ રીતે અમે આગળ વધતાં ગયાં. આ કાર્યક્રમોથી લોકોનું કુદરત સાથે જોડાણ વધ્યું અને લોકોને ખબર પડી કે આપણો શ્વાસ પણ કુદરત સાથે જોડાયેલો છે અને કુદરત જ આપણી સૌથી મોટી પૂંજી છે.'

પૂર્ણિમાદેવી બર્મનનાં કાર્યોનું સૌએ સન્માન કર્યું છે. તેમને નારી શક્તિ પુરસ્કાર, વ્હીટ્લી પુરસ્કાર, અર્થ હીરો સન્માન, વીમેન અચિવર ઍવૉર્ડ જેવાં અનેક સન્માનો મળ્યાં છે. હાલમાં જ તેમને સંયુક્ત રાષ્ટ્રના સર્વોચ્ચ સન્માનથી નવાજવામાં આવ્યા. એ વિશે તેઓ કહે છે, 'એક દિવસ યુનાઇટેડ નેશન્સ ઇન્ડિયામાંથી મને ફોન આવ્યો અને હું અવાક્ રહી ગઈ. મને સમજાતું નહોતું કે હું શું કરું. કઈ રીતે મારી લાગણીને વ્યક્ત કરું. લોકો જે પંખીને નકારાત્મક સમજતા હતા તેના માટે મને ઍવૉર્ડ મળી રહ્યો છે. મારા કામથી મને ખ્યાલ આવ્યો કે જીવનમાં જોખમ લેવું અને મહેનત કરવી જરૂરી છે. પર્યાવરણ પ્રત્યે સ્નેહ પણ ખૂબ આવશ્યક છે.'

પૂર્ણિમાદેવી જે વાતો કરી રહ્યાં હતાં એ આપણને ખૂબ સારી લાગી હશે, પણ શું આપણે ક્યારેય ગંભીરતાથી એ વાતો વિશે વિચારીએ છીએ? આપણા મનમાં પણ અનેક પ્રકારના ડર રહેલા હોય છે, પણ જ્યારે આપણે ડર્યા વગર એ વાતોને પ્રેમ કરવા લાગીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે બધી જગ્યાએ પ્રેમ છુપાયેલો હોય છે. જ્યારે આપણે તેનો સ્વીકાર કરીએ છીએ ત્યારે આપણને પણ ખુશી મળે છે અને દુનિયાને પણ ખુશી આપી શકીએ છીએ. પૂર્ણિમાદેવીએ એ વાત સિદ્ધ કરી છે કે કામને તો સફળ બનાવી શકાય છે, પરંતુ સ્વપ્નો અને લક્ષ્ય બંને સિદ્ધ કરી શકાય છે. ■

જ્યારે ગાયના ગોબરમાંથી બનેલી ચિપને પેટન્ટ મળી...

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા કહેવાય છે, પરંતુ તે આજે રખડી રખડીને પેટ ભરે છે. ગાયની ઉપયોગિતા માત્ર દૂધ પૂરતી જ મર્યાદિત રહી હોવાથી તેના તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. જો તેનું ઉત્પાદન મૂલ્ય વધે તો તેની જાળવણી પણ વધે, પરંતુ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ગાય, ગોબર, ગૌમૂત્ર વિશે કોઈ વિશેષ સંશોધન કરાતું નથી.

suchita@sambhaav.com

ગાયને ભારતીય સંસ્કૃતિમાં માતા કહીને આદર અપાય છે. તેની પૂજા કરાય છે, પરંતુ ભારતના લોકો દ્વારા ગાયનું યોગ્ય રીતે લાલનપાલન થતું નથી. તેથી આ પવિત્ર મનાતાં પશુને રસ્તે રખડીને, પ્લાસ્ટિક સહિતનો કચરો ખાઈને જીવન ગુજારવું પડે છે. થોડા દાયકાઓ પહેલાં સુધી ગાય અને ગૌવંશની ઉપયોગિતા વધુ હતી. ગાયનો ઉપયોગ દૂધ, છાણ માટે હતો તો બળદનો ઉપયોગ પરિવહન અને ખેતી માટે હતો, પરંતુ આજે યાંત્રિક યુગમાં તેની ઉપયોગિતા રહી નથી. તેથી તેના પ્રત્યે દુર્લક્ષ સેવાય છે. ગૌપ્રેમીઓ માને છે કે જો ગાયનું મૂલ્યવર્ધન થાય, તેની ઉત્પાદકતા માત્ર દૂધના સંદર્ભે નહીં, પરંતુ સર્વાંગી રીતે વધે તો લોકો ગાયની દેખરેખ વધુ સારી રીતે કરે. દૂધ ઉપરાંત ઉત્પાદકતા વધારવા માટે ગોબર અને ગૌમૂત્રની ઉત્પાદકતા વધારવી જરૂરી છે. આપણા વેદો-પુરાણોએ પણ ગાયનો મહિમા ગાયો છે. ગૌસૂક્તમાં તો તેનો અગાધ મહિમા ગવાયો છે. ત્યારે તેમાંથી માર્ગદર્શન મેળવીને આધુનિક વિજ્ઞાનની મદદથી તેની વધુ ને વધુ ઉપયોગિતા શોધવી જરૂરી છે, પરંતુ જેનો પશુપાલન એક મહત્ત્વ ભાગ છે, તે કૃષિ યુનિવર્સિટીઓમાં પણ ગાય, ગોબર અને ગૌમૂત્ર વિશે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવામાં આવતું નથી, તે ખેદજનક છે.

ઑર્ગેનિક ખેતીના પુરસ્કર્તા, કુકમા ખાતે આવેલા રામકૃષ્ણ ટ્રસ્ટના મનોજ સોલંકી જણાવે છે કે, 'ગાયમાં સકારાત્મક ઊર્જા છે. તેને વેદ-પુરાણોએ સૂર્યપુત્રી તરીકે ઓળખાવી છે. તેનામાં સૂર્યની ઊર્જા ગ્રહણ કરવાના ગુણો છે. મેં ક્યાંક એવું વાંચ્યું હતું કે લશ્કરનાં બંકરોમાં ગાયના ગોબરનું લીંપણ કરવામાં આવે છે. અમેરિકામાં પણ આવું થતું હોવાનું મારા વાંચવામાં આવ્યું હતું. તેમ જ જાપાન પર જ્યારે અણુ હુમલો થયો ત્યારે ગોબરવાળાં કપડાંએ લોકોને સુરક્ષિત રાખ્યા હોવાનું પણ જાણવામાં આવ્યું હતું. આથી મેં મારી રીતે જૂનાં પુસ્તકોમાંથી આ અંગે માહિતી મેળવી અને તેમાં મારા અનુભવનો ઉપયોગ કરીને અમે ૨૦૧૬માં ઍન્ટિ રેડિયેશન ચિપ બનાવી. આ ચિપની ઉપયોગિતા વિશે મેં પેન્ડ્યુલમથી અને બેલેસ્ટિક ગેલ્વેનોમીટરથી પ્રયોગો કર્યા હતા. જેમાં સાબિત થયું હતું કે, ગાયના ગોબરના કારણે રેડિયેશન ઘટી જાય છે. તેથી અમે ચિપ બનાવી, તેને પેટન્ટ માટે મોકલી અને આજે ૨૦૨૨માં પેટન્ટ મળી ગયો છે.'

ગાયના ગોબર વિશે સંશોધન ખૂબ ઓછું થયું હોવાનું જણાવતાં તેઓ કહે છે, 'ભારતમાં ગોબર વિશે માહિતી છે, પરંતુ તે બાબતે વિશેષ સંશોધન થતું નથી. મેં ગુજરાતની જૂનાગઢ, દાંતિવાડા, આણંદ અને નવસારીની કૃષિ યુનિવર્સિટીને આ બાબત વધુ સંશોધન કરવા અને ગોબરનાં વૈજ્ઞાનિક તથ્યો પર પ્રકાશ પાડવા માટે પત્ર લખ્યો હતો, પરંતુ કોઈ યુનિવર્સિટીએ આ અંગે સંશોધન કરવામાં રસ ન બતાવ્યો. ગાયના ગોબરનું ઉત્તમ ખાતર બને છે, પરંતુ જો તેને વધુ વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવાય, તેના માટે પણ વિશેષ સંશોધન કરાય તો ઑર્ગેનિક ખેતી કરનારા ખેડૂતોને વિશેષ ફાયદો થઈ શકે. અમે ખાતર અંગે વિવિધ પ્રયોગો કર્યા છે અને ઉપયોગી તત્ત્વોથી ભરપૂર એવું કમ્પોસ્ટ બનાવ્યું છે. યુનિવર્સિટીઓ ગાય અંગે સંશોધન કરે તો પણ તેને વિશેષ રસ ગાયના આરોગ્ય, તેના દૂધના વિજ્ઞાનમાં હોય છે. ગોબર અને ગૌમૂત્ર પણ દૂધ જેટલાં જ મૂલ્યવાન છે. તેના પર સંશોધન થવું જ જોઈએ.'

તેઓ માને છે છત્તીસગઢમાં છે તે રીતે ગોબર અને ગૌમૂત્રની ડેરીઓ બનાવવી જોઈએ. ગુજરાતમાં બનાસડેરી ખરીદે છે, તે બાયોગેસ પ્લાન્ટ અને ગોબરથી ઉત્પન્ન થતાં સી.એન.જી. માટે પમ્પ પણ ચલાવે છે. રામકૃષ્ણ ટ્રસ્ટ સંચાલિત ગ્રામ ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ગાય આધારિત ૩૨ જેટલી વસ્તુઓ બનાવાઈ છે. ખાતર ઉપરાંત ધૂપ સ્ટિક, હવન કંડા, સુશોભનની વસ્તુઓ, દવાઓ, ફિનાઇલ, ખેતીની દવાઓ વગેરે બનાવાઈ છે. ગોબર ગેસ પ્લાન્ટ પણ ચાલે છે, પરંતુ આ કામ મોટા પાયે અને વૈજ્ઞાનિક રીતે થાય તે જરૂરી છે.

રામકૃષ્ણ ટ્રસ્ટના કાર્યકર્તા તેજસ પટ્ટણી ઍન્ટિ રેડિયેશન ચિપ વિશે વાત કરતાં જણાવે છે કે, 'જો સામાન્ય વ્યક્તિ પેન્ડ્યુલમ પાસે જાય તો તે ગોળ ગોળ ફરે, જો મોબાઇલ સાથે કોઈ વ્યક્તિ જાય તો તેનું વર્તુળ ઘટી જાય છે, પરંતુ જો ચિપવાળો મોબાઇલ

યુનિવર્સિટીઓને વિશેષ રસ ગાયના આરોગ્ય, તેના દૂધના વિજ્ઞાનમાં હોય છે. ગોબર અને ગૌમૂત્ર પણ દૂધ જેટલાં જ મૂલ્યવાન છે. તેના પર સંશોધન થવું જ જોઈએ

મનોજભાઈ સોલંકી,
રામકૃષ્ણ ટ્રસ્ટ, કુકમા

સાથે રાખીને કોઈ જાય તો વર્તુળ મોટું થઈ જાય છે અને બેલિસ્ટિક ગેલ્વેનોમીટરવાળો પ્રયોગ પણ આદિપુરની તોલાણી કૉલેજમાં કર્યો હતો. જેમાં ગેલ્વેનોમીટરના વિચલન અને મોબાઈલના રેડિયેશનના આંકડાઓ નોંધ્યા હતા. અમે ઍન્ટિ રેડિયેશન ચિપ માટે દેશી ગાયના ગોબર સાથે મેદાલકડી પાવડર બોન્ડિંગ એજન્ટ તરીકે વાપર્યો છે. આ ચિપ બજારમાં ૨૦૧૬થી જ વેચાઈ રહી છે. નજીવી માત્ર રૂ. ૧૦ની તેની કિંમત છે, પરંતુ જો તેને વ્યાવસાયિક રીતે માર્કેટમાં મૂકવી હોય તેના દેખાવમાં, પેકિંગમાં, બ્રાન્ડિંગમાં થોડા ફેરફાર કરવા પડે અને તેની અસર તેની કિંમત પર પડી શકે. અમારી પાસેથી શીખીને થોડા બીજા લોકોએ પણ થોડા ફેરફાર સાથે આવી ચિપ બજારમાં મૂકી છે.'

કેવા પ્રકારનું ગોબર આ ચિપ માટે ઉપયોગી છે, તેવું જણાવતી વખતે તેઓ કહે છે, 'કોઈ પણ દેશી, ખૂંધવાળી ગાયનું ગોબર વાપરી શકાય, પરંતુ જો તે આચરકૂચર ખાતી ન હોય તો તેની અસર વધુ સારી રહે. ગાયની ખૂંધમાં સૂર્યનાડી છે. તે સૂર્યકિરણોને પકડે છે અને દૂધ, ગોબર, ગૌમૂત્ર બધાંમાં તેની અસર પહોંચે છે. મોબાઈલ માટેની ચિપ ૧.૫ બાય ૨.૫ સે.મી.ના અને કોમ્પ્યુટર માટેની ચિપ ૩ બાય ૭ સે.મી.ના માપની હોય છે. આ ચિપ મોબાઈલ કે કોમ્પ્યુટર પર સ્ટિકરની જેમ લગાવી શકાય છે.'

જૂનાગઢ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. વલુભાઈ ગોલકિયા સાથે વાત કરતાં તેઓ જણાવે છે કે, 'આ વાત સાચી છે કે, ગોબર કે ગૌમૂત્ર અંગે બહુ ઓછું સંશોધન થયું છે. હકીકતે અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી દ્વારા જો સંશોધન કરીને ગોબરનું ક્યું તત્ત્વ રેડિયેશન અટકાવવા માટે કામ કરે છે તે શોધવું જોઈએ. રેડિયેશનના વધ-ઘટના ડેટા પણ જોવા જરૂરી છે. ગૌમૂત્ર ઉપર બહુ થોડાં સંશોધન થયાં છે. અમે થોડાં સંશોધનો કર્યાં છે. ગૌમૂત્રમાં રહેલાં ઍન્ટિ એજિંગ, ઍન્ટિ કૅન્સર, ઍન્ટિ કાર્ડિયાક કમ્પાઉન્ડ વિશે પણ અમે સંશોધન કર્યું છે. ગૌસૂક્તમાં વિવિધ શ્લોકોમાં ગૌમૂત્ર, ગોબરના ગુણો વિશે વિસ્તૃત ઉલ્લેખ છે, પરંતુ ગુજરાતમાં આ વિશે વિશેષ સંશોધન થયાનું ધ્યાનમાં નથી.'

કચ્છ યુનિવર્સિટીના ઍન્વાયરોમૅન્ટલ બાયોલૉજી વિભાગના વડા ડૉ. મૃગેશ ત્રિવેદી જણાવે છે કે, 'અમે બાયોરિસોર્સ મૅનેજમૅન્ટ સેન્ટર ચલાવીએ છીએ. જેના માધ્યમથી અમે ગૌમૂત્ર, ગોબરમાંથી બનતાં ઉત્પાદનમાં ક્યા પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓ રહેલા છે, તેના વિશે સંશોધન કરીને વધુ ઉપયોગી, સારા સૂક્ષ્મ જીવાણુઓને અલગ તારવીને તેનું જલદ દ્રાવણ (આ દ્રાવણમાં જીવાણુઓની માત્રા ૧૦ના ૯ કે ૧૦ ઘાત જેટલી હોય છે.) બનાવીને તેનો ઉપયોગ કરવા પ્રયોગો કરીએ છીએ. વધુ માત્રામાં જીવાણુઓ હોવાના કારણે જે-તે ઉત્પાદન વધુ સારું કામ આપે છે. દા.ત. ખાતર. જે માટે આવા જલદ દ્રાવણ ખૂબ ઉપયોગી થાય છે. અમે બનાવેલા ખાતરના દ્રાવણનો ૬૫૦ એકર ખેતીમાં પ્રયોગ કરતાં તેનું ખૂબ સારું પરિણામ મળ્યું હતું. એરંડાની ખેતીમાં તો તેનો ઉતાર ખૂબ વધ્યો હતો. જોકે ગોબરના ઍન્ટિ રેડિયેશન ગુણ વિશે સંશોધન કરાયું નથી.'

જૂનાગઢ કૃષિ અને કચ્છ યુનિવર્સિટીએ ગોબર કે ગૌમૂત્ર વિશે આટલું પણ સંશોધન કર્યું છે, પરંતુ અન્ય કૃષિ યુનિવર્સિટીઓએ આ અંગે કોઈ જ સંશોધન કર્યું નથી. આણંદ યુનિવર્સિટીના કુલપતિ કે.બી. કથીરિયાના જણાવ્યાનુસાર, 'યુનિવર્સિટીએ ગાયની નવી જાતો વિશે સંશોધન કર્યું છે, પરંતુ તેનાં ઉત્પાદનો વિશે કોઈ સંશોધન કર્યું નથી.'

આમ અધિકૃત કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ગૌવંશને વધુ ઉપયોગી બનાવી શકાય તે માટે કોઈ સંશોધન થતાં નથી. ખરેખર તો ગાય અને ગૌવંશને બચાવવા માટે આ અંગે ગંભીરતાપૂર્વક સંશોધન કરવું આવશ્યક છે. ■

જ્યાં સિનેમા શ્વસે છે
૫૩મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ

ગોવામાં નવેમ્બરની આખરમાં યોજાઈ ગયેલા ૫૩મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવના સમાપન સમારોહમાં જ્યુરીના વડા ઇઝરાયલના ફિલ્મ નિર્દેશક નદવ લેપિડની 'ધ કાશ્મીર ફાઇલ્સ' ફિલ્મ વિશેની ટિપ્પણી આખરી ક્ષણોમાં વિવાદનો વિષય બની રહ્યો. જોકે ઇઝરાયલના ભારત ખાતેના રાજદૂતે પરિસ્થિતિને સંભાળી લીધી હતી. ફિલ્મોત્સવનો રસપ્રદ અહેવાલ 'અભિયાન'ના કટાર લેખકની કલમે...

only books magazine

ગોવાના દરિયા કિનારે આ વર્ષે, ફરી ૨૦થી ૨૮ નવેમ્બર દરમિયાન આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ રંગેચંગે ઊજવાયો. ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ ઈન્ફોર્મેશન ઍન્ડ બ્રૉડકાસ્ટિંગ તથા નેશનલ ફિલ્મ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા આયોજિત આ ૫૩મો ફિલ્મ સમારોહ હતો. કોવિડના ગોઝારા બે વર્ષ બાદ ગયા વર્ષે ફેસ્ટિવલ યોજાયેલો, પણ તે હાઇબ્રિડ હતો. આ વખતે પણ વર્ચ્યુઅલએક્સેસ હતું જ, તેમ છતાંય લાઇવ ઑડિયન્સ સૌથી વધુ પ્રમાણમાં આ વખતે - ૫૩મા આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં હતું, પણ આ લખનારે પૂરેપૂરા, નવ દિવસ જાતજાતની ફિલ્મો, ભાતભાતની ફિલ્મોની વાતો તથા ફિલ્મીલોકો વચ્ચે પસાર કર્યા હતા.

૫૩મા આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં રમતગમત અને યુવા બાબતોના મંત્રી તથા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, 'એશિયાના સૌથી મોટા ફિલ્મોત્સવ એવા ઇફ્ફિનું આ ૫૩મું વર્ષ છે. અહીં ફિલ્મમેકર, નિર્માતા તથા દેશ-દુનિયાના કલાકારોને પોતાની કૃતિ રજૂ કરવાની તક મળે છે. અમે ભારતને વૈશ્વિક કન્ટેન્ટ હબ બનાવવા માગીએ છીએ. આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે અમારી ભારતને ફિલ્મમેકર્સ, પ્રોડક્શન, પોસ્ટ પ્રોડક્શન માટે એક મોટું માર્કેટ બનાવવાની યોજના છે.'

ભારતીય ફિલ્મોનો ગુલદસ્તો!

આ વખતે ઇન્ડિયન પૅનોરમા સેક્શનમાં ૨૫ ફિલ્મો હતી. જેમાં કન્નડ

ભાષાની ‘હદિનેલેંતુ’ નામક ફિલ્મ ઓપનિંગ ફિલ્મ તરીકે હતી. પૃથ્વી કોનાનુર દિગ્દર્શિત આ ફિલ્મમાં બારમા ધોરણમાં ભણતા બે વિદ્યાર્થીની વાર્તા છે. બંને શનિવારના દિવસે, ક્લાસ પૂરા કર્યા બાદ અંતરંગ ક્ષણોને કેમેરામાં શૂટ કરે છે. સોમવારે તેમને પ્રિન્સિપાલ દ્વારા બોલાવવામાં આવે છે અને કહેવામાં આવે છે કે, તમારો વીડિયો ઇન્ટરનેટ ઉપર ફેલાઈ ચૂક્યો છે. તેમનો પરિવાર ધ્રુજી જાય છે. સ્કૂલમાંથી તેમના પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. બાદમાં તેમની જાતિને લઈને પણ પ્રશ્નો સામે આવે છે. શ્રીયન ભોંસલે અને નીરજ મેથ્યુ અભિનીત, યુવાનોના સંવેદનશીલ મુદ્દા પર વાત કરતી ‘હદિનેલેંતુ’ ફિલ્મ અગાઉ બુસાન ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત થઈ ચૂકી છે.

ભારતીય ફિલ્મોમાં લોકોએ સર્વાનુમતે વખાણેલી કોઈ ફિલ્મ હોય તો એ તમિળ ‘કુરાંગુ પૈડલ’. કમલકાન્નન દિગ્દર્શિત આ ફિલ્મની વાર્તા લોકોને ખૂબ ગમી. એક બાળક અને પિતાની વાર્તા છે આ ફિલ્મમાં. વાત એમ છે કે, દીકરાને સાઇકલ શીખવી છે અને પિતાને સાઇકલ ચલાવતા આવડતી જ નથી. થાય છે એવું કે ગામમાં સાઇકલ ભાડે આપવાની દુકાન ખૂલે છે. દીકરાને તે સાઇકલ ભાડે લાવવાની મનાઈ ફરમાવવામાં આવે છે ત્યારે તે, પૈસા માટે મા પાસે જાય છે. જેથી તે સાઇકલ ચલાવતા શીખી શકે. અહીંથી શરૂ થાય છે સાઇકલ ચલાવવાનો રસપ્રદ દોર. નૉસ્ટાલ્જિક ફિલ આવતી આ ફિલ્મ જ્યુરી સહિત તમામની ગમતી ફિલ્મ રહી.

ઇન્ડિયન પૅનોરમાની ફિચર કૅટેગરીના જ્યુરી ચૅરમેન તરીકે આ વર્ષે મૂળ કચ્છના મુંબઈ નિવાસી ફિલ્મ દિગ્દર્શક વિનોદ ગણાત્રા હતા. તેમણે બનાવેલી હારુન-અરુણ અને હેડાહૂડા જેવી ફિલ્મની નોંધ આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલોમાં લેવાઈ છે. તેમણે જણાવ્યું હતું કે, ‘આ બધી ફિલ્મોમાંથી પસાર થવાનો અનુભવ એકદમ અલગ અને ઉમદા રહ્યો. ઘણી ફિલ્મ એકદમ ફિક્કી અને નિરસ

કન્નડ ફિલ્મ હદિનેલેંતુ

પણ જોઈ અને અમુક કુરાંગુ પૈડલ જેવી જબરદસ્ત. મૂળ બાબત વાર્તા છે. ભારતમાં તો અઢળક વાર્તા પડેલી છે. જે બસ, દર્શાવવાની રાહ છે.’

આ વખતે સત્યજીત રેને શ્રદ્ધાંજલિ રૂપે ‘ધ વન ઍન્ડ ઓન્લી રે’ નામક એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમની ફિલ્મોના મૂળ પોસ્ટર્સ પરથી નવા પોસ્ટર્સ સ્પર્ધકોએ બનાવ્યા હતા. પ્રથમ ત્રણ સ્પર્ધકને ઇનામ આપવામાં આવ્યા હતા. ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા - ૨૦૨૨માં સત્યજીત રેની ફિલ્મો અને તેમના પર, તેમણે લખેલી વાર્તાઓ પર બનેલી ફિલ્મો દર્શાવવામાં આવી હતી. તેમની ૧૯૯૦ની ‘ગણશત્રુ’ અને ૧૯૭૭ની ‘શતરંજ કે ખિલાડી’ જેવી તેમની ફિલ્મો, તો અનંત નારાયણ મહાદેવનની ‘ધ સ્ટોરીટેલર’ નામની હિન્દી ફિલ્મ, જે સત્યજીત રેની વાર્તા પર આધારિત હતી વગેરે દર્શાવવામાં આવી હતી. ‘ધ સ્ટોરીટેલર’માં ૩૨ નોકરી બદલનાર કોલકાતાના ધૂની વાર્તાકારની વાત છે. આ પાત્ર પરેશ રાવલે ભજવ્યું છે. આ ઉપરાંત ઇન્ડિયન પૅનોરમા સેક્શનમાં આરઆરઆર, જય ભીમ, ધ કશ્મીર ફાઇલ્સ, મેજર જેવી સફળ ફિલ્મોનું પણ સ્પેશિયલ સ્ક્રિનિંગ હતું. બાદમાં રિલીઝ થનારી હિન્દી ફિલ્મોનું આગોતરું સ્ક્રિનિંગ પણ IFFI ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. જેમ કે વરુણ ધવનની ‘ભેડિયા’, અજય દેવગણની ‘દૃશ્યમ-૨’.

ઇન્ડિયન પેનોરમા વિભાગમાં ફિચરની સાથે નોન-ફિચર ફિલ્મો પણ દર્શાવવામાં આવી હતી, જેમાં ઓપનિંગ ફિલ્મ તરીકે ‘ધ શૉ મસ્ટ ગો ઓન’ હતી

આ વખતે ઇન્ડિયન પૅનોરમા સેક્શનમાં ‘દો બદન’, ‘કટી પતંગ’ અને ‘તીસરી મંજિલ’ જેવી ઑલ્ડ ઇઝ ગોલ્ડ ફિલ્મો પણ સુમાર હતી. પૂછો ક્યૂં? કેમ કે આ ફિલ્મની મહોતરમા આશા પારેખજીને દાદા સાહેબ ફાળકે ઍવૉર્ડ (૨૦૨૦) આ વર્ષે એનાયત કરવામાં આવ્યો છે. ફિલ્મોત્સવમાં આશા પારેખજીનું એક સેશન પણ હતું અને તેમનું ક્લોઝિંગ સેરેમનીમાં સન્માન કરવામાં આવ્યું હતું.

ઇન્ડિયન પૅનોરમા વિભાગમાં ફિચરની સાથે નોન-ફિચર ફિલ્મો પણ દર્શાવવામાં આવી હતી, જેમાં ઑપનિંગ ફિલ્મ તરીકે ‘ધ શૉ મસ્ટ ગો ઓન’ હતી તો આયુષ્યમાન, બિયોન્ડ બ્લાસ્ટ, રેખા, ટાંગ, યાનમ જેવી શૉર્ટ ફિલ્મો હતી.

મણિપુરી સિનેમાએ આ વર્ષની બીજી એપ્રિલે ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. તેના માનમાં આ વખતે આ પાંચ દાયકાના જુદા જુદા સમયગાળાની મણિપુરી ફિલ્મો દર્શાવવામાં આવી. અને હા, આ વખતે ઑસ્કરમાં મોકલવામાં આવેલી ગુજરાતી ફિલ્મ ‘છેલ્લો શૉ’નું સ્પેશિયલ સ્ક્રિનિંગ પણ ઇફ્કિ ૨૦૨૨માં થયેલું.

સેશન્સની ભરમાર

‘મારાં માતા-પિતા ખેતી કરતાં હતાં. મને પણ તે ગમતું હતું અને હજુ પણ ગમે છે. ભવિષ્યમાં એ જ કરીશ. ખેતી સિવાય મારે ડૉક્ટર બનવું હતું. સ્ટુડન્ટ યુનિયનમાં પણ હતો. એટલે કે નેતા (લીડર) પણ બનવું હતું. ઇન શૉર્ટ, અભિનય ક્ષેત્ર સિવાય તમામ ઑપ્શન મારી પાસે હતા! અભિનયનો પ્રવેશ થયો ગ્રેજ્યુએશનના પહેલા વર્ષમાં.’

આ શબ્દો છે અફલાતૂન અભિનેતા પંકજ ત્રિપાઠીના. ફેસ્ટિવલના બીજા જ દિવસે - ૨૧મી નવેમ્બરે પંકજ ત્રિપાઠીનો માસ્ટરક્લાસ હતો, જેમાં તેમણે ક્રાફ્ટ ઑફ સિનેમા - કૅરૅક્ટર ડેવલોપમેન્ટ વિશે વાતો કરી. તેમણે કહ્યું કે, ‘અભિનેતા બનવા માટે માતા-પિતાનો સંપૂર્ણ સપોર્ટ હતો. કેમ કે તેમને ખબર નહોતી કે આ ક્ષેત્રમાં કેટલી



અંગ્રેજી શિક્ષકની વાત કરતી 'ધ વ્હેલ'

સ્ટ્રગલ હોય છે!'

પંકજ ત્રિપાઠીને સ્ક્રીન પર જોવા અને રૂબરૂ સાંભળવા હંમેશ ગમ્યા છે. તેમણે એક કલાકના સેશનમાં તેમની પોતાની જર્ની તથા તેમણે કરેલાં કામ વિશે વાતો કરી. ઑડિયન્સમાંથી એક પ્રશ્ન આવ્યો કે તમે હૉલિવૂડ કે દક્ષિણ ભારતની ફિલ્મોમાં કામ કરતા જોવા મળશો? બેશક, તમને ઑફર તો આવતી જ હશે. પંકજ ત્રિપાઠીએ સરસ જવાબ આપ્યો કે, 'હા, મને હૉલિવૂડ ઉપરાંત તેલુગુ, મલયાલમ ફિલ્મોમાંથી ઑફર આવે જ છે, પણ પહેલી વાત તો એ કે, હું હિન્દી ફિલ્મોમાં અત્યંત વ્યસ્ત છું. બીજું એ કે, હું હિન્દી ભાષામાં સહજ છું. તે ભાષા, તેની લાગણીને સમજું છું. મને હિન્દી સિવાયની ભાષાને લઈને લાગે કે હું તે બોલી નહીં શકું. અને લિપ સિંક કરવામાં તે સત્યતા નહીં જળવાય. મને લાગે છે કે હિન્દી સ્પિકિંગ પાત્ર હું ભજવી લઈશ સરળતાથી, એ ચાહે કોઈ પણ ભાષાની ફિલ્મ હોય.'

ઍક્ટિંગની ટિપ આપતાં પંકજ ત્રિપાઠીએ કહેલું કે, 'હું ખાવાનું બનાવતો હોઉં, કપડાં ધોતો હોઉં, નાહી રહ્યો હોઉં કે ટૉઇલેટમાં બેઠો હોઉં ત્યારે હું ઍક્ટિંગ વિશે જ વિચારતો હોઉં છું.'

IFFIમાં મીઠી મૂંઝવણ એ થતી હોય છે કે, કઈ ફિલ્મ જોવી અને કઈ ન જોવી. કયો માસ્ટરક્લાસ એટેન્ડ કરવો અને કયો સ્કિપ કરવો. જેમ કે, આ દિવસે જ અન્ય બે સરસ મજાનાં સેશન્સ પણ હતાં. એક બાહુબલી અને આરઆરઆર લખનારા વિજયેન્દ્ર પ્રસાદનો રાઇટિંગ પરનો માસ્ટરક્લાસ, તો અન્ય અદ્વૈત ચંદન (સિક્રેટ સુપરસ્ટાર) અને શૂજિત સરકાર (ઑક્ટોબર, સરદાર ઉધમ)નો ફિલ્મમેકિંગ પરની વાતો. આ બેઉ સેશન્સ પણ રસપ્રદ રહ્યાં હતાં.

અન્ય સેશન્સમાં આ ફિલ્મોત્સવમાં નવાઝુદ્દીન સિદ્દીકી, પ્રસૂન જોશી, આર બાલ્કી, અનુપમ ખેર, કબીર ખાન, આનંદ એલ. રાય, લવ રંજન, રિષભ શેટ્ટી, એ. આર. રહેમાન, શેખર કપૂર, સહિતના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ સિનેમાની વાત..

જેને વર્લ્ડ સિનેમા કહે છે, તે આંતરરાષ્ટ્રીય સિનેમામાં મને સૌથી વધુ ગમી હોય કોઈ ફિલ્મ તો તે ફ્રેન્ચ ફિલ્મ 'ટ્રાયન્ગલ ઑફ સેડનેસ'. ફેસ્ટિવલ કેલિડોસ્કોપ સેક્શન અંતર્ગત ફેસ્ટિવલમાં સિલેક્ટ પામેલી આ ફિલ્મ એક સટાયર થ્રિલર હતી. તેમાં બ્લૅક કૉમેડીની ભરમાર હતી. પ્રેમીઓ છે. છોકરો યંગ મૉડેલ અને છોકરી ઇન્ફ્લુઅન્સર છે. બેઉ એક લક્ઝરી ક્રૂઝ ઉપર ફરવા જાય છે. તેમની સાથે તે ક્રૂઝ ઉપર બાકીના પણ તેમના જેવા જ, નાની કે મોટી ઉંમરના, તવંગર લોકો છે.

'ટ્રાયેન્ગલ ઑફ સેડનેસ'માં મનોરંજક રીતે ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગ વચ્ચેની ખાઈ પર પ્રહાર કરવામાં આવ્યો છે. લાખો



ઇઝરાયલની સિરીઝ 'ફૌદા'

રૂપિયા ખર્ચીને ક્રૂઝ પર ફરવા આવનાર લોકોના પ્રશ્નો કેવા હોય! જે લોકો ક્રૂઝ પર કામ કરે છે તેમના મતે આ લોકો કેવા છે? ફરવા આવનાર અપર ક્લાસના મગજમાં અન્ય લોકોની કેવી છાપ છે? માનવમનની આ બાજુ આ ફક્કડ ફ્રેન્ચ ફિલ્મમાં ખૂલે છે.

૫૩મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલની મેં જોયેલી બેસ્ટ ફિલ્મ આ હતી. ફિલ્મ પૂરી થઈ ત્યારે સ્ટેન્ડિંગ ઑવેશન મળ્યું હતું. બીજી ફિલ્મ અમેરિકન સાઇકોલૉજિકલ ડ્રામા 'ધ વ્હેલ' હતી. ડૅરેન એરનૉફ્સ્કી દિગ્દર્શિત આ ફિલ્મમાં સ્થૂળતાથી પીડિત એક અંગ્રેજી શિક્ષકની વાર્તા છે. તેને પોતાના શરીરને લઈ, પૂર્વગ્રહ હોઈ, તે બાળકોને ઑનલાઇન ભણાવે છે! જેમાં પોતાની સ્કિન ઑફ રાખે છે, જેથી કોઈને પોતાનું શરીર ન દેખાય. પત્ની અને દીકરી તેનાથી જુદાં રહે છે. અભિનેતા બ્રેન્ડન ફ્રેઝરે કરિયરનું બેસ્ટ પરફૉર્મન્સ કર્યું છે તેમ કહી શકાય. જેનું શરીર અત્યંત જાડું છે, મેદવૃદ્ધિ વધારે છે, તે પોતાની રોજિંદી ક્રિયાઓ કઈ રીતે કરે છે; તેના કરતાં વધારે તેની માનસિક સ્થિતિ કેવી હોય છે - તે આ ફિલ્મમાં રોચક રીતે દર્શાવાયું છે.

તે સાથે નાયકનો તેની દીકરી સાથેનો સંબંધ પણ ઝીલાયો છે. અમેરિકન લેખક હેર્મન મેલ્વિસની નૉવેલ 'મોબિ-ડીક'નો રેફરન્સ આ ફિલ્મમાં લેવામાં આવ્યો છે.

ફિલ્મોત્સવમાં દર્શાવાતી મોટા ભાગની ફિલ્મોના અંતે, એ ચાહે પસંદ પડી હોય કે ન પડી હોય, તમને કંઈક જડે છે. જે-તે દેશની

વિવિધ કેટેગરીમાં મળેલા બેસ્ટ એવોર્ડ

બેસ્ટ ફિલ્મ: આઈ હેવ ઇલેક્ટ્રિક ડ્રિમ્સ
બેસ્ટ એક્ટર (ફિમેલ) : ડેનિયલ મરીન નવ્વારો (આઈ હેવ ઇલેક્ટ્રિક ડ્રિમ્સ)
બેસ્ટ એક્ટર (મેલ) : વાહિદ મોબશેરી (નો એન્ડ)
બેસ્ટ ડિરેક્ટર: નાડેર સેવિયર (નો એન્ડ)
સ્પેશિયલ જ્યુરી એવોર્ડ: લાવ ડિઆઝ (વેન ઘ વેવ્સ આર ગોન)
ભારતીય વ્યક્તિવિશેષ સન્માન: ચિરંજીવી
ICFT યુનેસ્કો ગાંધી મેડલ: પાયમ એસ્કેન્દર (નરગેસી)

પિતાપુત્રની હૃદયસ્પર્શી ફિલ્મ 'કુરાંગુ પૈડલ'

પરિસ્થિતિ અને સંસ્કૃતિથી આપણે વાકેફ થઈએ છીએ. મસાકી કૂડોની જૅપનીઝ ફિલ્મ 'અ ફાર શોર' એવી જ કંઈક ફિલ્મ હતી. ફિલ્મમાં યુવતીની વાર્તા છે, જે નાની ઉંમરે જ એક બાળકને જન્મ આપી દે છે. તેનો પતિ કશું જ કરતો નથી. તે કુટુંબની જરૂરિયાતો પૂરી કરવા એક નાઇટ ક્લબમાં કામ કરે છે. તેની ઉંમર નાની છે માટે ક્લબમાં પણ તેને મુશ્કેલીઓ આવે છે. ઘરે પતિ તેના પર હાથ ઉપાડે છે. આ બધા વચ્ચે કઈ રીતે તે પોતાના બાળક સાથે સર્વાઇવ કરે છે તે વાર્તા 'અ ફાર શોર'માં છે. ફિલ્મના સ્ક્રિનિંગ બાદ ડિરેક્ટર મસાકી કૂડોને મળતા તેમણે જણાવ્યું હતું કે, 'આ વાર્તા સત્ય ઘટના પર આધારિત છે. થોડી તેમના પરિવારમાં જ તેમણે વાર્તા જોઈ છે અને બાકીનું રિપોર્ટ્સ આધારે.' તે નાના બાળકને સ્ક્રીન પર સહજ (ઍક્ટ કરતાં) જોવો, એક લહાવો છે.

'અ ફાર શોર'નો અંત તમને વિચારતા કરી મૂકે છે. ફિલ્મનો અંત ઓપન છે. એટલે કે એ તમારી મનોસ્થિતિ પર આધાર રાખે છે કે તે યુવતી તમને સુખી દેખાઈ રહી છે કે દુ:ખી! આ ફિલ્મ ભારે ભરખમ હતી. જોયા પછી થોડા સમય મૌન થઈ જઈએ તેવી. કોરિયન-મેન્ડેરિન ભાષાની એક હળવી ફિલ્મ 'અજૂમા' જોઈ, જેમાં એક પ્રૌઢ વયની વિધવા મહિલાની વાત હતી. તે કોરિયાના પ્રવાસે હોય છે, અને પ્રવાસીઓથી છૂટી પડી જાય છે. કોરિયા દેશ તેના માટે અજાણ્યો છે. ત્યાં તે ભાષાના બેરિયર વચ્ચે કઈ રીતે પોતાની જાતને શોધે છે, તેની વાર્તા 'અજૂમા'માં હતી. એવી જ અન્ય એક કોરિયન ફિલ્મ 'રિટર્ન ટુ સોઉલ'માં એક ૨૩ વર્ષીય યુવતીની વાત હતી જે મૂળ કોરિયાની છે, પણ તેના જન્મ સાથે જ તે ફ્રાન્સ આવી ગઈ હતી. ફ્રાન્સમાં રહેતા એક કપલે તેને દત્તક લીધી હતી! આ ફિલ્મ ટોરેન્ટો અને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સ્ક્રિન થઈ ચૂકી હતી. તેનાં મૂળ માતા-પિતાને જ્યારે ૨૩ વર્ષની દીકરી મળે છે ત્યારની સિચ્યુએશન ગજબ ફિલ્માવાઈ છે.

ભૂતવાળી ફિલ્મો!

આ વખતેના ફિલ્મોત્સવમાં એક સેક્શન મકાબર ડ્રિમ્સ નામક હતું. મકાબર એટલે ભયાનક, બિહામણું વિકરાળ! આ સેક્શનમાં માત્ર હોરર ફિલ્મો મૂકવામાં આવતી અને તેના શૉઝ રાત્રિના જ રહેતા! લખનારે આ સેક્શન અંતર્ગત બે ફિલ્મો જોઈ. એક સ્પેનિશ વિનસ અને બીજી હુસ્સૈરા. બંને પ્રમાણમાં એવરેજ લાગી અને ભારતીય ભૂતવાળી ફિલ્મો જેવી લાગી. હા, પ્રોડક્શન વેલ્યુ અને અભિનયમાં અવ્વલ હતી.

ડિજિટલ ફિલ્મો ઇન ફેસ્ટિવલ!

કોવિડ બાદ ડિજિટલ પ્લૅટફૉર્મ માટે બનતી ફિલ્મો અને સિરીઝોમાં ખાસ્સો વધારો થયો છે. ગયા વર્ષથી ફેસ્ટિવલમાં આ પ્રકારની ફિલ્મો તથા સિરીઝને સ્વભાવિક રીતે સ્થાન આપવામાં આવી રહ્યું છે. આ વખતે ઇઝરાયલની પ્રચલિત સિરીઝ 'ફૌદા'ની ચોથી સિઝનના પહેલા એપિસોડનું વર્લ્ડ પ્રિમિયર હતું. તેના અભિનેતા લિઓર રાઝ અને એવી ઇસાકરોફ હાજર રહ્યા હતા. એપિસોડના સ્ક્રિનિંગ પહેલાં હિન્દી ફિલ્મોના અભિનેતા રાજકુમાર રાવે તેમની સાથે વાતો કરી હતી. ઇઝરાયલના જાસૂસી મિશનની વાત કરતી 'ફૌદા' સિરીઝ હાલ ઓટીટી

બુલબુલ બનાવનાર અન્વિતા દત્તની વેબ-ફિલ્મ કલા, નીરજ પાંડેની સિરીઝ ખાકી, મધુર ભંડારકરની ફિલ્મ ઇન્ડિયા લોકડાઉન વગેરે ડિજિટલ કન્ટેન્ટનું ખાસ પ્રિમિયર આ ફિલ્મોત્સવમાં થયું હતું

દમદાર ફિલ્મ 'ટ્રાયન્ગલ ઓફ સેડનેસ'

પ્લૅટફૉર્મ નેટફ્લિક્સ પર અવેલેબેલ છે.

આ ઉપરાંત બુલબુલ બનાવનાર અન્વિતા દત્તની વેબ-ફિલ્મ કલા, નીરજ પાંડેની સિરીઝ ખાકી, મધુર ભંડારકરની ફિલ્મ ઇન્ડિયા લૉકડાઉન વગેરે ડિજિટલ કન્ટેન્ટનું ખાસ પ્રિમિયર આ ફિલ્મોત્સવમાં થયું હતું.

ફિલ્મોત્સવની ઇર્દગિર્દ

ગોવાના પણજીના આઇનોક્સ આ ફિલ્મોત્સવનું ઠેકાણું છે. આ વખતે તેનાથી થોડાક આગળ આવેલા કલા ઍકેડમીમાં બાંધકામ ચાલુ હોઈ, ત્યાં ફિલ્મોના કોઈ શૉઝ નહોતા. અન્ય એક આઇનોક્સ ગોવાના પોર્વોરિયમ વિસ્તારમાં છે. ત્યાં પણ ફિલ્મોનું સ્ક્રિનિંગ થતું હતું. આઇનોક્સના જ પટાંગણમાં મેક્વેનીઝ પૅલેસ આવેલો છે, ત્યાં બધાં સેશન્સનું આયોજન થતું હતું. આઇનોક્સની બહાર નીકળતા જ સામે મંડોવી નદી દૃશ્યમાન થાય છે. તે આખો રસ્તો દર વર્ષે શણગારવામાં આવે છે.

૫૩મા ફિલ્મોત્સવની ક્લોઝિંગ સેરેમનીમાં આશા પારેખ, અક્ષય કુમાર, આયુષ્યમાન ખુરાના અને રાણા દગ્ગુબત્તી સહિતની જાણીતી સેલેબ્રિટીઝ ઉપસ્થિત હતી, પણ સૌના આકર્ષણનું કેન્દ્ર હતા ચિરંજીવી. મૂળ તેલુગુ સિનેમાના આ અભિનેતાને ઇન્ડિયન ફિલ્મ પર્સનાલિટી ઑફ ધ યરથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ફિલ્મોત્સવના છેલ્લા દિવસે આસામના ગાયક પેપોન તથા અભિનેતા આયુષ્યમાન ખુરાનાએ પરફૉર્મન્સ કર્યું હતું. ■

કોલકાતા પુસ્તક મેળો એટલે પુસ્તકપ્રેમીઓનો મનગમતો ઉત્સવ!

સ્પેનિશ શણગાર સાથે ૪૬મા આંતરરાષ્ટ્રીય કોલકાતા પુસ્તક મેળાનું આયોજન થશે. થીમ દેશ સ્પેન હોવાથી સ્પેનિશ સંસ્કૃતિનો સ્પર્શ જોવા મળશે, પણ સ્પેન પશ્ચિમ બંગાળ અને ભારતની વિદ્યા અને સંસ્કૃતિથી પ્રભાવિત છે, તેથી તેના વિરાટ પેવેલિયનમાં સ્પેન અને ભારતનું સાંસ્કૃતિક મિલન સમાવી લેવામાં આવશે.

૨૦૨૩ની તારીખો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કૉલકાતા પુસ્તક મેળો ૩૦ જાન્યુઆરીથી શરૂ થઈ ૧૨ ફેબ્રુઆરી સુધી ચાલશે. કૉલકાતા પુસ્તક મેળાની ઘોષણા પ્રસંગે સ્પેનના રાજદૂત જોસ મારિયા રિદાઓ ડોમિન્ગ્યુઝ હાજર હતા.

કૉલકાતા પુસ્તક મેળાની ઘોષણા સાથે પ્રકાશકો અને કૉલકાતાનાં પુસ્તકોના વિશ્વ બોઈ પાડામાં આનંદ છવાઈ ગયો છે. દરેક વિષયોનાં પુસ્તકો, સામયિકો, ગ્રંથો જોવા અને મેળવવા માટે પુસ્તક મેળો ભરાય ત્યારે પુસ્તકપ્રેમીઓની લાઈનો લાગે છે.

પુસ્તક મેળામાં સ્પેન ઉપરાંત દર વર્ષની જેમ દેશના પ્રકાશકો સાથે વિદેશી દેશો પણ ભાગ લેશે. આ યાદીમાં બાંગ્લાદેશ, અમેરિકા, ફ્રાન્સ, રશિયાનો સમાવેશ થાય છે. ઉપરાંત, કૉલકાતા લિટરેચર ફેસ્ટિવલ ૨૦૨૩ આંતરરાષ્ટ્રીય કૉલકાતા પુસ્તક મેળાનું એક વિશેષ આકર્ષણ છે. જે આ વખતે ૯થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે.

આંતરરાષ્ટ્રીય કૉલકાતા પુસ્તક મેળાની દરેક ક્ષણની વર્ચ્યુઅલ અપડેટ ગિલ્ડની વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ પર રજૂ કરવામાં આવશે. વિશ્વના પુસ્તકપ્રેમીઓને દરરોજ અવનવાં દૃશ્યો જોવા મળશે, કારણ કે પુસ્તક મેળામાં લેખકો, કલાકારો અને સંગીતકારોનો પણ જમાવડો થાય છે, તેમને મળવા જોવા કે સાંભળવા તે પણ લહાવો છે!

પબ્લિશર્સ એન્ડ બુકસેલર્સ ગિલ્ડ જે પુસ્તક મેળાનું આયોજન કરે છે તેને આગામી મેળાની જબરજસ્ત સફળતાની આશા છે. લોકો પુસ્તકો પ્રત્યે પ્રેમ હજી ભૂલ્યા નથી.

ગયા વર્ષે કૉલકાતા પુસ્તક મેળામાં ૨૨ લાખ પુસ્તકપ્રેમીઓએ હાજરી પુરાવી હતી. રૂપિયા ૨૩ કરોડનાં રેકોર્ડ પુસ્તકો વેચાયાં હતાં. આગામી મેળામાં આખા દેશના પ્રકાશકો અને પુસ્તકોના સ્ટોલની સંખ્યામાં વધારો થવાનો છે, સ્વાભાવિક છે વેચાણનો નવો રેકોર્ડ સ્થાપિત થશે!

આંકડાઓને જોતાં આ વર્ષે પ્રકાશન ગૃહો તરફથી વધુ સંખ્યામાં અરજીઓ જમા પડી છે. ગયા વર્ષે કુલ ૫૭૦ સ્ટોલ હતા. અરજીઓ તે આંકડા કરતાં વધારે છે. નામ નવું પણ જૂના સરનામે પુસ્તક મેળો યોજાઈ રહ્યો છે. સેન્ટ્રલ પાર્કમાં પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારથી આ પુસ્તક મેળાનું નવું સરનામું બન્યું છે. સેન્ટ્રલ પાર્કનું નામ 'બુક ફૅર ગ્રાઉન્ડ્સ' રાખવામાં આવ્યું છે! આમ કૉલકાતા પુસ્તક મેળાને તેનું કાયમી સરનામું મળી ગયું છે!

આંતરરાષ્ટ્રીય કોલકાતા પુસ્તક મેળાની દરેક ક્ષણની વર્ચ્યુઅલ અપડેટ ગિલ્ડની વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ પર રજૂ કરવામાં આવશે. પુસ્તકપ્રેમીઓને અવનવાં દૃશ્યો જોવા મળશે

૨૦૦૬માં સ્પેને પુસ્તક મેળામાં થીમ કન્ટ્રી તરીકે ભાગ લીધો હતો. તે વર્ષે પુસ્તક મેળામાં થીમ પેવેલિયનમાં ભારતમાં સ્પેનિશ એમ્બેસી અને કૉલકાતા યુનિવર્સિટી વચ્ચે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે પછી સ્પેનિશ સરકાર દર વર્ષે કૉલકાતા યુનિવર્સિટીના સ્પેનિશ ભાષા વિભાગમાં પ્રોફેસર મોકલે છે. આ ઉપરાંત વિદેશી ભાષા તરીકે સ્પેનિશમાં ડિપ્લોમા માટેની આંતરરાષ્ટ્રીય પરીક્ષા તે વર્ષથી કૉલકાતામાં શરૂ થઈ. જેનું સંચાલન સ્પેનિશ સરકારની ઇન્સ્ટિટ્યૂટ ઓફ સર્વેન્ટેસ દ્વારા કરવામાં આવે છે.

ગયા વખતે સ્ટોલનું કદ ઘટાડવાની ફરજ પડી હતી, પરંતુ આ વખતે જૂની શૈલી પર સ્ટોલનો વિસ્તાર થશે. ગિલ્ડને આશા છે કે આ વર્ષે સિયાલદાહ-કરુણામયી મેટ્રોની શરૂઆત સાથે વધુ પુસ્તકપ્રેમીઓ આકર્ષિત થશે. વાહનવ્યવહારની સગવડ વધશે. વાંચન અને પુસ્તક પ્રત્યે અનુરાગ આગામી પુસ્તક મેળામાં પુસ્તકપ્રેમીઓની સંખ્યા તમામ રેકોર્ડને વટાવી જશે તેવી અપેક્ષા છે. મોટી સંખ્યામાં પ્રકાશકોએ સ્ટોલ માટે અરજી કરી દીધી છે. તેમને સમાવી લેવા પ્રયાસ થશે. નામી પ્રકાશકોનાં પુસ્તકોથી હસ્તલિખિત સામયિકો લખતાં શબ્દ શોખીનોની હાજરી જોવા મળશે.

નવાં પુસ્તકોના લોકાર્પણ, લિટલ મૅગેઝિનના સ્ટોલ, સ્કેચ કલાકારો, પોસ્ટ અને કોમ્પ્યુટરની વિવિધતા અને સાંસ્કૃતિક કાર્યક્રમો રંગત જમાવશે.

પુસ્તકનાં પાનાં ફેરવવા, નવાં મુખપૃષ્ઠ જોવા અને જે પુસ્તકની શોધ હોય તે જૂના મિત્રની જેમ મળી જાય તેવી અનુભૂતિ સાથે આ પુસ્તક મેળામાં લોકોની મેદની ઊમટે છે! ■

હૃદયકુંજ

દિલીપ ભટ્ટ

હેમંત ઋતુ તો પ્રકૃતિની આપણા તરફની પરોક્ષ પ્રીતિ છે

આંગળીનાં ટેરવાં પર ઊઘડતી દુનિયા મોબાઈલ ફોનની નવી પરિભાષા છે. એને કારણે લાખો નેત્રકમલને હવે બારી બહારનું આકાશ મળતું નથી. હથેળીની સ્ક્રીન પર દેખાતા મેઘધનુના રંગમાં માણસજાતને અભિનવ શિશુકાળનો પુનરપિ ભેટો થયો છે. માણસ એમાં રમતો રહે છે, ભમતો રહે છે 'ને એમ સાંજ પડી જાય છે. હવે શિયાળાની શરૂઆત થઈ છે. શિયાળાનું પ્રથમ ચરણ હેમંત ઋતુ છે. હેમંત સ્વભાવે જલતરંગ અથવા તો સિતાર જેવા ધીમા સ્વરની મોસમ છે. એમાં પવનની લહેર સીધી સ્પર્શ કરતી નથી. મેદાનોમાં લહેરાતા ઘાસના ઝુલ્ફાઓમાં અને વૃક્ષોની ઘટાઓમાં અટવાતા-અટવાતા એ પવન આપણી પાસે આવે છે. હેમંત પ્રકૃતિની આપણા તરફની પરોક્ષ પ્રીતિ છે. હેમંતમાં બહુ વહેલી સવારે નક્ષત્રોનાં ઝૂમખાં નજરોનજર જોવાની મઝા છે. ધીમે ધીમે ઊગતા 'ને આથમતા તારાઓનો અભૂતપૂર્વ પ્રવાહ દેખાતો હોય છે, કારણ કે આકાશ એકદમ સ્વચ્છ હોય છે. દૂર દૂરના અનેક તારાઓ હાથ લંબાવવાનું મન થાય એટલો ઉજાસ ધરાવે છે. ક્યાંક તો બાલમંદિર પણ દેખાય છે. સાવ નાનકડા તારલિયાનાં ટપકાં ટપકાં એકબીજાને અડીને ટોળે વળીને ચાલતાં દેખાય છે.

બ્રહ્માંડમાં કુદરતે જાણે કે અગ્નિરેખ લિપિમાં કોઈ રહસ્યમય સંદેશાઓ લખેલા છે અથવા તો બ્રેઈલ જેવી ટપકાં ટપકાંની લિપિ, પણ એ તો એને ઉકેલનારા મહાપુરુષો આવે ત્યારે સમજાય. આપણી પાસે તો આંખો ઢળી ગયેલાં પોપચાંને અને એના પરના ઊંઘના પહાડોને ઉઠાવવાની તાકાત જ ક્યાં છે? હેમંતની વહેલી સવારે જ્યારે આપણે ઓશીકાને માતાના ખોળાનો દરજ્જો આપીને શિશુ સહજ પોઢી ગયા હોઈએ ત્યારે કોયલ પણ સંભળાય છે. હેમંત ઋતુની વહેલી સવાર આમ તો બહુ વાતોડી છે. જો તમે ખેતરમાં બાંધેલી કોઈ ઝૂંપડીની બહાર ખાટલો નાખીને ચત્તાપાટ સૂતા હો તો આકાશ તમારી સાથે અનંતકાલીન વાતો શરૂ કરે. એક શિલ્પકાર જે રીતે આરસના પથ્થર પર બારીક નકશીકામ કરે અને એમાં અખંડ ધીરજ રાખે એ જ રીતે હેમંતની સવારનું આકાશ આપણા અંત:કરણમાં બહુ બારીક નકશીકામ કરે છે અને બહુ ધીરજ રાખીને આપણા હૃદય પર એ નૂતન સંસ્કારિતાનો અભિષેક કરે છે. આ ઋતુ આપણને શું આપે છે? એક શાકભાજીની લારી ચલાવનારાને પૂછો તો એ કહેશે ફળફળાદિ અને શાકભાજી આપે છે.

પરંતુ એક કલાકારને પૂછો તો એ કહેશે કે જિંદગીના અખંડ આનંદનો પરિચય આપે છે અને આપણને નજીકના સર્વ પ્રિયજનોને વહાલથી વીંટળાઈ વળવાની પ્રેરણા આપે છે. હજુ તો ધુમ્મસની શરૂઆત જ છે તો પણ જુઓ, પહાડો પરનો ઢાળ, તળેટીમાં રહેલાં વૃક્ષોની લીલીછમ ઝૂકેલી ડાળ અને એની નીચેથી વગડામાં લીલો ચારો ચરવા જતાં પશુઓનાં પગલાં મેઘરવામાં ઢંકાયેલાં છે.

> આ ઋતુનો સ્વભાવ મધ્યમ છે. સંસારમાં જે કંઈ મધ્યમ છે એ સ્વીકારવું બહુ સહેલું છે અને એ બહુ સુખ આપે છે. અલ્પ અને અતિ બહુ દુ:ખ આપે છે!

હેમંતની સવાર છે તો ઠંડી, પરંતુ એનામાં ભીષણ ટાઢક હજુ નથી. હેમંતનો સ્વભાવ મધ્યમ છે. સંસારમાં જે કંઈ મધ્યમ છે એ સ્વીકારવું બહુ સહેલું છે અને એ બહુ સુખ આપે છે. અલ્પ અને અતિ બહુ દુ:ખ આપે છે, પરંતુ મનુષ્ય વારંવાર કોઈ અર્થહીન અલ્પતા કે અતિશયતાનો શિકાર બને છે. ક્યારેક એ એને ગમે પણ છે. અલબત્ત, આથી મનુષ્ય અત્યંત દુ:ખી થતો જોવા મળે છે. મધ્યમની ઉપાસના એ તો ભગવાન બુદ્ધ જેવા અવતારી પુરુષોનો રાજમાર્ગ છે. હેમંત ઋતુએ એ રસ્તો બતાવેલો છે. હેમંત શિયાળાનો મધ્યમ માર્ગ છે.

એનો અનુભવ મંદ-મંદ મલયાનિલ જેવો લાગે. હેમંતનો સ્પર્શ હૂંફાળો હોય છે. સામાન્ય રીતે સ્પર્શ ઉષ્માપૂર્ણ હોય છે, પરંતુ હેમંતનો એકલો જ સ્પર્શ શીતળતાનો અનુભવ આપે છે. આવો અનુભવ હેમંત ઋતુ સિવાય સંસારમાં કોઈ આપી શકે તેમ નથી. અંતઘડીએ પત્ની પાસે ઊભી હોય અથવા અનેક મૂંઝવણો વચ્ચે અટવાયેલા શિષ્ય પર ગુરુ કથિત સમાધાનની અમૃત વર્ષા થાય ત્યારે જે અનુભવ થાય એ જ અનુભવ હેમંત ઋતુ વહેલી સવારના સ્પર્શમાં આપે છે. હેમંતની સાથે-સાથે ચાલવા જેવું છે. હેમંતમાં બહુ વહેલી સવારે નક્ષત્રોનાં ઝૂમખાંઓમાં અભૂતપૂર્વ પ્રવાહિતા હોય છે, કારણ કે આકાશ એકદમ સ્વચ્છ હોય છે. આકાશ આમ તો આપણી આંખોનો રોજનો ખોરાક છે, કારણ કે આકાશ આપણા હૃદયને વિશાળતા આપે છે અને મનુષ્ય તરીકે અનિવાર્ય એવી ઉદારતા આપણને આ આકાશ પાસેથી જ મળે છે.

એકવાર જેને હેમંતનો પરિચય થાય એની આખા વરસની બધી સવાર સુધરી જાય છે. આપણે ત્યાં અખાડામાં સવારે એક વર્ગ જાય છે, પણ તેમાંના બહુધા લોકો ઉંમરલાયક હોય છે. અખાડો ખરેખર યુવાનો માટે હોય છે. જેમની યુવાનીને અખાડાની દીક્ષા મળે એમની આખી જિંદગીને એક સોનેરી કિનાર લાગી જાય છે. શિયાળાની સંગત થવી હોય તો કારતકના આ દિવસોમાં જ થાય છે. એકવાર હેમંત પસાર થઈ જાય પછી ઘરમાં કે બહાર શિયાળો આકરો લાગે છે. આ વખતે શિયાળો કાતિલ હશે, કારણ કે જમીનમાં ભારે વરસાદી જળ ઘર કરી ગયા છે. એટલે ઠરેલી ધરતી દિવસના ઉષ્ણતામાનમાં બહુ તપવાની નથી. એને કારણે આપણી દરેક રાત્રિઓ ઘેરી શીતળતા સાથેની મનોહર હશે. જેમના આરોગ્યનો ધડો નહિ હોય એને માટે આ શિયાળો આસાન નહિ રહે. એક પ્રજા તરીકે આપણે ગુજરાતીઓ સ્વાદના અજબ શોખીન છીએ અને જ્યારે ચટપટા આસ્વાદ નજર સામે હોય ત્યારે જ્ઞાન બહુ કામ આવતું નથી. રાજ્યમાં દરેક જિલ્લા કેન્દ્રો લગભગ મોટાં મેડિકલ સેન્ટરો જ બની ગયાં છે. એના પરથી જ ખ્યાલ આવે છે કે આપણી પ્રજાને પહેલાં તો આરોગ્યની કંઈ પડી હોતી નથી અને પછી એક પછી એક ડૉક્ટરના લાંબા ચકડોળે ચડે છે. હેમંત ઋતુની વહેલી સવાર એ ચક્કરમાંથી બચવા માટે છે. ■

કવેળા પ્યુબર્ટી પીરિયડ બની રહ્યો છે ચિંતાનો વિષય

વર્તમાન સમયમાં દીકરીઓમાં પ્યુબર્ટી પીરિયડ માતા-પિતા અને ડૉક્ટરો તેમ જ નિષ્ણાતોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. ચર્ચા થવી પણ જોઈએ, કારણ કે મુદ્દો ગંભીર છે. મુદ્દો છે દીકરીઓમાં વહેલો શરૂ થઈ રહેલો પ્યુબર્ટી પીરિયડ. વહેલા પ્યુબર્ટી પીરિયડને કારણે દીકરીઓ અને માતા-પિતાએ શારીરિક-માનસિક ઉપરાંત સામાજિક દબાણનો શિકાર બનવું પડે છે. જેની આડઅસર દીકરીઓના ભવિષ્ય પર પડી રહી છે. પ્યુબર્ટી પીરિયડ એટલે શું, તેની નકારાત્મક અસરો અને આ પીરિયડ યોગ્ય સમયે જ શરૂ થાય તે માટે શું કરવું જોઈએ આવો જાણીએ.

પ્યુબર્ટી એટલે એવો સમયગાળો અથવા એ અવસ્થા, જેમાં બાળકો (બાળકીઓ)-તરુણો (તરુણીઓ)માં શારીરિક ફેરફાર જોવા મળે છે - અનુભવવા મળે છે. જે ઉંમરમાં આ બધા ફેરફારો થવાની શરૂઆત થાય તે ઉંમરને પ્યુબર્ટી પીરિયડની શરૂઆત માનવામાં આવે છે. આપણે ત્યાં સામાન્ય રીતે એવો ખ્યાલ પ્રવર્તે છે કે દીકરીઓમાં માસિક ચક્રનો પ્રારંભ થાય અને છોકરાઓમાં મૂછનો દોરો ફૂટે એટલે બાળકો યુવાનીમાં પ્રવેશ્યા. હકીકતે યુવાનીમાં પ્રવેશતાં પહેલાં છોકરા-છોકરીઓમાં કિશોરાવસ્થાને લગતાં ઘણાં શારીરિક અને માનસિક પરિવર્તનો થવા લાગે છે. વર્તમાન સમયમાં પ્યુબર્ટી પીરિયડ માતા-પિતા માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. તેમાંય ખાસ કરીને દીકરીઓમાં વહેલા શરૂ થતો પ્યુબર્ટી પીરિયડ દીકરીઓની સાથે માતા-પિતાને પણ અચરજ, આશંકા અને અનિદ્રાનું કારણ બની રહ્યો છે. થોડાં વર્ષો પહેલાં છોકરીઓમાં પ્યુબર્ટી પીરિયડ ૮-૧૩ વર્ષ અને છોકરાઓમાં આ સમયગાળો ૧૦-૧૪ વર્ષની આસપાસ જોવા મળતો હતો. આજે હવે આ સમયગાળો દીકરીઓમાં ૬-૭ વર્ષની ઉંમરમાં શરૂ થઈ જતો જોવા મળી રહ્યો છે. પ્યુબર્ટીની શરૂઆતનાં લક્ષણોમાં સ્તનનો આકાર વધવો, પીરિયડ આવવા વગેરે છે. સાથે જ ચહેરા પર ખીલ થવા, બગલમાં વાળ આવવા વગેરે જેવાં લક્ષણો જોવા મળે છે. લોકોમાં એવી માન્યતા છે કે જ્યારે દીકરી માસિક ધર્મમાં બેસે એટલે પ્યુબર્ટી પીરિયડ શરૂ થાય. જોકે, આ ભ્રમ છે. પીરિયડમાં થવું તો પ્યુબર્ટી પીરિયડનું છેલ્લું લક્ષણ છે. એટલે કે પ્યુબર્ટીની શરૂઆત તો પીરિયડ શરૂ થાય તેના ઘણા સમય પહેલાંથી થઈ જતી હોય છે.

ખેર, હવે આ પ્યુબર્ટી પીરિયડ દીકરીઓનાં માતા-પિતા માટે ચિંતાનો વિષય બન્યો છે. તમે કલ્પના કરો, ૬-૭ વર્ષની દીકરી, ૬-૭ વર્ષ એટલે પહેલાં કે બીજા ધોરણમાં ભણતી છોકરી. આ છોકરીમાં પ્યુબર્ટીનો સમયગાળો શરૂ થઈ જવો એ સ્વાભાવિક રીતે વાલીઓને દ્વિધામાં મૂકે. જે દીકરીઓ હજુ પરીઓની વાર્તાઓ સાંભળતી હોય અને ડિઝની મોશન પિક્ચરની કાર્ટૂન પ્રિન્સેસ જોઈને હરખાતી હોય, એ ઉંમરમાં દીકરીઓમાં પ્યુબર્ટી પીરિયડની શરૂઆત થવી એ ચર્ચાનો વિષય છે. બાળકીઓમાં વહેલા પ્યુબર્ટી પીરિયડ શરૂ થવા પર છેલ્લા કેટલાય સમયથી સંશોધન થઈ રહ્યું છે અને આ સમયગાળો વહેલો શરૂ થવા પાછળનાં કારણો પણ આપવામાં આવી રહ્યાં છે.

જે દીકરીઓનું વજન વધુ હોય તેમનામાં ઘણીવાર પ્યુબર્ટી પીરિયડ વહેલો શરૂ થવાની સમસ્યા જોવા મળે છે. આ ઉપરાંત વધુ પ્રમાણમાં જંકફૂડ આરોગવું, કેટલીકવાર સમય કરતાં વહેલા હૉર્મોનલ ફેરફાર થવા, શારીરિક સક્રિયતા એટલે કે કસરત-ખેલકૂદનો અભાવ, હેલ્થી ફૂડ નહીં આરોગવું વગેરે જેવાં કારણોને કારણે પ્યુબર્ટી પીરિયડ વહેલો શરૂ થાય છે. આ સમયગાળો વહેલો શરૂ ન થાય અને જે યોગ્ય ઉંમર છે તે જ ઉંમરમાં તેની શરૂઆત થાય તે

only books magazine

માટે માતા-પિતાએ દીકરીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. દીકરીઓ કસરત કરે, જંકફૂડ ઓછું ખાય, હેલ્ધી ફૂડ આરોગે વગેરે પર ધ્યાન આપવું જરૂરી છે.

પ્યુબર્ટી પીરિયડ વહેલો શરૂ થવાને કારણે દીકરીઓ અને માતા-પિતાને ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે. સૌથી પહેલી સમસ્યા તો કિશોર-કિશોરીઓની ઊંચાઈને લઈને ઉદ્ભવે છે. પ્યુબર્ટીની સીધી અસર ઊંચાઈ સાથે છે. પ્યુબર્ટી પીરિયડ જ્યારે વહેલો શરૂ થાય છે તો કિશોર-કિશોરીઓમાં ઊંચાઈ વધવાની બંધ થઈ જાય છે અથવા ઊંચાઈની પ્રક્રિયા ધીમી પડી જાય છે. આ ઉપરાંત ડિપ્રેશન, મેદસ્વિતા, ઈટિંગ ડિસઑર્ડર એટલે કે ખાન-પાનને લગતી સમસ્યાઓ જોવા મળે છે. ઘણીવાર દીકરીઓમાં સમય જતાં પીસીઓડી જેવી સમસ્યાઓ પણ ઉદ્ભવે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો માતા-પિતાને દીકરીઓમાં વહેલા પ્યુબર્ટી પીરિયડને લગતાં લક્ષણો જોવા મળે તો તેમણે ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. કેટલીકવાર ડૉક્ટર ટ્રીટમેન્ટ દ્વારા સાવા ભૂલકાં જેવી દીકરીઓમાં જલદી આવતા પ્યુબર્ટી પીરિયડને રોકે છે અને તે યોગ્ય ઉંમરે શરૂ થાય તેની કાળજી લે છે.

આપણે દીકરીઓમાં વહેલા પ્યુબર્ટી પીરિયડને લઈને શારીરિક ફેરફારની વાત કરી, પણ માનસિક ફેરફાર પણ આ સમયગાળામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. હકીકતે વહેલી પ્યુબર્ટીને કારણે દીકરીઓમાં ભલે શારીરિક ફેરફાર આવતો હોય પણ તેમનું મગજ-મન તો તેમની ઉંમર પ્રમાણે જ વર્તતું હોય છે. પરિણામે દીકરી ભલે શારીરિક રીતે ઉંમરમાં મોટી દેખાતી હોય, પણ માનસિક પરિપક્વતા તો ઉંમર પ્રમાણે જ વિકસે છે. ઘણીવાર દીકરીઓએ અન્ય લોકોની ખરાબ નજરનો સામનો કરવો પડે છે, પરિણામે તેઓ માનસિક રીતે હેરાન-પરેશાન થઈ જાય છે.

જે દીકરીઓમાં વહેલો પ્યુબર્ટી પીરિયડ શરૂ થાય તેમની સાથે તેમની જે બહેનપણીઓમાં પ્યુબર્ટી પીરિયડ શરૂ થયો ન હોય તેઓ સંબંધ ન રાખતી હોવાના કિસ્સા પણ જોવા મળે છે, પરિણામે દીકરીઓ એકલતાનો અનુભવ કરવા લાગે છે. આવા સમયે માતા-પિતા માટે એ વાત મહત્ત્વની બની જાય છે કે તેઓ દીકરીઓના શરીરમાં થતાં ફેરફારની સાથે તેમના મનમાં ચાલી રહેલી ઊથલપાથલને પણ સમજે. વહેલો પ્યુબર્ટી પીરિયડ શરૂ થવા માટે આંખે ઊડીને વળગે એવું બીજું મહત્ત્વનું કારણ જોવા મળ્યું છે, વધુ પડતો સ્ક્રીન ટાઈમ. છોકરા-છોકરીઓ તેમનો વધુ પડતો સમય જો મોબાઈલ જોવા પાછળ કે લેપટોપ-આઈપેડ પાછળ વાપરતા હોય તો તેમનામાં વધુ પડતો સ્ક્રીન ટાઈમ સમસ્યા ઊભી કરે છે. તેથી માતા-પિતાએ બાળકોના સ્ક્રીન ટાઈમ પર ધ્યાન આપવું જોઈએ.

જે દીકરીઓ યોગ્ય ઉંમરે પ્યુબર્ટીમાં પ્રવેશી છે અથવા જે બાળકીઓમાં વહેલો પ્યુબર્ટી પીરિયડ શરૂ થઈ ગયો છે એ દરેકનાં માતા-પિતાએ ગભરાવવાને બદલે કેટલીક બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

છોકરા-છોકરીઓ તેમનો વધુ પડતો સમય જો મોબાઇલ જોવા પાછળ કે લેપટોપ-આઇપેડ પાછળ વાપરતા હોય તો તેમનામાં વધુ પડતો સ્ક્રીન ટાઇમ સમસ્યા ઊભી કરે છે

દીકરીઓને સાચી સ્થિતિની સમજ આપો. તેમને ડરાવવાનું કે ગભરાવવાનું બંધ કરો. દીકરીઓને વધુ પડતી રોક-ટોક કરવાનું ટાળો. તેમની માનસિક પરિસ્થિતિને પણ સમજવાનો પ્રયત્ન કરો. હળવાશ સાથે મુક્ત મને દીકરીઓની સાથે ચર્ચા કરો. દીકરીઓને ગુડ અને બેડ ટચની માહિતી આપો. આ ઉપરાંત જે દીકરીઓ ૬-૭ વર્ષની ઉંમરે જ પ્યુબર્ટી પીરિયડમાં આવી રહી હોય તેમને લઈને ડૉક્ટરનો સંપર્ક કરો.

દીકરીઓના શારીરિક વિકાસમાં જોવા મળી રહેલા ફેરફારને લોકો પુખ્તતા સાથે જોડી દે છે. આમ કરવું ખોટું છે. કેટલીકવાર દીકરીઓ માસિક ધર્મમાં પ્રવેશે એટલે તેમના લગ્ન કરાવવાની ઉતાવળ પણ લોકોમાં જોવા મળે છે. તેઓ સમજી નથી શકતા કે દીકરીઓ ભલે શારીરિક રીતે મોટી થઈ રહી હોય પણ તેમનું મન હજુ ઉંમર સાથે જ વિકસી રહ્યું છે. દીકરીઓ માનસિકરૂપથી પરિપક્વ ન હોવા છતાં તેમનાં લગ્ન કરાવવા પર ભાર મૂકવામાં આવે છે. આ બધી સમસ્યાઓને ટાળવા માટે પ્યુબર્ટી પીરિયડ સમય કરતાં વહેલો શરૂ ન થાય તેનું ધ્યાન રાખવું મહત્ત્વનું બની જાય છે. વહેલા પ્યુબર્ટી પીરિયડને લઈને માતા-પિતાએ ગંભીર બનવાની જરૂર છે. દીકરીઓમાં જો શારીરિક પરિવર્તન જોવા મળે તો ડૉક્ટરનો સંપર્ક સાધવામાં શરમ અનુભવવાને બદલે દીકરીઓના ભવિષ્યનો વિચાર કરવા પર ધ્યાન આપવું જરૂરી છે. ■

ટીકાચરિત 'માણસ'!

કેટલાંક એવાંય લોકો છે કે જ્યાં સુધી એ કોઈની ટીકા ન કરે ત્યાં સુધી એમને ખાધેલું પચતું નથી અને પેટ સાફ આવતું નથી. ટીકા એમના માટે રેચક પદાર્થ છે. આવા લોકો ટીકાને એક પ્રકારનું ટૉનિક માને છે. ટીકા કરવાથી એમનાં પેટ તો સાફ આવે છે, દિમાગ પણ એ પછી હળવાં ફૂલ થઈ જાય છે એવું એ લોકોનું માનવું છે. અહીં જોકે પ્રશ્ન એ પેદા થાય કે આવાં લોકોનાં દિમાગ હળવાં ફૂલ થઈ જાય છે એ, પેટ સાફ આવવાથી થઈ જાય છે કે ટીકા કર્યા પછી થઈ જાય છે એ સંશોધનનો વિષય છે. ટૂંકમાં, ટીકા એક રામબાણ ઔષધનું કામ કરે છે એવું કેટલાક ટીકાનિષ્ણાતોનું કહેવું છે.

એક આ જ એવો વિષય છે, જેની કોઈ ટ્રેનિંગ આપવામાં નથી આવતી. 'ટીકાજ્ઞાન મેળવો માત્ર ત્રણ માસમાં' કે 'ટીકા શિક્ષણ આપતી અમારી એકમાત્ર ઇન્સ્ટિટ્યૂટમાં ઍડ્મિશન મેળવો અને ટીકાશિરોમણિની ડિગ્રી પ્રાપ્ત કરો' આવી કોઈ પણ પ્રકારની જાહેરાત કરતી સંસ્થાઓ હજુ શરૂ નથી થઈ. આના માટે સરકારની કે સમાજની ઉદાસીનતા અને આળસ જવાબદાર છે એવું કહેવાનો અમારો લેશમાત્ર આશય નથી. આ બાબતે અમારે એક જ સ્પષ્ટતા કરવાની કે જે જ્ઞાન, જે શિક્ષણ અને જે કેળવણી વ્યક્તિમાં 'સ્વયંભૂ' જ પ્રગટે છે, એનું જ સાચું મહત્ત્વ છે. જે જ્ઞાન સ્વયંભૂ હોય એના માટે સ્કૂલો, કૉલેજો, વિદ્યાપીઠો, યુનિવર્સિટીઓ કે પછી કોચિંગ ક્લાસીસ જેવી સંસ્થાઓ ન હોય એ સ્વાભાવિક છે.

ટીકોપનિષદમાં ટીકાનાં બે સ્વરૂપ દર્શાવ્યાં છે. બે સ્વરૂપોમાં એક છેઃ સકારાત્મક ટીકા અને બીજું છેઃ નકારાત્મક ટીકા.

'શંકાસંહિતા'માં શંકાનાં બે સ્વરૂપોનું વર્ણન આવે છે. (૧) પ્રામાણિક શંકા - ઑનેસ્ટ ડાઉટ અને (૨) અપ્રમાણિક શંકા - ડિસઑનેસ્ટ ડાઉટ. આમાં ડિસઑનેસ્ટ ડાઉટ વ્યક્તિ માટે ઓછો અને સમાજ માટે વધારે ખતરનાક હોય છે જ્યારે ઑનેસ્ટ ડાઉટ વ્યક્તિ અને સમાજ બંને માટે ઉપકારક હોય છે. ન્યૂટને એવો ઑનેસ્ટ ડાઉટ ન કર્યો હોત કે સફરજન ઉપરની તરફ કે આડું-અવળું ન ગયું અને નીચે જ કેમ આવ્યું? તો આપણને ગુરુત્વાકર્ષણનો નિયમ હજુ પણ ન મળ્યો હોત, પરિણામે સાયન્સમાં એક ચેપ્ટરનો સમાવેશ થતો રહી ગયો હોત.

ટીકાનું પણ એવું છે. ઑનેસ્ટ ટીકા એટલે કે સકારાત્મક ટીકા અને ડિસઑનેસ્ટ એટલે કે નકારાત્મક ટીકા. નકારાત્મક ટીકા બંને પક્ષે નુકસાનકારક છે. સકારાત્મક ટીકા બંને પક્ષે ફાયદાકારક છે. કેટલાક તો ટીકા કરવા માટે જ જન્મ્યા છે. 'ટીકામેવ જયતે' એ જ એમનો જીવનમંત્ર છે. આવા લોકો ટીકા કરવાની એક પણ તક ચૂકતા નથી. 'ટીકામ્ શરણમ્ ગચ્છામિ'માં અચૂક માને છે. એમના માટે ટીકા ફક્ત શસ્ત્ર જ નહીં, શાસ્ત્ર પણ છે.

તક મળી નથી કે ટીકા શરૂ કરી નથી. પહેલાં એવું કહેવાતું કે નિંદારસ સૌ રસોમાં શ્રેષ્ઠ રસ છે, પણ છેલ્લા કેટલાક સમયથી નિંદારસને પણ નિંદા કરવાનું મન થાય એટલી બેહદ હદે ટીકારસે હરણફાળ પ્રગતિ કરી છે. જોકે, આ માટેનો સંપૂર્ણ યશ ચોવીસે કલાક રાજકારણમાં અને અડતાલીસે કલાક સોશિયલ મીડિયામાં ફ્રી સર્વિસ આપતા સેવાભાવી લોકોને જાય છે. આ સંદર્ભે મારા બાબુ બૉસનું એક વિધાન યાદ આવે છે. એ કહે છેઃ મગજની જેટલી વર્કિંગ મેમરી લોકોની ટીકા કરવામાં વપરાશે એટલી 'રેમ' લોકોની પ્રશંસા કરવામાં ઓછી વપરાશે!

લાફ્ટર વાઇરસ

જેમ કવિઓ જન્મે છે, બનતા નથી; એમ ટીકાકારો પણ જન્મે છે! કેટલાક આત્માઓ તો ટીકા કરવાનું એકમાત્ર અવતારકાર્ય પૂર્ણ કરવા જન્મતા હોય છે. જ્યાં સુધી નાની અમથીય ટીકા ન કરે ત્યાં સુધી ચેન ન પડે, ટીકામાન્ય વ્યક્તિને નહીં, ટીકા કરનારને!

સાહિત્યની ભાષામાં ટીકાકારને વિવેચક કહેવાય. હમણાં આવા જ એક વિવેચક મળ્યા. એમની એક જ ખાસિયત - જેને મળે એના સિવાય, લગભગ બધી જ વ્યક્તિઓની ઈમેજનાં કપડાં ઉતારે.

'તમારા લેખો હું વાંચું છું હોં!' ટીકાકાર સામે ઊભેલી વ્યક્તિનાં વખાણ કરે ત્યારે બોલાતાં વાક્યની પાછળ 'હોં!' તો આવે જ! મનોવિજ્ઞાન કહે છે કે સાવ ગપ્પું મારો તો પણ એને સાચું ઠસાવવા છેલ્લે 'હોં!' બોલવું! સાંભળનાર (જો મારી જેમ અડબંગ હોય તો!) તરત સાચું માની લેશે!

'એમ!' વખાણ સાંભળીને હું સહેજ રેસમાં આવી ગયો. પેલાનું જૂઠ મને સત્ય લાગવા માંડ્યું. (એમ તો કેમ કહેવાય કે એણે મને અડબંગ સાબિત કરી દીધો!) ખરેખર, કેટલીક લાયકાતો, ડિપ્લોમા કે ડિગ્રી કર્યા વગર પણ મળી જાય છે. મેં ખુશ થઈને પેલા મિત્રને કહ્યું, 'તમને મારા હાસ્યલેખો ગમે છે એ જાણીને આનંદ થયો!'

'આલે...લ્લે...!' એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું, 'તમે હાસ્યલેખો પણ લખો છો?! હું તમને સૂચન કરવાનો જ હતો કે આવું ફાલતુ લખીને છાપાંના કાગળો અને વાચકોનો ટાઇમ બગાડો છો એના કરતાં હાસ્યને લગતું કંઈક લખો તો મજા આવે. સારું થયું કે તમે આજે કહ્યું કે તમે હાસ્યલેખો પણ લખો છો. ચાલો... હવેથી તમારા લેખો વાંચતી વખતે મેગ્નિફાઇંગ ગ્લાસ લઈને હાસ્યને શોધવાની કસરત શરૂ કરી દઈશ! બીજું શું શું લખો છો?'

'બીજું તો કંઈ લખાતું નથી', ફૂલેલા ફુગ્ગાને સોય ભોંક્યા પછી એની જે દશા થાય એનું વર્ણન કરવાનું ન હોય એમ સમજી હું મારી હાલતનું વર્ણન નથી કરતો.

'પેલા નવલકથાકાર ખરાને...' ટીકાકારે કહ્યું, 'હમણાં જેમની નવલકથાનો ચાઇનીઝ ભાષામાં અનુવાદ થયો, એને ઈનામી સ્પર્ધામાંથી રિજેક્ટ કરવામાં આવી... ઓળખ્યા એમને?'

'ના ભાઈ', મેં કહ્યું, 'હું એમને નથી ઓળખતો.'

'લખવામાંથી ઊંચા આવો તો બધાંને ઓળખો ને?' એમણે કહ્યું, 'થોડા સમય પહેલાં એક પ્રકાશક સાથે એમણે ઝઘડો કરેલો... ના ઓળખ્યા એમને?'

મને થયું કે ના કહીશ તો હિન્દી સિરિયલની જેમ એમની વાતોનો અંત નહીં આવે, એટલે મેં પણ જૂઠનો આશરો લઈને કહ્યું, 'હા, હા... ઓળખ્યા! શું છે એમનું?'

'એ જ્યારે ગુજરી ગયા...'

'શું વાત કરો છો?' હું ઓળખું છું એવું પ્રતીત કરાવવા મેં દુઃખદ આશ્ચર્યના ભાવથી પૂછ્યું, 'બીમાર હતા? ક્યારે ગુજરી ગયા?'

'પૂરી વાત તો સાંભળો...' એમણે ટીકાત્મક સ્મિત કરીને કહ્યું, 'તમે સમજો છો એવું નથી અને એમ એ જલદી આપણો પીછો છોડે એમ નથી!' મારી વધારે નજીક આવીને એમણે કહ્યું, "હું એમ કહેતો'તો કે ગયા રવિવારે જૂનાં પુસ્તકો ખરીદવા ગુજરીમાં ગયા'તા અને ત્યાંથી પાછા ફરતાં મને મળ્યા ત્યારે તમને યાદ કરતા'તા કે પંડ્યાજીએ લખવાની સારી એવી મજૂરી કરવા માંડી છે! તે હેં પંડ્યાજી, તમારી લેખન પ્રવૃત્તિને એ મજૂરી કહે, એ સારું કહેવાય?"

> કેટલીક લાયકાતો, ડિપ્લોમા કે ડિગ્રી કર્યા વગર પણ મળી જાય છે. મેં ખુશ થઈને પેલા મિત્રને કહ્યું, 'તમને મારા હાસ્યલેખો ગમે છે એ જાણીને આનંદ થયો!'

'મજૂરી જ કહેવાય ને' મેં હસીને કહ્યું, 'મારામાં અને બળદમાં આમ જુઓ તો કોઈ જ ફેર નથી. બળદ ખેતરમાં ખેડાણ કરે છે ને હું સાહિત્યમાં...'

'હા... હોં!' એમણે ખુશ થઈને કહ્યું, 'એ વાતેય સાચી! બસ ત્યારે, હું જાઉં, મારે હજુ ઘણાને મળવાનું બાકી છે.'

મારો બાબુ બૉસ તો ટીકાને આયુર્વેદના એક ઉપચાર સાથે સરખાવે છે. એ તો ટીકા - એક શસ્ત્ર કે શાસ્ત્ર એ વિષય પર પીએચ.ડી. પણ કરી રહ્યો છે. બાબુનો અભ્યાસ એવું કહે છે કે કોઈ પણ ટીકાપ્રિય વ્યક્તિ, નાની-મોટી કે સાચી-ખોટી ટીકા કર્યા વગર રાતે સૂઈ જાય તો સવારે એને પેટ સાફ ના આવે! ટીકાને રોકી રાખવાથી કબજિયાત થઈ ગઈ હોય એવાય ઘણા દાખલા નોંધાયા છે. આ અર્થમાં આયુર્વેદની પરિભાષામાં ટીકાને 'રેચક' પણ કહી શકાય!

એક શહેરમાં કોઈ છાપાવાળાએ ત્રણ અનુવાદકો, બે પ્રૂફરીડરો અને એક ટીકાકાર જોઈએ છે એવી જાહેરાત આપી. અનુવાદકો અને પ્રૂફરીડરો માટે તો લેખિત પરીક્ષા રાખવામાં આવી, પણ ટીકાકાર માટે મૌખિક ઇન્ટરવ્યૂ રાખેલો, કારણ કે ટીકા તો બોલીને, કરવાની હોય ને! ટીકાનો આધાર બોલનારની કલા પર છે. ઇન્ટરવ્યૂ શરૂ થયોઃ

'તમે ટીકામાં ડિપ્લોમા કર્યું છે કે ડિગ્રી?'

'કંઈ જ નથી કર્યું' ઉમેદવારે આત્મવિશ્વાસથી કહ્યું, 'અભ્યાસ કરવાથી ટીકા શીખી નથી શકાતી, એમાં તો ગત્ જન્મના સંસ્કારો જ કામ આવે. અભ્યાસ કરવાથી સાચા ટીકાકાર ન થવાય. ટીકા તો ગળથૂથીમાં જ મળે...'

'ધારો કે સરકારનાં વખાણ કરતાં કોઈ સમાચાર તમારી પાસે આવે અને એને ટીકારૂપે લખવા હોય તો તમે કઈ રીતે લખો એ જરા બોલી બતાવશો?'

'ઓહ યેસ્સ', ઉમેદવારે કહ્યું, " 'સરકારે પ્રજાહિતનાં શરૂ કરેલાં કાર્યો' આ સમાચારને મારે ટીકાત્મક શૈલીમાં રજૂ કરવા હોય તો હું એમ કહું: 'છેવટે સરકારે પ્રજાહિતનાં કાર્યો શરૂ કરવા જ પડ્યાં!' "

"વાહ! હવે મારો બીજો પ્રશ્ન એ છે કે ટીકા કરતી વખતે ખાસ કઈ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ?'

'જેની સામે આપણે અન્યની ટીકા કરી રહ્યા હોઈએ ત્યારે ભૂલથી પણ સાંભળનાર વ્યક્તિની ટીકા ન થઈ જાય, એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ!'

'એ માટે કોઈ ઉદાહરણ આપશો?'

'દાખલા તરીકે, મારે તમારી ખૂબ ટીકા કરવી હોય તો પણ તમારી હાજરીમાં તો હું ન જ કરી શકું ને?!'

'પણ ધારો કે મારી હાજરીમાં મારી સામે જ મારી ટીકા કરવાની તમને ફરજ પાડવામાં આવે તો કઈ રીતે ટીકા કરો?'

'વેરી સિમ્પલ સર, મારે તો એટલું જ કહેવાનું કે જે વ્યક્તિ ટીકાનેય લાયક ન હોય, એની ટીકા કરીને મારે ટીકારૂપ શા માટે બનવું?!'

— નથી લાગતું કે આપણી ચારેબાજુ આજે ટીકાદાસ જ વસતા હોય?! ■

ભારતીય સિનેમાનો વારસો સાચવવાની ખેવના

ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનને કારણે જૂની ટેક્નોલોજી વડે બનેલી ફિલ્મોને સાચવવાનું કાર્ય પડકારરૂપ બની રહે છે. શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રોની માફક સિનેમા પણ કળા છે. જૂની ફિલ્મો આપણો વારસો છે. એને પણ જાળવવો પડે. એના થકી આવનારી પેઢીને તેના ભૂતકાળનું મૂલ્ય સમજાઈ શકે. ભારતીય સિનેમાના આ મૂલ્યવાન વારસાના રક્ષણ માટે ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન સક્રિય છે. એ દિશામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિ લાવવા માટે તે દર વર્ષે એક કાર્યશાળાનું આયોજન કરે છે.

ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશનની સ્થાપના ૨૦૧૪માં ફિલ્મસર્જક શિવેન્દ્રસિંહ ડુંગરપુરે કરી હતી. આ સંસ્થા ચલચિત્રોનાં સંરક્ષણ, જાળવણી અને પુન:સ્થાપનને પ્રોત્સાહન આપવા અને સિનેમાની ભાષા વિશે જાગૃતિ લાવવા માટે સમર્પિત છે. કોરોના મહામારીને કારણે ત્રણ વર્ષના વિરામ પછી ફાઉન્ડેશન આયોજિત સાતમી કાર્યશાળા મુંબઈમાં શરૂ થઈ ચૂકી છે. ૪થી ૧૦ ડિસેમ્બર દરમિયાન છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય ખાતે આ વર્કશોપ વર્લ્ડ સિનેમા પ્રોજેક્ટના સહયોગથી અમેરિકાના ફિલ્મ દિગ્દર્શક માર્ટિન સ્કોર્સીસના 'ધ ફિલ્મ ફાઉન્ડેશન' અને ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફિલ્મ આર્કાઇવ્ઝ સાથે ભાગીદારીમાં આયોજિત કરવામાં આવી છે.

સાત દિવસીય વર્કશોપમાં આ વર્ષે સેલ્યુલોઇડ અને ડિજિટલ ફિલ્મોની જાળવણી અને પુન:સ્થાપનની શ્રેષ્ઠ પદ્ધતિઓ પરના સત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં પ્રથમ વખત અદ્યતન અભ્યાસક્રમ પણ રજૂ કરવામાં આવશે. જે.એફ. માદન દ્વારા નિર્મિત ૧૯૨૧ની દુર્લભ ભારતીય મૂક ફિલ્મ 'બેહુલા', માર્ટિન સ્કોર્સિસેની 'ધ રેગિંગ બુલ' (૧૯૮૦), રિચાર્ડ લેસ્ટરની 'અ હાર્ડ ડેઝ નાઇટ' (૧૯૬૪), વોંગ કાર-વાઈની 'ઇન ધ મૂડ ફોર લવ' (૨૦૦૦), બર્નાર્ડો બર્ટોલુચીની 'ઇલ કોન્ફોર્મિસ્ટા' (૧૯૭૦) અને અરવિંદન ગોવિંદનની 'થમ્પ' (૧૯૭૮) સહિતની સચવાયેલી ક્લાસિક ફિલ્મો મુંબઈના રીગલ સિનેમામાં પ્રદર્શિત કરવામાં આવશે.

અગાઉ આ વર્કશોપ પૂણે, ચેન્નાઈ, હૈદરાબાદ અને કોલકાતા જેવાં શહેરોમાં યોજવામાં આવી હતી. શ્યામ બેનેગલ, નસીરુદ્દીન શાહ, કમલ હાસન, મણિરત્નમ, એસ.એસ. રાજામૌલી અને નાગાર્જુન જેવી ફિલ્મી હસ્તીઓ તેના સમર્થનમાં જોડાયેલી છે.

આજ સુધી આ કાર્યશાળાઓએ ૩૦૦થી વધુ સહભાગીઓને ચલચિત્રોને સાચવવા અને પુન:સ્થાપિત કરવા માટે જરૂરી કૌશલ્યો શીખવ્યા છે. વર્કશોપમાં પ્રશિક્ષિત સ્થાનિક કાર્યકરો હવે ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળના આર્કાઇવ્સમાં સિનેમા ઇતિહાસને સુરક્ષિત કરવા માટે કામ કરી રહ્યા છે. આ વર્ષે યુએસ, ઇટાલી, પોર્ટુગલ, ફ્રાન્સ, યુકે, સ્વિટ્ઝર્લેન્ડ અને જર્મનીની ફેકલ્ટી સાથે મધ્ય પૂર્વીય દેશોના રહેવાસીઓ માટે પણ દ્વાર ખોલવામાં આવ્યા છે.

ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશનના ડિરેક્ટર શિવેન્દ્રસિંહ ડુંગરપુર કહે છે, 'આ વર્કશોપ ફિલ્મ વારસાને બચાવવા માટે સક્રિય લોકો વચ્ચે વર્ષોથી સેતુ બનવાની મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.'

પેશન્સ કૂપર અભિનીત દુર્લભ ભારતીય મૂક ફિલ્મ 'બેહુલા'નું પ્રદર્શન અન્ય એક વિશેષતા હશે. તે સમયે સ્ત્રીઓની ભૂમિકા પુરુષો ભજવતા હતા, કારણ કે સ્ત્રીઓ ફિલ્મોમાં કામ કરી શકતી નહોતી. કોલકાતાની એંગ્લો-ઇન્ડિયન અભિનેત્રી પેશન્સ કૂપર ભારતની પ્રથમ મહિલા સુપરસ્ટાર હતી. 'બેહુલા' તેની એકમાત્ર હયાત ફિલ્મ છે. આ વર્કશોપ દરમિયાન તે ભારતમાં પ્રથમ વખત મોટા પડદા પર બતાવવામાં આવશે.

ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન એ ફિલ્મ જાળવણીના ક્ષેત્રમાં કામ કરતી દેશની એકમાત્ર બિન-સરકારી સંસ્થા છે. ફિલ્મ જાળવણીના ક્ષેત્રમાં કામ કરવા માટે કર્મચારીઓમાં રહેલો તાલીમનો અભાવ એ પડકાર હોવાથી એને પહોંચી વળવું એ ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ છે.

ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન પાસે ૮ મીમી, ૧૬ મીમી અને ૩૫ મીમી ફિલ્મ રીલ્સનો ફિલ્મ સંગ્રહ છે. જેમાં પ્રખ્યાત કલાકારોની ફિલ્મોનો સમાવેશ થાય છે. ફિલ્મ નિર્દેશકોના નોન-ફિલ્મી આર્કાઇવ્સ પણ અહીં જળવાયા છે. ઉપરાંત સંસ્થાના પોતાના સંગ્રહમાં કાગળ અને ફોટોગ્રાફિક સામગ્રીનો ખજાનો છે જેમાં સ્ક્રિપ્ટ્સ, પોસ્ટરો, ગીતોની પુસ્તિકાઓ, ફિલ્મ મેગેઝિન અને વિવિધ પ્રાદેશિક ફિલ્મની શ્રેણી રજૂ કરતા ફોટોગ્રાફ્સ સામેલ છે.

ડિજિટલ યુગમાં જન્મેલી પેઢી માટે ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશને સિનેમાની ઉત્ક્રાંતિથી લઈને વર્તમાન સુધીના ઇતિહાસને સમજવા માટે પાંચ પ્રકરણનો અભ્યાસક્રમ વિકસાવ્યો છે. પ્રકાશનની દિશામાં પણ ફાઉન્ડેશન કાર્યરત છે. રાજેશ દેવરાજ દ્વારા સંપાદિત 'ફ્રોમ ડાર્કનેસ ઇનટુ લાઇટ – પર્સપેક્ટિવ્સ ઓન ફિલ્મ પ્રિઝર્વેશન એન્ડ રિસ્ટોરેશન' અને પી. કે. નાયરના પુસ્તક 'ધસ્ટરડેઝ ફિલ્મ્સ ફોર ટુમોરો'નું પ્રકાશન કર્યું છે. ■

જાતને મુશ્કેલીમાં ન મૂકતા

ગુજરાતના એક વક્તા છે. જેઓ વર્ષમાં બે-ત્રણ વાર અમેરિકા જાય છે. ત્યાં બેથી ચાર અઠવાડિયાં રહે છે. જુદાં જુદાં શહેરોમાં સામાજિક તેમ જ ધાર્મિક વિષયો ઉપર વ્યાખ્યાનો આપે છે. એ માટે તેઓ અમેરિકન આમંત્રણકારો પાસેથી સારી એવી ફી લે છે. અમેરિકા આવવા-જવાની પ્લેનની બિઝનેસ ક્લાસની ટિકિટનો ખર્ચો તેમ જ રહેવા, ખાવાનો અને એક સ્થળેથી બીજે સ્થળે જવાનો ખર્ચો પણ મેળવે છે. શ્રોતાઓ જે ભેટસોગાદો આપે - કેશ યા કાઈન્ડમાં, એ પણ સ્વીકારે છે. વ્યાખ્યાનો આપવા માટે એમને જે ફી મળે છે, એમના આમંત્રણકારો એમને અમેરિકામાં બોલાવવા માટે અને રહેવા-ખાવા માટે જે ખર્ચો કરે છે આ સઘળું તેઓ ન તો અમેરિકાના ઈન્કમટેક્સ ખાતાને જણાવે છે કે ન તો ભારતમાં આઈટી રિટર્ન ફાઇલ કરે છે એમાં દેખાડે છે.

આવું નાના-મોટા પાયે અનેક વ્યાખ્યાનકારો, ગાયકો, નૃત્યકારો અને અન્યો કરે છે. બી-૧/બી-૨ એટલે કે બિઝનેસ યા વિઝિટર્સ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશીને તેઓ ત્યાં આ મુજબનો રીતસરનો એમના વ્યવસાયનો ધંધો કરે છે.

બી-૧/બી-૨ વિઝા ઉપર આવું વર્તન કરવું એ ઈલીગલ છે. ઉપરાંત અમેરિકામાં કમાણી થાય એના ઉપર અમેરિકામાં કે ભારતમાં કશે પણ ટેક્સ ન ભરવો, એ આવક છુપાવવી, એ પણ અમેરિકાનો તેમ જ ભારતનો ગુનો છે. એમને આ વાતની બરાબરની ખબર હોય છે. તેમ છતાં તેઓ આવું ખોટું આચરણ આચરે છે. મોટી-મોટી સભાઓમાં મોટા-મોટા સિદ્ધાંતોની તેઓ વાતો કરે છે, પણ એમના પોતાના જીવનમાં જ કોઈ સિદ્ધાંતો હોતા નથી. તેઓ કાયદાઓનું છડેચોક ઉલ્લંઘન કરતા હોય છે.

જો તમે અમેરિકામાં બી-૧/બી-૨ વિઝા ઉપર જાઓ અને ત્યાં કોઈ સાયન્ટિફિક, એજ્યુકેશનલ, પ્રોફેશનલ, ધાર્મિક અથવા બિઝનેસ કન્વેન્શનમાં ભાગ લો અને એ માટે ઓનરરિયમ અને પરચૂરણ ખર્ચા એ એકેડેમી પાસેથી લો અને એમનો અમેરિકાનો એ પ્રમાણેનો સમારંભ કે સેમિનાર નવ દિવસથી વધુનો ન હોય અને પાછલા છ મહિનાની અંદર એમણે આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પાંચ વખતથી વધુ ઓનરરિયમ મેળવ્યું ન હોય તો એ કાયદેસરનું ગણાય છે, એમ કરતાં તેઓ એમના બી-૧/બી-૨ સ્ટેટસનું ઉલ્લંઘન નથી કરતા, પણ આપણા વ્યાખ્યાનકારો, ગાયકો, નૃત્યકારો તો પંદર પંદર દિવસ કે એથી પણ વધુ એમનો કાર્યક્રમ રજૂ કરતા હોય છે. છ મહિનાની અંદર પાંચ શું પણ દસ પંદર આમંત્રણકારો પાસેથી મહેનતાણું મેળવતા હોય છે.

હવેથી અમેરિકાની સરકાર આ બાબતમાં ખૂબ સજાગ થઈ ગઈ છે. તેઓ આવા કાર્યક્રમો આયોજનારાઓ અને ભારતમાંથી આવતા વક્તાઓ ઉપર ચાંપતી નજરે રાખે છે. જો તેઓ એમના બી-૧/બી-૨ સ્ટેટસનું ઉલ્લંઘન કરે તો એમની ઉપર કાયદેસર કામ ચલાવવામાં આવે છે. એમના વિઝા જો દસ વર્ષના મલ્ટિએન્ટ્રી હોય તો એ કૅન્સલ કરવામાં આવે છે. એમને અમેરિકામાં ફરી પાછા પ્રવેશવા માટેના કોઈ પણ પ્રકારના વિઝા ન આપવા એવી એમના ઉપર પાબંદી લાગી જાય છે.

અનેકો આવું વારંવાર નથી કરતા હોતા. એકાદવાર જ તેઓ આવું અજ્ઞાનતાના કારણે કરે છે, પણ ફક્ત એક જ વાર તમે કાયદાનો ભંગ કરો, તમારા બી-૧/બી-૨ સ્ટેટસનો ભંગ કરો એટલે તમે ગુનો તો કર્યો જ છે એવું ગણાય અને તમે અજાણતા પણ એવું કર્યું હોય તોય તમારા વિઝા કૅન્સલ કરવામાં આવે છે.

અનેક નાટ્ય સંસ્થાઓ અમેરિકામાં નાટકો ભજવવા જાય છે. તેઓ જરૂરી એવા પી-૩ વિઝા મેળવીને અમેરિકામાં નાટકો ભજવે છે, પણ કોઈકવાર એમનો એકાદ કલાકાર જેની પાસે પી-૩ વિઝા હોય પણ એ અનિવાર્ય સંજોગોના કારણે નાટક ભજવવા અમેરિકા જઈ શકે એમ ન હોય ત્યારે નાટકના પ્રોડ્યુસરો તેમ જ અમેરિકાના પ્રસ્તુતકર્તાઓ બીજો કોઈ કલાકાર જેની પાસે બી-૧/બી-૨ વિઝા હોય એમને એ વિઝા ઉપર અમેરિકામાં આવવાનું જણાવે છે અને પછી પેલો હાજર રહી ન શકેલ પી-૩ વિઝાધારક કલાકારની જગ્યાએ એ બી-૧/બી-૨ વિઝાધારક કલાકારને પરફોર્મ કરવાનું, નાટક ભજવવાનું જણાવે છે.

આ સદંતર ખોટું છે, ઈલીગલ છે. આવું કરતાં જો એ કલાકાર, એ નાટક કંપની, એના પ્રોડ્યુસર કે અમેરિકન પ્રસ્તુતકર્તા પકડાય તો એ કલાકારના બી-૧/બી-૨ વિઝા કૅન્સલ કરવામાં આવે છે, એને ફરી પાછા અમેરિકામાં પ્રવેશવા માટે કોઈ પણ પ્રકારના નોન-ઇમિગ્રન્ટ તેમ જ ઇમિગ્રન્ટ વિઝા ન આપવા એવું ઠરાવવામાં આવે છે. સાથે-સાથે એની જોડેના અન્ય કલાકારોને એમણે આવા ગેરકાનૂની કાર્ય કરવામાં સાથ અને સહકાર આપ્યો છે, એલિયન સ્મગલિંગનો ગુનો કર્યો છે, એ માટે એમના વિઝા પણ રદ કરવામાં આવે છે. એમની ઉપર પણ અમેરિકામાં પ્રવેશનિષેધનો હુકમ જારી કરવામાં આવે છે. એમના પ્રોડ્યુસરો તેમ જ અમેરિકન પ્રસ્તુતકારોને બ્લેકલિસ્ટેડ કરી દેવામાં આવે છે.

અમેરિકામાં તમારે જે કંઈ પણ કાર્ય કરવા જવું હોય, એ કાર્ય કયા વિઝા ઉપર તમે કરી શકો એ તમારે જાણી લેવું જોઈએ. ત્યાર બાદ એ વિઝા મેળવવા માટેની શું શું લાયકાતો છે, શું શું જરૂરિયાતો છે, કઈ કઈ પ્રક્રિયાઓ છે એ જાણીને અમેરિકાના ઇમિગ્રેશનના કાયદાના નિષ્ણાત ઍડ્વોકેટની કાનૂની સલાહ મેળવીને પછી એ પ્રકારના વિઝા મેળવવા જોઈએ. એ કાર્ય ત્યાર બાદ જ આચરવું જોઈએ.

અંગ્રેજીમાં એક કહેવત છે, 'ઇગ્નોરન્સ ઑફ લૉ ઇઝ, નો એક્સક્યુઝ.' એટલે કે કાયદાથી અજાણતા એ બહાનું નથી ચાલતું. તમે જો અમેરિકા ભાષણ આપવા, કોઈ સમારંભમાં હાજરી આપવા, ગીતો ગાવા, નૃત્ય કરવા કે પછી નાટકમાં અભિનય કરવા જવા ઇચ્છતા હોવ તો એ માટેના જરૂરી વિઝા મેળવી લેજો. નહીં તો તમે તમારી જાતને મુશ્કેલીમાં મૂકી દેશો. ■



ડોલરિયો દેશ

ઊભી બજારે દાજી બાપુ મોટાં ડગલાં ભરતાં ચાલી રહ્યા હતા. તેમના પગમાં ઉત્સાહ હતો અને હૈયાનો હરખ આંખો પર આવીને બેસી ગયો હતો.

'કાં દાજી બાપુ, આજે કંઈ બહુ હરખમાં છો ને કંઈ? બહુ ઉતાવળા થયા છો?' જીવણ કંદોઈએ જલેબીનું પડીકું વાળતાં દાજી બાપુ સામે જોઈને પૂછ્યું.

પછી તો આ જ પ્રશ્ન સાંકડી પણ મુખ્ય બજારમાં ચાલતા દાજી બાપુને દસ જણાએ પૂછ્યો હશે.

બધાને દાજી બાપુ એક જ જવાબ આપતા હતા, 'હોવ્વે, મારો લંગોટિયો ભેરુ અમેરિકાથી આજે આવે છે, તે ઉતાવળમાં જ હોઉં ને! એ હમણાં આવી પણ પૂગશે.' બોલતાં તેમની આંખોમાં મિત્ર માટેની માયા ભરાઈ ગઈ.

દાજી બાપુ એટલે પચાસેકના. બેઠી દડી અને ભરાવદાર શરીર, સફેદ ઝભ્ભો અને ધોતિયું તેમણે હજુ છોડ્યા નહોતા કે નહોતી મૂકી માથા પરની પાઘડી. તેઓ જ્યારે પાઘડી પહેરે ત્યારે તેમની વળ ચડાવવાની રીત અને વરોટ ભલભલા નવાઈથી જોઈ રહેતા. મોટી સફેદ મૂછના થોભિયા અને સદાય મલકાતો ચહેરો. મુખ્ય બજારમાં ત્રણ ત્રણ દુકાનો અને દસ એકર જમીનના માલિક દાજી બાપુને ઘરે આમ તો જાહોજલાલી હતી.

નામ તો એમનું દામજીભાઈ હતું, પણ બધાં વર્ષોથી તેમને દાજી બાપુ કહીને જ બોલાવતા હતા. આર્થિક રીતે લીલી વાડીની સાથે પરિવારની પણ લીલી વાડી ધરાવતા દાજી બાપુને એક દીકરો પ્રકાશ, વહુ કાજલ અને મૂડીના વ્યાજ જેવી ત્રણ વર્ષની પરી જેવી મીઠડી સોનલ. બૈરી મુક્તા તો દસ વર્ષ પહેલાં ખેતરમાં એરુ આભડતા મોટા ગામતરે હાલી નીકળી હતી. તે આઘાત પચાવી ગયા હતા દાજી બાપુ અને કુટુંબમય બની ગયા હતા. પણ...

એ ઘટનાથી તેમને ખેતર તરફ થોડો અભાવ થઈ ગયો હતો. ધરતી મા તો મા છે એ ગળથૂથીના સંસ્કારે તેમણે જમીન સાચવી રાખી હતી, પણ ગણોતિયાથી તેમની ખેતી ચાલતી. જોકે પોતે દેખરેખ રાખતા, પણ દીકરાને તે ક્યારેય ત્યાં જવા ન દેતા. ડાહ્યા દીકરા પ્રકાશે દુકાનનો ધંધો બરાબર સંભાળી લીધો હતો. સમજુ અને સંસ્કારી ઘરની વહુના હાથના રોટલા ખાતાં ખાતાં દાજી બાપુ સંતોષનો ઓડકાર લેતા હતા.

ત્રણ દિવસ પહેલાં તેમના નાનપણના ગોઠિયા દોલતનો અમેરિકાથી ફોન આવ્યો હતો કે તે ઈન્ડિયા આવે છે, પરિવાર જોડે એક પ્રસંગે અને તે એક દિવસ માટે તેમને

મળવા આવશે. બસ, ત્યારથી તે જાણે ભૂતકાળમાં પહોંચી ગયા હતા. એ તોફાન-મસ્તી, એ આમલીના ઝાડ પર ગિલોલ મારી કાતરા પાડવા, એ ગીર નદીમાં ધુબાકા નાખવા અને અંતે છોકરાવના તોફાનથી થાકેલ માના હાથનો માર ખાવો. સ્મિત આવી ગયું દાજી બાપુના કરચલી પડવાની શરૂઆત થયેલ ચહેરા પર. બાપુને એકલા એકલા હસતા જોઈ પ્રકાશ સમજી ગયો કે બાપુ ભૂતકાળ તાજો કરી રહ્યા છે. આજે બાપુનો માંહ્યલો તેમને જંપ લેવા નહીં દે. તેણે સૂચક નજરે કાજલ તરફ જોયું અને ધણી-ધણિયાણી મલકી ગયાં.

હા, દાજી બાપુ તો પોતાની અંદર જ ઊતરી ગયા હતા.

સાત ચોપડી ભણીને દાજી બાપુ વારસાઈ ખેતીએ લાગ્યા હતા.

'આટલું ઘણું. વાંચતાં લખતાં આવડે એટલે ભયો ભયો. ચડો ખેતરે હવે.'

અને દાજી બાપુને પણ બાપુની વાત બરાબર લાગી. ચારેય ભાઈઓ ચાર ચોપડી ભણી અને ખેતરે ચડી ગયા હતા. ખેતી તો એવી વસ્તુ છે કે માણસ હોય એટલા ઓછા પડે.

પણ દોલતભા મેટ્રિક થઈ ગયા અને સાધારણ ઘરના દોલતભાને તેના દૂરના મામા અમેરિકા ખેંચી ગયા.

ત્રીસ વર્ષનાં વહાણાં વહી ગયાં અને રોતાં રોતાં ગામ છોડીને ગયેલ દોલતભા સીધા પંદર વર્ષે ગામ આવ્યા ત્યારે જાણે એમની સિકલ જ ફરી ગઈ હતી.

ત્યાર પછી દર ત્રણ વર્ષે તે આવતા અને દેશ આવે એટલે એક દિવસ માટે તેમના નાનપણના ગોઠિયાને મળવાનું ચૂકતા નહીં. સાધારણ પરિસ્થિતિમાં દાજી બાપુની માએ દોલતભાના ખિસ્સા અવનવા ભાગથી ભરી દીધા હતા એ તેઓ ભૂલ્યા નહોતા. એથી જ દોસ્ત માટે અને તેના કુટુંબ માટે અઢળક વસ્તુ લઈ આવવાનું પણ ચૂકતા નહીં.

દાજી બાપુ જોઈ રહેતા, જાણે દોલતને ઉંમરની કોઈ અસર જ નહોતી થતી. મોંઘી ગાડીમાં આવતા દોલતના સૂટમાંથી આવતી મહેક અને તેમની વાતોમાંથી આવતી સુખની મહેકથી કોઈ પરીઓના દેશમાં દાજી બાપુ પહોંચી જતા.

'બળ્યું આ ખેતર, દિવસ-રાતની કાળી

દેશ આવે એટલે એક દિવસ માટે તેમના નાનપણના ગોઠિયાને મળવાનું ચૂકતા નહીં. સાધારણ પરિસ્થિતિમાં દાજી બાપુની માએ દોલતભાના ખિસ્સા અવનવા ભાગથી ભરી દીધા હતા એ તેઓ ભૂલ્યા નહોતા

મજૂરી. અનાજ પાણીની ખોટ નહીં, પણ આ જાહોજલાલી કઈ જાહોજહાલી કહેવાય? ફૂલની પથારી તો નથી ને?' તેઓ મનોમન વિચારતા.

સૂંડલો ભરીને સોનું હતું, પણ સુંવાળી જિંદગી નહોતી અને ક્યારેક એક વિચાર ઝબકી જતો તેના મગજમાં...

પોર જ્યારે ત્રણ વર્ષ પહેલાં તેમણે દોલતને જોયો ત્યારે એ ધબકતા વિચારે મક્કમતાનું સ્થાન લીધું.

આ વખતે તો દોલત આવે તો વાત કરું જ... ભેરુ છે મારો અને માયા છે મારી હારે.. કાંઈ ના નહીં પાડે.

તેમણે દીવાલ ઘડિયાળમાં જોયું. બાર વાગવા આવ્યા હતા બપોરના... બસ, હવે તો ગમે ત્યારે દોલત આવશે.

'વહુ ભજિયાં ગરમ જ રાખજો હો.' દાજી બાપુએ પાણિયારે જઈ પાણીનો પ્યાલો મોઢે માંડતા રસોડા તરફ જોઈ હાક મારી.

'જી બાપુ.' શાકનો સુગંધી છમકારો કરતા વહુએ મીઠો ટહુકો કર્યો.

રસોડામાંથી રસોઈની સુગંધ બહાર સુધી આવી રહી હતી. દાજી બાપુએ સંતોષ સાથે રસોડા તરફ જોયું.

'વહુ, સોનુને નવા ઘાઘરી પોલકા પહેરાવજો હોં.' ફરી દાજી બાપુ બોલ્યા.

ત્યાં પ્રકાશ પણ આવી ગયો.

'લે પ્રકાશ, તું ક્યાં ગાંઠિયા લઈ આવ્યો? હવે તો વાળુ ટાણું છે. વહુએ લાપસી પણ ઓરી છે.'

'બાપુ, ભલે ને તે લાપસી જ ખાશે અને ગાંઠિયા એમને સાથે આપશું.'

'સારું સારું.' થોડીવાર મૌન રહી દાજી બાપુ બોલ્યા, 'પ્રકાશ, આ વખતે તો દોલતને કહેવું જ છે.'

'બાપુ.' પ્રકાશ ધીમેથી બોલ્યો. 'જરૂર છે? તમને બરાબર લાગે છે?'

'હા હા પ્રકાશ, આપણું ખમતીધર ઘર છે તેની ના નહીં, પણ આ ધરતી હારે કામ કરતાં કરતાં હાથનાં છોડવાં ઊડી ગયાં અને વાળ ધોળા થઈ ગયા.'

'એ તો હોય બાપુ, ઉંમર ઉંમરનું કામ કરે, પણ અહીં શું ખૂટે છે?'

'કંઈ નહિ દીકરા, તોય એ તો નહીં જ. એ તને નહીં સમજાય. એ સુખ તો સ્વર્ગનું સુખ છે દીકરા. મેં વાતો સાંભળી છે દોલત પાસેથી. બસ, આ વખતે તો આ પાર કે પેલે પાર.'

પ્રકાશ ચૂપ થઈ ગયો, કારણ કે ત્યાં જ ધૂળ ઉડાડતી ગાડી આવી પહોંચી અને હડપ કરતા દાજી બાપુ ઊભા થઈ અને દોડ્યા. દોલતભા પણ ગાડીનો દરવાજો ખોલી ઉમળકાથી સામે દોડ્યા. બંને જાણે છૂટા પડવા માગતા ન હોય તેમ રુદિયાના હેત પ્રીતની આપ-લે કરતા રહ્યા. જાણે કૃષ્ણ સુદામા જોઈ લો. આખો પરિવાર તથા ઘરની ફળીમાં આવી ગયેલ આડોશી-પાડોશી પણ જોઈ રહ્યા.

'એલા દોલત, તું તો કાયમ એવો ને એવો જ લાગે છે?' હાથ પકડી અંદર તરફ દોરી જતા દાજી બાપુ બોલ્યા. ખડખડાટ હસી પડ્યા દોલતભા. વારંવાર ખડખડાટ હસી પડવાની તેમને ટેવ હતી. ક્યારેક તો

‘હું સમજું છું ક્યારનો, તું શું કહેવા માગે છે.’ બોલી તેમણે દાજી બાપુના ખભે હાથ રાખ્યો, બંનેની આંખો મળી. આ વખતે તેઓ સ્વભાવ પ્રમાણે હસ્યા નહીં. દાજી બાપુ તેમની સૂકીભઠ આંખોને જોઈ રહ્યા

બોલે ઓછું અને હસે વધુ.

‘યાર, એ તો એવું લાગે તને. ઉંમર કોઈને છોડે છે?’

ઓસરીએ ઢોલિયા ઉપર નવી નકોર ચાદર અને તકિયા મુકાઈ ગયા હતા.

‘હાશ’ બોલતા દોલતભા ઢોલીએ બેઠા. વારાફરતી દીકરો વહુ બધાં આવીને પગે લાગી ગયા. દોલતભાઈએ બધાને આશીર્વાદ આપ્યા.

‘દાજી, આ પગે લાગવાનું અને માન આપવાની રસમ અહીં જ સચવાય છે હોં.’ કહેતાં તે હસી પડ્યા.

ત્યાં દોડતી-દોડતી સોનલ આવી અને એની ઝાંઝરીના મધુર રવથી વાતાવરણ મીઠું થઈ ગયું. દોલતભાઈએ તો સોનલને તેડી જ લીધી.

“કેવડું કાઠું કર્યું છે દીકરીએ. ઓણ હું આવ્યો ત્યારે તો ઘોડીએ ઝૂલતી’તી.”

સોનલ પણ ગાલમાં ખંજનવાળું હસી પડી. ડ્રાઇવર આવીને બે થેલા મૂકી ગયો.

‘દોલત, દર વખતે આટલું બધું શું કામ લઈ આવે છે તું? મને મળી જાય છે તે જ મારા માટે ઘણું છે.’

દોલતભા જવાબ આપે તે પહેલાં તો બાજુમાં રહેતાં કંકુ ડોશી, વિજુમા, દિનકર તેનો દીકરો વગેરેથી ધીમે ધીમે ફળિયું ભરાવા લાગ્યું અને બધા દોલતભાને ક્ષેમકુશળ પૂછવા લાગ્યા. સોનલને પોતાના ખોળામાં જ બેસાડી દોલતભા બધા જોડે વાતો કરવા લાગ્યા.

‘ચાલો હવે.’ અંતે કંટાળીને દાસ બાપુએ હાક મારી, ‘એમને ભૂખ લાગી હશે, ભાણા, ટાણું થયું છે, પછી મળજો, અત્યારે લગીરે એમને જંપ લેવા દો.’

ટોળું વિખેરાઈ ગયું. આસાન પથરાયા, ઢીચણિયા મુકાયા અને પાટલા ઉપર થાળી વાટકા મંડાણાં. લાપસી પીરસાણી.

‘દાજી, કેટલા વખતે આમ નીચે બેસીને જમવા બેઠો હોઈશ!’

ત્યાં વહુએ લાપસીમાં ઘીનો રેડો કર્યો.

‘અરે અરે.’ આડો હાથ દેતાં દોલતભાઈ બોલ્યા, ‘આટલું બધું ઘી નહીં.’

‘મારા સમ, લો ને દાદા.’ વહુના પ્રેમાળ આગ્રહ આગળ તેઓ ઝૂકી ગયા.

‘અમારે તો વહુ બિચારી નોકરીએ દોડતી હોય તે આપણને ક્યાં જમાડે? ઊલટું આપણે તેના છોકરાને જમાડવો પડે, ધ્યાન રાખવું પડે. મારો ત્રણ વર્ષનો મોન્ટુ મારો બહુ હેવાયો.’ બોલતાં બોલતાં દોલતભાના ચહેરા અને અવાજમાં વહાલપ વરસી રહી અને તેઓ હસી પડ્યા. ‘એ તો જેવો દેશ તેવો વેશ.’

વાત થતી રહી અને જમવાનું ચાલતું રહ્યું. ગરમ ભજિયાં ’ને ખાટી-મીઠી દાળના સબડકા લેવાતા રહ્યા. અંતે ધરવનો ઓડકાર પણ આવી ગયો.

ઢોલિયે આડા પડી બંને અલકમલકની વાતો કરતા રહ્યા. દોલતભા વિદેશને વાણીથી ઠાલવતા રહ્યા અને દાજી બાપુ પહોળી આંખે તેમની ઝોળીમાં ભરતા રહ્યા. દાજી બાપુ મોકો શોધતા રહ્યા, પણ દોલતભાની હાસ્ય સાથેની અસ્ખલિત વાણી એવી જગ્યા જ નહોતી આપતી. મોબાઇલ કાઢી દોલતભાએ ત્યાંના તથા તેના પરિવારના ફોટા બતાવવા મંડ્યા. દાજી બાપુ જોતા જ રહ્યા. તેમને તો એ પ્રદેશ જાણે સ્વર્ગ હોય તેવું લાગ્યું.

‘આટલું સુખ છે દોલત ત્યાં?’ દાજી બાપુએ ઉત્સુકતાથી પૂછ્યું.

ફરી હસી પડ્યા દોલતભા.

‘જો દાજી, ત્યાં છે એ અહીં નથી અને અહીં છે તે ત્યાં નથી.’

‘તો પછી તું અહીં આવી જા ને!’ દોસ્તને નાણી લેવા દાજી બાપુએ પાસો ફેંક્યો.

ફરી ખડખડાટ હસી પડ્યા દોલતભા.

‘હવે અહીં ન ફાવે દોસ્ત, વર્ષો થઈ ગયાં, મારો માળો ત્યાં બંધાઈ ગયો છે.’

દાજી બાપુ મમરો મૂકવા જાય ત્યાં અચાનક બેઠા થતાં દોલતભા બોલ્યા, ‘ચાલ ને ખેતર સુધી આંટો મારી આવીએ. તે બહાને ગામમાં પણ ચક્કર મરાઈ જશે અને વાતો પણ થશે. આરામ તો થઈ ગયો.’

‘ઠીક સારું.’ દાજી બાપુ મનોમન વિચારવા લાગ્યા, ‘તે બહાને રસ્તામાં વાત પણ કરી લઈશ.’

બંને નીકળ્યા. દોલતભા રસ્તે મળતાં બધાને રામ રામ કરતા હતા. દાજી બાપુ તક શોધતા હતા, પણ વાત સરખી પાટે ચડતી નહોતી. કાં કોઈ સામે મળે અને રામ રામ કહેતું ઊભું રહી જાય, તો ક્યાંક વાત બીજે ફંટાઈ જાય. ગામમાં ગમે ત્યાં નીકળતાં ગંદા પાણીને બદલે રસ્તાની બાજુમાં નાની નીક થઈ ગઈ હતી. ક્યાંય હવે ગંદું પાણી ઠેકવાની જરૂર નહોતી તે દોલતભાએ નોંધ્યું, ‘આપણા ગામે સારી પ્રગતિ કરી છે, નહીં? કાચા ખોરડાને બદલે પાક મકાન અને નળિયાને બદલે પાક્કી અગાસીઓ.’

‘હમમમ.’ વિચારમગ્ન દાજી બાપુએ ફક્ત હોંકારો આપ્યો.

સીમમાં પહોંચતાં દોલતભા હળવા મંદ પવનની લહેરખી માણતા કમરભેર ઊભા મોલમાં તણખલાં તોડતા ઊભા રહ્યા. ખેતરમાં એક ગણોતિયો પાણી વાળી રહ્યો હતો અને તેની સ્ત્રી ગાંસડી બાંધી રહી હતી.

દાજી બાપુએ વાત બાંધવાની શરૂઆત કરી, ‘એ ખરેખર ડૉલરિયો દેશ છે, નહીં?’

‘હા દાજી, આપણે ડૉલરિયાની વ્યાખ્યા

સમૃદ્ધ તરીકે કરીએ છીએ ને? એ પૈસાથી પણ ડૉલરિયો છે અને પ્રકૃતિથી પણ ડૉલરીયો. ચારેબાજુ સુંદર રીતે પથરાયેલી પ્રકૃતિ... ચોખ્ખા દરિયા કિનારા, અદ્‌ભુત પહાડો અને હરિયાળીથી છવાયેલ આખો દેશ.'

દાજી બાપુને હવે બરાબર સમય લાગ્યો. વાત બરાબર આગળ વધી રહી છે.

'તે હું શું કહેતો હતો... મારો પ્રકાશ આમ તો હોશિયાર, ધંધો એણે જ સંભાળી લીધો છે, હોશિયાર પણ ખરો અને મહેનતુ પણ ખરો.'

'હા, એ તો મેં પણ જોયું.' તેમની ધૂનમાં દોલતભા બોલ્યા, 'દીકરો વિવેકી અને વહુ માયાળુ અને મીઠડી સોનુ. સરસ ગોઠવાઈ ગયો છે તારો પરિવાર. કહી તે હસી પડ્યા.

'એ તો..' હજી કંઈ બોલવા જાય ત્યાં તો એકાએક દોલતભા બોલી પડ્યા, 'અરે, દાજી, આપણો ભેરુ દેવજી શું કરે છે? ગયા વખતે પણ તેં કહેલ કે તે ક્યાંક મુંબઈ બાજુ છે. તે એના કંઈ ખબર કે સમાચાર?'

'ના, એ તો ગયો તે ગયો, ક્યારેય આ બાજુ આવ્યો જ નથી કે કંઈ ખબર પણ લીધી નથી. જાણે ભૂલી જ ગયો બધાને. માયા મૂકી દીધી આ ગામની.' સહેજ નિરાશા ભળી તેમના અવાજમાં.

'ઓફ.' ફરી વાત ફંટાઈ ગઈ. ફરી સંધાન કરવું પડશે.

'ઠીક છે તેની મરજી.' દાજી બાપુને વિચારમાં ગરકાવ જોઈ હસીને તેના વાંસે ધબ્બો મારતાં કહ્યું, 'આમ પણ ગામનો મોહ રાખવાનો શું અર્થ છે? જીવનમાં પ્રગતિ માટે બહાર તો નીકળવું જ પડે ને!'

'ઓહ' દોલતભા ચમકીને ઝડપથી ખસ્યા. તેમણે પોતાના ઝભ્ભા તરફ જોયું અને પછી ઉપર નજર કરી. ઝાડની ડાળીએ ઝૂલતા કાગડાએ પરાક્રમ કર્યું હતું. દોલતભા હસી પડ્યા.

'દાજી, જો આવું અમારા અમેરિકામાં ન હોય, હોં!' ખિસ્સામાંથી રૂમાલ કાઢી ચરક સાફ કરતાં મરકતા ચહેરે તેઓ બોલ્યા.

'લે, હવે પાછા વળીએ. અંધારું થતાં પહેલાં મારે શહેર પહોંચવાનું છે.'

દાજી બાપુએ એક નિસાસો નાખ્યો અને તેઓ પણ ભારે પગલે પાછા વળ્યા. વળતાં પણ ફરી એ જ સિલસિલો. કોઈ કોઈની દુકાન કે ખોરડે બે બે મિનિટનું દોલતભાનું ઊભું રહેવું, બધાના ખબર-અંતર પૂછવા. આમ જ ઘર આવી ગયું. આમ જ ચા પિવાઈ ગઈ અને સામાન તો કંઈ હતો જ નહીં. દાજી બાપુએ જલેબી અને ગાંઠિયાના બોક્સ દોલતભાને આપ્યા. પ્રકાશ અને વહુ પગે લાગ્યા અને દોલતભાએ ફરી આશીર્વાદ આપ્યા.

'સંભાળીને જજે દોલત, થોડા રસ્તા ખરાબ છે અને...'

'ચિંતા ના કર દોસ્ત.' બોલી દોલત ફરી ભેરુને ભેટી પડ્યા. 'હું તને એમ તો ન કહી શકું કે અમેરિકા મને મળવા આવજે. દેશ બહુ દૂર છે, પણ હું તો જ્યારે દેશ આવીશ ત્યારે તને મળતો રહીશ.' બોલતાં દોલતભાનો અવાજ ભીનો થઈ ગયો.

ફરી છેલ્લી તક લેવા દાજી બાપુ જીવ ઉપર આવી ગયા. ત્યાં ડ્રાઈવરે કારનો દરવાજો ખોલ્યો.

'દોલત.' ઉતાવળે દાજી બાપુ બોલ્યા, 'મારા દીકરાને અમેરિકામાં...'

'હું સમજું છું ક્યારનો, તું શું કહેવા માગે છે.' બોલી તેમણે દાજી બાપુના ખભે હાથ રાખ્યો, બંનેની આંખો મળી. આ વખતે તેઓ સ્વભાવ પ્રમાણે હસ્યા નહીં. દાજી બાપુ તેમની સૂકીભઠ આંખોને જોઈ રહ્યા.

'દોસ્ત, તું ખરેખર નસીબદાર છે. ઝાંઝવાનાં જળ પાછળ દોડવાનું રહેવા દે ભાઈ.' બોલીને તેઓ ઝડપથી કારમાં બેસી ગયા અને ધૂળ ઊડતી કાર ઊપડી ગઈ. ■

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

કથા કોલાજ ૨૦૨૨	: ૪૫ નોંધપાત્ર સ્ત્રી-વ્યક્તિત્વોની રસપ્રદ વાતો	કાજલ ઓઝા વૈદ્ય	₹ ૮૫૦.૦૦
ગુજરાતના સંગીતકારો	: ૪૪ નામી અનામી સંગીતકારોનો પરિચય (રજી સુધારેલી એડીશન)	અભિજિત વ્યાસ	₹ ૧૯૦.૦૦
સરગમ	: ફિલ્મી ગીતો સાથે ૭૦ વધારે રાગોનો પરિચય કરાવતું પુસ્તક (૪થી એડીશવન ૨૦૨૨)	વિમલકુમાર એમ. ધામી	₹ ૧૬૦.૦૦
ફિલ્માકાશ	: બોલતી ફિલ્મોના આરંભ ૧૯૩૧ થી ૧૯૪૧ સુધીના હિંદી સિનેમાની વર્ષવાર યાત્રા	રજનીકુમાર પંડ્યા	₹ ૫૦૦.૦૦
શંકર જયકિશનની સંગીતયાત્રા	: ગુજરાતીમાં પ્રથમવાર પબ્લીશ થયેલું પુસ્તક	અજિત પોપટ	₹ ૩૫૦.૦૦
મુકદમો	: જર્મન સર્જકની અવિસ્મરણીય નવલકથા (સુધારેલી રજી એડીશન ૨૦૨૨)	ફ્રાન્ઝ કાફકા	₹ ૨૫૦.૦૦
વન મિથન સ્ટોરી	: દિલધડક અને રોમાંચક મિશનની નવલકથા	વ્રજલાલ હિરજી જોષી	₹ ૨૦૦.૦૦
તકદીરની રમત	: સસ્પેન્સ નવલકથા	વ્રજલાલ હિરજી જોષી	₹ ૧૭૫.૦૦
વિશ્વશ્રેષ્ઠ નવલકથાઓ	: ન્યૂ એડીશન ૨૦૨૨	યશવન્ત મહેતા	₹ ૫૫૦.૦૦
વિશ્વશ્રેષ્ઠ વાર્તાઓ	: રજી એડીશન ૨૦૨૨	યશવન્ત મહેતા	₹ ૮૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ **ફોન નં.** ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

પ્રસૂન જોશી, સેન્સર બોર્ડ અને કવિન્યાય

પ્રસૂન જોશી.

નામ તો સાંભળેલું લાગતું હશે.

હમણાં ગુમનામીમાં જણાતા આપણા ફિલ્મી ગીતકાર, પટકથા લેખક એ જ પ્રસૂન જોશી. જેમના પ્રોફાઇલમાં તો તેમને કોમ્યુનિકેશન સ્પેશિયાલિસ્ટ પણ ગણાવાયા છે અને વિજ્ઞાપનની જિંગલ્સ બનાવી હોવાથી માર્કેટિંગ સાથે સંકળાયેલા પણ ગણી શકાય. ફિલ્મ અને વિજ્ઞાપન ક્ષેત્રની ટોચની કંપનીઓના બોર્ડમાં તેઓ રહી ચૂક્યા છે, પણ આપણે માટે તો તેઓ હિન્દી ફિલ્મ જગતના આશાસ્પદ અને સંવેદનશીલ ગીતકારોમાંના એક છે, પણ આ બધું જાણે નજીકના ભૂતકાળની બાબત હોય એવું બની ગયું છે. હવે તેઓ હિન્દી ફિલ્મો માટે ભાગ્યે જ ગીત લખે છે. ઘણા સમયથી જાહેરમાં તેમનું નામ પણ ક્યાંય જોવા-સાંભળવા મળ્યું નહોતું. કોરોના સંકટનો દોઢ-બે વર્ષનો સમય ફિલ્મોદ્યોગ માટે તમામ પ્રવૃત્તિઓ સ્થગિત કરી દેનારો બની રહ્યો હતો એ વાત સાચી પણ પ્રસૂન જોશીની ગુમનામીનું કારણ એ નથી. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ ભારતીય ફિલ્મ સેન્સર બોર્ડના ચેરમેન છે અને આ હોદ્દા પર રહેવાને કારણે તેમણે સ્વેચ્છાએ જે મર્યાદાઓ સ્વીકારી છે, તેને કારણે તેઓ ક્યાંય ચર્ચામાં દેખાતા નથી. જે ફિલ્મી કંપનીઓના બોર્ડ ઉપર તેઓ હતા તેમાંથી તેમણે રાજીનામું આપી દીધું. એટલું જ નહીં તો સ્વેચ્છાએ ફિલ્મોમાં ગીત લખવાનું પણ તદ્દન ઓછું કરી નાખ્યું અને આ બધું તેમણે એટલા માટે કર્યું કે જેથી સેન્સર બોર્ડ સમક્ષ આવતી ફિલ્મોને તેઓ નિષ્પક્ષ રીતે ન્યાય આપી શકે.

ફિલ્મ ક્ષેત્ર સાથે સંકળાયેલી કોઈ વ્યક્તિ આ રીતે સ્વેચ્છાએ નૈતિક બંધનો સ્વીકારે એ વાત જ થોડી વિચિત્ર લાગે એવી છે, પણ પ્રસૂન જોશી આવા વ્યક્તિ છે. આપણે તેમની આવી ઓળખને સમજવી જોઈએ, પણ આપણે કહેવું જોઈએ કે સેન્સર બોર્ડના ચેરમેન તરીકે તેમની પોતાની કામગીરી પ્રત્યેનો આ એક પ્રકારનો કવિન્યાય છે. હમણાં ગોવામાં ભારતનો ૫૩મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ યોજાઈ ગયો. તેના એક માસ્ટર ક્લાસમાં તેઓ ઝળક્યા હતા. વિષય હતો - ગીત લખવાની કળા અને કૌશલ્ય. તેને અંગ્રેજીમાં 'આર્ટ એન્ડ ક્રાફ્ટ ઓફ લિરિક રાઇટિંગ' કહે છે. એ વિષયના માસ્ટર ક્લાસમાં ગીતકારની કળા અને કૌશલ્ય વિશેની વાત કરવા ઉપરાંત તેમણે પોતાની કેફિયત રૂપે કેટલીક વાતો પહેલીવાર ઉજાગર કરી એ મહત્ત્વનું છે. તેમણે કહ્યું કે, 'મારા કામમાં હું નિષ્પક્ષ રહેવા ઇચ્છતો હતો અને નિષ્ઠાથી કામ કરવા માગતો હતો. મારી કામ કરવાની આ પદ્ધતિ છે અને એટલે જ જે કંપનીઓના બોર્ડમાં હું હતો તેમાંથી મેં રાજીનામા આપીને સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી.' કવિ કહે છે કે, 'ફિલ્મોદ્યોગમાં મારા અઢળક મિત્રો છે, પરંતુ સેન્સર બોર્ડના વડા તરીકે મારી સમક્ષ રજૂ થતી પ્રત્યેક ફિલ્મને હું ન્યાય આપી શકું અને ન્યાય કરી શકું તે માટે મેં ફિલ્મ ઉદ્યોગથી અને મારા મિત્રોથી અંતર રાખ્યું છે.' જય હો. ક્યા બાત હૈ. કવિની આ વાતને દાદ દેવી પડે. પ્રસૂન જોશી આટલેથી અટકતા નથી. તેઓ કહે છે કે, 'અઢળક મૂડીરોકાણ સાથે બનેલી ફિલ્મ સેન્સર બોર્ડમાં મારી સમક્ષ આવે છે ત્યારે તેની કિંમત ચૂકવીને આવે છે અને તેને ન્યાય આપવા માટે મારે પણ કિંમત ચૂકવવી જોઈએ એ જ મારો ઉદ્દેશ્ય છે.'

સેન્સર બોર્ડ આવા ચેરમેનને મેળવીને ધન્ય થઈ ગયું એવું માનવું પડે. આવો કર્તવ્યબોધ અંતરમાં ધારણ કરનાર ચેરમેન



સેન્સર બોર્ડને કદાચ પહેલાં જ મળ્યા હશે. લોકો તેમને કાંઈ કહે કે પૂછે એ પહેલાં જ જે વ્યક્તિ પોતાની ફરજનિષ્ઠા વિશે આટલી સ્પષ્ટ હોય તેમને માટે ગદ્‌ગદ્ થઈ જવાય છે. માસ્ટર ક્લાસમાં તેમના ઉદ્‌ગારો સાંભળો — મેં ફેક્ટરી મેં તરાશા હુઆ પત્થર નહીં હૂં, મેં નદી કે કિનારે પડા હુઆ પત્થર હું. જિસને પચાસ ઠોકરે ખાઈ હૈ, ઉસકે બાદ ઉસકા આકાર ગોલ હુઆ હૈ. ઐસે હી ગોલ નહીં બન ગયા હું મેં — પોતાની કારકિર્દીના આરંભ વિશે ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું — મારા પરિવારમાંથી કોઈ વ્યક્તિ ફિલ્મલાઇનમાં નથી. કોઈ વ્યક્તિ મારી સાથે મુંબઈ આવી નથી તેમ જ વિજ્ઞાપન જગતમાં પણ હું કોઈને જાણતો નહોતો. મેં મારી જાતે રસ્તો શોધ્યો છે. મૈંને અપની ઠોકરે ખાઈ હૈ ઔર ઇન ઠોકરો કા પ્રભાવ યહ હૈ કી કહીં ગોલાઈ આઈ હૈ ઔર ઉન ગોલાઇયોં કા પ્રભાવ આપ કો દિખતા હૈ — કવિના ઉદ્‌ગારો ફરી સરી પડ્યા અને પછી ફરી પોતાની અસલ વાત ઉપર આવતાં તેઓ પોતાની સામેના માસ્ટર ક્લાસના શ્રોતાઓને કહે છે કે સેન્સર બોર્ડની વિવિધ સમિતિઓમાં અત્યારે સિત્તેર ટકાથી વધુ મહિલા સભ્યો છે. આ વાત ખૂબ જ મહત્ત્વની છે. આ મહિલાઓ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાંથી આવે છે. તેઓમાંથી કેટલીક મા હોય છે, કોઈ બહેન હોય છે, કોઈ જીવનના અંતિમ છેડે પહોંચેલી હોય છે. હું જ્યારે સેન્સર બોર્ડમાં આવ્યો ત્યારે મહિલા સભ્યોનું પ્રમાણ ઘણું ઓછું હતું. તે યોગ્ય નહોતું. મહિલા સભ્યો વધુ પ્રમાણમાં બોર્ડમાં હોય એ એટલા માટે જરૂરી છે કે સમાજને ઘડવામાં અને તેને આકાર આપવામાં મહિલાઓનું પ્રદાન વધારે હોય છે. તેમના ઉપર એ પ્રાકૃતિક જવાબદારી હોય છે એટલે સેન્સર બોર્ડમાં તેમની હાજરીથી હું સંતુષ્ટિ અનુભવું છું. સેન્સર બોર્ડના ચેરમેન આવો સામાજિક દૃષ્ટિકોણ ધરાવતા હોય તે પણ ઓછી મહત્ત્વની વાત નથી. છેલ્લા ઘણા સમયથી સેન્સર બોર્ડના નિર્ણયો બહુ વિવાદાસ્પદ રહ્યા નથી એવું જો આપણને લાગતું હોય તો તેનું કારણ કદાચ આ હોઈ શકે. ■

NK Proteins

ગાંઠિયા કે ગોટા

મારી ચૉઈસ તિરુપતિ, વર્ષોથી

મારા કીચનમાં હંમેશાં જાતભાતની વાનગીઓ બનતી રહે છે. જેવો મારો મૂડ હોય, એ મુજબ કોઈ મસ્ત મજાની વાનગી બને. વાનગી બદલાતી રહે, પણ એ બને એક જ કૂકિંગ ઑઇલમાં, તિરુપતિ કપાસિયા તેલમાં. જે વાનગીને સ્વાદિષ્ટ બનાવે અને રાખે ક્રિસ્પી, કન્ચી અને ફ્રેશ, લાંબા સમય સુધી.
એટલે જ તો મારી ચૉઇસ છે તિરુપતિ, વર્ષોથી!

oneadvt.com

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 43840/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO. AHD-380 002
ON SATURDAY 17-12-2022. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

हर लम्हे में लाए
मस्त ताजगी

Chai Masala
Available in: 50g, 100g & 1kg (Jar)

jspl JHAVERI SPICES PVT. LTD. Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon | Flipkart | JioMart | udaan | bigbasket